કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

**કચ્છ ઉદય**

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૧૬ જૂન, ૨૦૨૬ મંગળવાર

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

◆અંક નંબર : ૦૨૪◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ સુદ-૨ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

કચ્છ ઉદય

અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો

ચેતન રાવલ : 98790 14192

નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS

National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT

Mo.: 98250 35635

# ગુજરાતમાં 'ઓપરેશન ચાઈલ્ડહુડ ફ્રીડમ ' તેજ

## ૮૪ બાળમજુરો મુક્ત કરાયા, ૧૬ ગુનાઓ દાખલ, ૨૬ આરોપીઓ સામે કરાઈ લાલઆંખ, ૬૭ બાળકોનું પુનઃવસન કરાયું, ૧૬૦ કાર્યક્રમો યોજાયા : શ્રી જી એસ મલિક



અમદાવાદ : ઉદ્યોગો અને કારખાનાઓમાં બાળમજૂરો રાખી તેમનું શોષણ કરતા લોકો સામે ગુજરાત પોલીસે રાજયવ્યાપી ''ઓપરેશન ચાઈલ્ડહુડ ફ્રીડમ'' હાથ ધર્યુ છે. આ અભિયાનનાં પ્રથમ ૧૪ દિવસમાં જ સમગ્ર રાજયમાંથી ૮૪ બાળકમજૂરોને મુક્ત કરવામાં આવ્યાં છે તેમને મજૂરીએ રાખી ગુનો આચરતા લોકો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. કુલ ૨૬ આરોપીઓ સામે ૧૬ કેસો કરવામાં આવ્યા છે. આ અભિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનાં નેતૃત્વમાં હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ ''દરેક બાળક શાળામાં હોવું જોઈએ, કોઈપણ બાળક મજુરી કરતું ન હોવું જોઈએ'' તેવો છે. આ અભિયાન અંતર્ગત, પોલીસ દ્વારા સમગ્ર રાજયમાં ઔદ્યોગિક વિસ્તારો, વેપાર સંસ્થાઓ અને બાળ મજુરો રાખતા હોય તેવા એકમો પર દરોડા પાડવામાં આવે છે અને જ્યાં બાળમજૂરો મળે છે ત્યાંથી તેમને મુક્ત કરી આરોપીઓ સામે ગુના દાખલ કરવામાં આવે છે. થોડા દિવસ પહેલા, સુરત શહેરનાં કામરેજ પોલીસ સ્ટેશનનાં અધિકારીઓને મળેલી બાતમીનાં આધારે જય અંબે ટેક્સટાઈલ્સ નામના કારખાનામાં દરોડા પાડ્યા. પોલીસે અહીંથી બે બાળકોને મુક્ત કરાવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, કારખાનાનો માલિક આ બાળકોને રોજ માત્ર રૂા.૨૦૦ જેટલું વેતન આપતો હતો. એટલુ જ નહીં, જો બાળકો કામ કરવાની ના પાડે, તો તેમની સાથે બળજબરી કરતો હતો. આ બાળકો પાસે સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા કામ કરાવવામાં આવતુ. માત્ર એક કલાકનો જ જમવાનો વિરામ આપવામાં આવતો. બાળકોને શારીરિક, માનસિક અને આર્થિક શોષણ સહન કરવું પડતું હતું. પોલીસે આ માસુમ બાળકોનું રેસક્યૂ કરીને તેમનું પુનર્વસન કર્યુ હતું. આ બાળકો ફરીથી શાળાએ જાય તે માટે વ્યવસ્થા કરી. માસુમ બાળકોને મજુરીએ રાખનાર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. રાજ્ય પોલીસ વડા (ડીજીપી) જી.એસ મલિકે જણાવ્યું કે, આ અભિયાન માત્ર રેડ પાડવા પુરતુ સીમિત નથી. પરંતુ મુક્ત કરવામાં આવેલા બાળકોનું પુનર્વસન કરવામાં આવી રહ્યું છે અને ભવિષ્યમાં તેમને નવી જિદગી મળે તેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જી.એસ. મલિકે વધુમાં જણાવ્યું કે, ''ઓપરેશન ચાઈલ્ડહુડ ફ્રીડમ હેઠળ અત્યાર સુધી ૮૪ બાળમજૂરોને મુક્ત (રેસ્ક્યૂ) કરવામાં આવ્યા છે. ૧૬ ગુનાઓ દાખલ કરી ૨૬ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. સાથે જ ૬૭ બાળકોનું પુનર્વસન કરવામાં આવ્યું છે.રાજયભરમાં ૧૬૦ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.'' ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ(મહિલા સેલ)ના અધિક પોલીસ મહાનિર્દેશક અજય ચૌધરીએ જણાવ્યું કે, બાળમજૂરીના કિસ્સાઓ ટેક્સટાઈલ યુનિટો, હોટેલો, રાઈસ મિલો અને નાના ઉદ્યોગોમાંથી મળી રહ્યાં છે. મજુરીમાંથી મુક્ત કરવામાં આવેલા ઘણા બાળકો બિહાર અને રાજસ્થાનથી લાવવામાં આવ્યા છે. પોલાસ આવા કિસ્સાઓમાં સંભવિત ચાઈલ્ડ ટ્રાફિકિંગનાં એન્ગલને પણ તપાસ કરી રહી છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, આ અભિયાન હેઠળ બાળ મજુરો રાખનારા એકમો કે લોકોની સાથે સાથે બાળમજૂરી માટે જવાબદાર કોન્ટ્રાક્ટરો અને સપ્લાય ચેઈન નેટવર્કને તોડી પાડવા પર ધ્યાન

અનુસંધાન પાના નં.૪ પર

# અમેરિકાની પીસ ડીલને ઇઝરાયલનો ઇનકાર!

## નેતન્યાહૂએ કહ્યું ઇરાન સામે અમારું યુદ્ધ ચાલુ રહેશે

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબી ગુપ્ત ચર્ચાઓ બાદ આખરે ઐતિહાસિક શાંતિ સમજૂતી (પીસ ડીલ) પર મહોર વાગી ગઈ છે. પરંતુ અમેરિકાના આ બહુ મોટા વૈશ્વિક નિર્ણયથી તેનો સૌથી પરમ મિત્ર ઈઝરાયલ બિલકુલ ખુશ નથી. ઈઝરાયલે સાફ શબ્દોમાં ચેતવણી આપી દીધી છે કે તે દક્ષિણ લેબેનોનમાંથી કોઈપણ કાળે પોતાની સેના પાછી ખેંચશે નહીં.આ જ જીદના કારણે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ વચ્ચેના ગંભીર મતભેદો હવે આંતરરાષ્ટ્રીય સ્તરે જાહેરમાં આવી ગયા છે.ઈરાન યુદ્ધ દરમિયાન બંને શક્તિશાળી નેતાઓ વચ્ચેના વૈચારિક મતભેદો ખુલ્લા પડી ગયા છે. ખાસ કરીને જ્યારે પ્રમુખ ટ્રમ્પ તેહરાન (ઈરાન) સાથે યુદ્ધવિરામ અને શાંતિ કરાર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે લેબેનોન વિરુદ્ધ ઈઝરાયલની સતત ચાલી રહેલી સૈન્ય આક્રમકતાએ તેમાં મોટો અવરોધ ઊભો કર્યો હતો. ટ્રમ્પ સાથેના પોતાના સંબંધો અંગે ખુલાસો કરતા પીએમ નેતન્યાહૂએ જણાવ્યું કે, ''અમેરિકામાં લોકો એવું કહે છે કે ટ્રમ્પ મારી દરેક વાત માને છે, જ્યારે ઈઝરાયલમાં લોકો એવું વિચારે છે કે હું તેમની દરેક વાત માનું છું. પરંતુ હકીકત એ છે કે આ બંને વાતો તદ્દન ખોટી છે. ઘણીવાર એવું બને છે કે બંને દેશોના વિચારો અને વ્યૂહરચના એક સરખી નથી હોતી.''લેબેનોન અને પરમાણુ ડીલ પર ઈઝરાયલનું કડક વલણ ઈઝરાયલના પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રી ઈઝરાઈલ કોટ્ઝે સ્પષ્ટ કર્યું છે કે દક્ષિણ લેબેનોનમાં

અનુસંધાન પાના નં.૪ પર

## અમેરિકા-ઈરાન વચ્ચે પીસ ડીલ પર ડિજિટલ સહી

(એજન્સી દ્વારા)


નવીદિલ્હી : અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકા-ઈરાન સમજૂતી પૂર્ણ થઈ ગઈ છે અને તેના પર શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં ઔપચારિક હસ્તાક્ષર થશે. ટ્રમ્પે કહ્યું કે અમેરિકી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ કરશે.

ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, એક અમેરિકી અધિકારીએ જણાવ્યું કે ટ્રમ્પ, જેડી વેન્સ અને ઈરાની સંસદ અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલીબાફે ડિજિટલ રીતે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.

# RE-NEET પરીક્ષા પહેલા ભારત સરકારનો મોટો નિર્ણય : ૨૨ જૂન સુધી ટેલિગ્રામ રહેશે બંધ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ભારતમાં પેપર લીકના કારણે રદ થયેલી નીટની પરીક્ષા હવે ફરીથી ૨૧ જૂનના રોજ લેવાશે. તે પહેલા કેન્દ્ર સરકારેએક મોટો નિર્ણય લેતા ભારતમાં ટેલિગ્રામ ચેનલ પર હંગામી રોક લગાવી છે. સરકારે આ નિર્ણય Re-NEET પરીક્ષાના પગલે લીધો છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે સુરક્ષાનો હવાલો આપતા દેશમાં લોકપ્રિય મેસેજિંગ એપ ટેલિગ્રામના એક્સેસ પર ૨૨ જૂન સુધી કડક પ્રતિબંધ લગાવ્યો છે.આ નિર્ણયનું નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ખુલ્લા મને સ્વાગત કર્યું છે જેથી કરીને આ વખતે પરીક્ષાને સંપૂર્ણ રીતે નિષ્પક્ષ અને લીક ફ્રી બનાવી શકાય. NEET (UG) ૨૦૨૬ ની રી એક્ઝામિનેશન ૨૧ જૂનના રોજ નિર્ધારિત છે. તે પહેલા પેપર લીકની અફવાઓ અને ગ્રુપ્સને રોકવા માટે સરકારે ૨૨ જૂન ૨૦૨૬ સુધી ટેલિગ્રામને બ્લોક કરવાનો આદેશ આપ્યો છે.NTAની ભલામણોના આધારે સરકારે આ નિર્ણય લીધો છે. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અધિનિયમ૨૦૦૦ ની કલમ ૬૯એ હેઠળ આ આદેશ બહાર પાડવામાં આવ્યો છે. આ આદેશ હેઠળ ભારતમાં ટેલિગ્રામ પ્લેટફોર્મના એક્સેસને એક નિર્ધારિત અને મર્યાદિત સમયગાળા માટે પ્રતિબંધિત કરાશે. આ પ્રતિબંધ ૨૨ જૂન સુધી રહેશે. ટેલિગ્રામ પ્લેટપોર્મ પર સંપૂર્ણ રીતે અસ્થાયી રોક લગાવવા ઉપરાંત સરકારે એક વધુ મોટો નિર્દેશ જારી કર્યો છે. જે હેઠળ ટેલિગ્રામને ભારતમાં ૩૦ જૂન ૨૦૨૬ સુધી પોતાની મેસેજ એડિટિંગ ફીચર ને સંપૂર્ણ રીતે બંધ કરવાની રહેશે. વાત જાણે એમ છે કે તપાસમાં જાણવા મળ્યું છે કે આ ફીચરનો ખોટો ઉપયોગ કરીને પેપર લીકના ખોટા પુરાવા તૈયાર થઈ રહ્યા હતા. NTAની તપાસમાં જાણવા મળ્યું કે ટેલિગ્રામ પર અનેક એવી ચેનલ્સ ખુલ્લેઆમ એક્ટિવ હતી જે "PAPER LEAKED NEET", "Re-NEET 2026" અને "Private Mafia" જેવા નામથી ચાલતી હતી. આ લોકો ભોળા ઉમેદવારો અને તેમના પરિવારનો અસલી પરીક્ષા પેપર આપવાના નામ પર લાખો રૂપિયા માંગતા હતા. તેઓ ફેક પીડીએફ ફાઈલો શેર કરીને વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતા હતા.નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ સંપૂર્ણ સ્થિતિને સ્પષ્ટ કરતા કહ્યું કે સુરક્ષા ઘેરાથી બહાર એવું કોઈ પણ પ્રશ્નપત્ર હાજર નથી.

# હિન્દુ ધર્મ રજિસ્ટર્ડ નથી : મોહન ભાગવત



ત્રિશૂર (કેરળ) :આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે સંઘના રજિસ્ટ્રેશનની માંગ ફગાવી દીધી હતી અને તેને રાજનીતિ કહી હતી. ભાગવતે કહ્યું હતું કે, હિન્દુ ધર્મ રજિસ્ટર્ડ નથી, ઘણી વસ્તુઓ રજિસ્ટર્ડ નથી હોતી, જે લોકો સરકાર પાસેથી ભંડોળ ઈચ્છે છે તેમને રજિસ્ટ્રેશન કરાવવાની જરૂર રહે છે.ઉલ્લેખનીય છે કે, કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયંક ખરગેએ આરએસએસ સર

અનુસંધાન પાના નં.૪ પર

# ઉદ્યોગોને અવિરત ગતિથી ગુજરાતની પ્રગતિ : સીએમ

## ભરૂચમાં જીએનએફસીના સુવર્ણ વારસાના કાર્યક્રમમાં મુખ્યપ્રધાનનું ઉદબોધન : વિવિધ વિકાસકામોનું કરાયું લોકાર્પણ

ગાંધીનગર : ગુજરાત રાજયમાં ઉદ્યોગની ગતી અવિરત બની રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે અને ગુજરાતની પણ પ્રગતી ઉદ્યોગોની સાથે થઈ રહી છે. આજ રોજ ભરૂચ મધ્યે રાજયના મુખ્યપ્રધાન શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા જીએનએફસીના ૫૦ વર્ષ પૂર્ણ થતા તે અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં સીએમ દ્વારા ઉદ્યોગો માટે સરકારના પ્રયત્નોની વાત કરી હતી. અહી તેઓએ વીવિધ વિકાસકામોનું પણ લોકાર્પણ કર્યુ હતુ.

# રાજ્યમાં યોજાનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે આવતીકાલે ઉચ્ચસ્તરીય બેઠક મળશે

## શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે મંત્રીઓ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અપાશે

ગાંધીનગર : રાજ્યમાં શરૂ થનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ સંદર્ભે આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ ના અધ્યક્ષ સ્થાને એક મહત્વની બેઠક મળશે જેમાં મંત્રીઓ અને તમામ વિભાગોના વડાઓ ઉપસ્થિત રહેશે જેમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે માર્ગદર્શન આપવામાં આવશે અને મંત્રીઓ અને અધિકારીઓને જિલ્લાની ફાળવણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં આગામી ૨૩ મી થી ત્રણ દિવસ માટે શરૂ થનારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે આ વખતે રાજ્યમંત્રી મંડળના મંત્રીઓને તેમના પોતાના જિલ્લાઓમાં જવાબદારીઓ સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવે છે

અનુસંધાન પાના નં.૪ પર

# વિકસિત અને તંદુરસ્ત ભારતના નિર્માણ માટે ગુજરાતમાં Td અને DPT રસીકરણ મહાઅભિયાનનો પ્રારંભ




ગાંધીનગર : ગાંધીનગર મનપા સંચાલિત પી.એમ. બોરીજ સરકારી પ્રાથમિક શાળા ખાતે આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાની ઉપસ્થિતિમાં 'Td અને DPT - ત્રિગુણી રસીકરણ અભિયાન-૨૦૨૬'નો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં ધોરણ ૫ અને ૧૦ ના વિદ્યાર્થીઓ તેમજ ૫ વર્ષ પૂર્ણ

અનુસંધાન પાના નં.૪ પર

# ઉદ્ધવને મોટો ફટકો, કેટલાય નેતા અને પદાધિકારી ગયા એકનાથ શિંદે જૂથમાં

નવી દીલ્હી : મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં એકનાથ શિંદેના ઓપરેશન ટાઈગર અને ઉદ્ધવ ઠાકરેના ઓપરેશન વુલ્ફ વચ્ચે ચાલી રહેલા કોલ્ડ વોરમાં ગરમાવો આવ્યો છે અને હવે શિવસેનાના ઘણા અગ્રણી નેતાઓ ઠાકરે જૂથ છોડી જતા ઉદ્ધવને મોટો ફટકો પડો છે. શિવસેનાના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના નાગપુર શહેર પ્રમુખ નીતિન તિવારી અને અન્ય ઘણા અધિકારીઓ એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા હોવાનું જાણવા મળે છે. નીતિન તિવારી સાથે, શિવસેના શહેર સચિવ, યુવા સેના શહેર પ્રમુખ અને કામગાર સેના શહેર આયોજક સહિત ઘણા અધિકારીઓએ ઠાકરે જૂથ છોડવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ ઉદ્ધવ ઠાકરેની પાર્ટી આ ઓપરેશનનો જવાબ આપવાની તૈયારી કરી રહી છે.

# ઘરનું સપનું મોંઘું બનશે !

## ૧ જુલાઈથી પ્રોપર્ટીના ભાવમાં ઝીંકાશે વધારો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : આર્થિક પાટનગર અમદાવાદમાં ઘર કે ઓફિસ ખરીદવાનું પ્લાનિંગ કરી રહેલા નાગરિકો માટે બજેટ ખોરવાય તેવા સમાચાર છે. ક્રેડાઈ અમદાવાદ હાઉસ ખાતે શહેરના અગ્રણી બિલ્ડરો અને આશરે ૪૦૦થી વધુ સભ્યોની એક હાઈલેવલ બેઠક મળી હતી જેમાં પ્રોપર્ટીના ભાવો વધારવાનો આખરી નિર્ણય લેવામાં આવ્યો છે. બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ આગામી ૧ જુલાઈથી શહેરમાં રિયલ એસ્ટેટના દરમાં ધરખમ ઉછાળો જોવા મળી શકે છે. જોકે ગ્રાહકોને રાહત આપતા એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે આગામી ૩૦ જૂન સુધી ભાવો સ્થિર રાખવામાં આવશે, જે ખરીદદારો માટે જૂના ભાવે બુકિંગ કરાવવાની છેલ્લી તક છે.

# ભારતનું દિશા જહાજ હોર્મુઝની બહાર

## હવે અન્ય ૩૪ જહાજોને લીલીઝંડી મળશે

તહેરાન : અમેરિકા-ઈરાન વચ્ચે સમજુતી થઇ જવા સાથે યુધ્ધ સમાપ્ત થઇ ગયું છે. સમુદ્રી પરિવહન માટેના મહત્વના હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા જહાજો હવે ફટાફટ બહાર નીકળવા લાગવાની આશા બંધાઇ છે. યુધ્ધ સમાપ્તિની જાહેરાત સાથે જ ભારતીય ધ્વજ સાથેનું જહાજ 'દિશા' બહાર આવી ગયું છે. હજુ ૩૪ જહાજો ફસાયેલા છે તે તૂર્તમાં બહાર આવવાની આશા છે.અમેરિકા-ઇરાન યુધ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થતાં 'દિશા' જહાજ ત્રણ માસથી ફસાયેલું હતું.યુધ્ધ ખત્મ થયા બાદ હોર્મુઝમાંથી બહાર નીકળનાર તે પ્રથમ જહાજ બન્યું છે. એલએનજી સાથેનું આ જહાજ ૧૮મી જુને ભારત પહોંચશે. હવે અન્ય ૩૪ ભારતીય જહાજોના બહાર નીકળવાનો માર્ગ પણ મોકળો થઇ ગયો છે. તેલ-ગેસ સાથેના આ જહાજો મુક્ત થવાના સંજોગોમાં દેશમાં સપ્લાય સંકટ દુર થઇ શકે છે.



ગેસનો બગાડ અટકાવો-ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

### પાપ તો છાપરે ચડીને પોકારે જ છે.તે આનુ નામ..!

# કંડલામાં શ્રમિકોના મોતના મામલે બહુચર્ચિત ઈમામી કંપની ફરી વિવાદના ઘેરામાં

**કંપનીનુ ટ્રેડનામ-પ્રોડકટના સ્વાસ્થય લાભો વિશે ગ્રાહકોને ભ્રમીત કરતું હોવાનો આક્ષેપ, ઝિરો મેદાનો ખોટો દાવો કરાયો, લાયસન્સમાં જરૂરી મંજુરીઓ વિના જ ઉત્પાદનો પ્લાન્ટ-આધારિત હોવાની ખોટી છાપ ઉભી કરાઈ : ઈમામી હેલ્થી એન્ડ ટેસ્ટી સહીતની ૮ કંપનીઓને એફએસએસઆઈએની લાગ છે ફટકાર**

**કંડલાની ઇમામી કંપની પર અગાઉ શ્રમિકોના મોતના મામલે ઉઠ્યા હતા સવાલો : હવે એફએસએસઆઈએ લગાવી કડક ફટકાર : ઈમામી કંપની ગ્રાહકો-આમલોકો અથવા શ્રમિકોના સ્વાસ્થય કે જીવની કોઈ જ ચિંતા રાખતી જ ન હોય તેવી બની રહી છે ઘટનાઓ : કંડલામાં શ્રમિકોની સુરક્ષામાં કચાશ રાખતા કમકમાટીભર્યા મોત નિપજયા હતા, હવે ગ્રાહકોના સ્વાસ્થય અને આરોગ્ય સામે ગંભીર લાપરવાહી આવી છે સામે**

ગાંધીધામ : દેશભરમાં ખાદ્ય ઉત્પાદનો (Food Products) પર કંપનીઓ દ્વારા કરવામાં આવતા સ્વાસ્થ્ય અને ગુણવત્તાના દાવાઓ પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) એ લાલ આંખ કરી છે. નિયમનકારી સંસ્થાએ ગ્રાહકોને ગેરમાર્ગે દોરતા બ્રાન્ડ નામો, આકર્ષક ટેગલાઈન અને ઉત્પાદનો વિશે ખોટા દાવા કરવા બદલ દેશની આઠ મોટી ફૂડ કંપનીઓને કડક નોટિસ ફટકારી છે. આ યાદીમાં કંડલા ખાતે કાર્યરત જાણીતી કંપની 'ઈમામી' (Emami) નો પણ સમાવેશ થાય છે, જે તાજેતરમાં જ એક ગંભીર ઔદ્યોગિક અકસ્માત અને શ્રમિકોના મોતના મામલે ભારે વિવાદમાં આવી ચૂકી છે.કંડલામાં શ્રમિકોની સુરક્ષામાં બેદરકારી અને તેના લીધે કામદારોના મોત નિપજયા બાબતે મોટા વિવાદમાં થોડા સમય પહેલા સપડાયેલી ઈમામી કંપની પર આવેલા વધુ એક સકંટની પહેલા જો વાત કરીએ તો FSSAI ના જણાવ્યા અનુસાર, આ કંપનીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા બ્રાન્ડ નામો અને લેબલ દાવાઓ 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬' નું સ્પષ્ટ ઉલ્લંઘન કરે છે. આ દાવાઓ વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલા નથી અને તેનાથી ગ્રાહકોમાં ભારે મૂંઝવણ ઉભી થાય છે. અહી યાદ અપાવી શકાય કે, FSSAIની આ કાર્યવાહી વચ્ચે ગુજરાતના કંડલામાં કાર્યરત ઈમામી કંપની સ્થાનિક સ્તરે પણ મોટા વિવાદમાં સપડાયેલી છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ કંડલા સ્થિત ઈમામી કંપનીના પ્લાન્ટમાં સર્જાયેલી એક મોટી ઔદ્યોગિક દુર્ઘટનામાં ૪ થી ૫ જેટલા નિર્દોષ શ્રમિકોના કરુણ મોત નીપજ્યા હતા. આ ઘટના સમયે કંપનીમાં લેબર લો (શ્રમ કાયદાઓ) અને સુરક્ષાના નિયમોના લીરેલીરા ઉડ્યા હોવાના ગંભીર આક્ષેપો પણ થયા હતા. ૫-૫ શ્રમિકોના જીવ ગયા હોવા છતાં કંપનીની વહીવટી તંત્ર દ્વારા પીડિત પરિવારોને વળતર આપવામાં ભારે આનાકાની અને આળસ કરવામાં આવી હોવાની બાબતે સ્થાનિક સ્તરે ભારે રોષ જગાડ્યો હતો. ઔદ્યોગિક સુરક્ષામાં નિષ્ફળ રહેલી આ કંપની હવે ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તાના માપદંડોમાં પણ FSSAI ની રડારમાં આવી ગઈ છે, જેને કારણે કંપનીની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે.FSSAIનું કડક વલણ પણ સામે આવવા પામ્યું છે. FSSAIએ સ્પષ્ટ કર્યું છે કે ખાદ્ય પદાર્થો પર કરવામાં આવતા તમામ દાવાઓ વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત અને નિર્ધારિત નિયમો મુજબ જ હોવા જોઈએ. ગ્રાહકોના સ્વાસ્થ્ય અને તેમના અધિકારો સાથે રમત કરનાર કોઈ પણ બ્રાન્ડ કે ઓપરેટરને બક્ષવામાં આવશે નહીં અને આગામી દિવસોમાં આ મામલે વધુ કાયદેસરની કાર્યવાહી પણ થઈ શકે છે.

## કચ્છનું વહીવટીતંત્ર-વિવિધ સરકારી વિભાગો કેમ ન આદરે ઈમામી સામે કાયદેસરની કાર્યવાહી?

ગાંધીધામ : સુરક્ષાના નિયમોના ધજાગરા ઉડાવી શ્રમિકોના જીવ લેવા અને ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો કરવી એ બંને ગુનાહિત બેદરકારી સમાન છે. આ મામલે સ્થાનિક પ્રશાસને પોતાની સત્તાનો ઉપયોગ કરી પગલાં ભરવા અનિવાર્ય છે. કચ્છના સ્થાનિક પ્રશાસને શ્રમિકોના માનવ અધિકાર અને ગ્રાહકોના સ્વાસ્થ્ય બંનેની રક્ષા માટે 'ઝીરો ટોલરન્સ' ની નીતિ અપનાવવી પડશે. જો આ તમામ તંત્રો સંયુક્ત રીતે કડક વલણ અપનાવશે, તો જ આવી મોટી કંપનીઓ કાયદાનું પાલન કરતી થશે.

**૧. ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય નિયામકની કચેરી :** - પ્લાન્ટની અંદર ૪ થી ૫ શ્રમિકોના મોત એ ફેક્ટરી એક્ટના સરેઆમ ઉલ્લંઘન તરફ ઈશારો કરે છે.- કાર્યવાહી: DISH તંત્રે તાત્કાલિક ધોરણે કંપનીના કંડલા પ્લાન્ટનું Closure Notice ઈશ્યુ કરવું જોઈએ, એટલે કે જ્યાં સુધી સુરક્ષાના તમામ માપદંડો યોગ્ય ન ઠરે ત્યાં સુધી પ્લાન્ટનું કામકાજ બંધ કરાવવું જોઈએ. : - પ્લાન્ટમાં સુરક્ષાના સાધનો, ઈમરજન્સી એક્ઝિટ અને મશીનરીની સ્થિતિની ઝીણવટભરી તપાસ કરી બેદરકારી બદલ ફેક્ટરી મેનેજર અને માલિકો સામે ફોજદારી ગુનો નોંધવો જોઈએ. **૨. જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી,** કચ્છ - જિલ્લાના વડા તરીકે કલેક્ટરે માનવજિંદગીની કિંમત સમજાવી કડક વલણ અપનાવવું પડશે.- કાર્યવાહી: વળતર ચૂકવવામાં આનાકાની કરતી કંપની સામે કલેક્ટર તંત્ર 'લેન્ડ રેવન્યુ એક્ટ' હેઠળ કડક વસૂલાત ની નોટિસ જારી કરી શકે છે. પીડિત પરિવારોને કંપની પાસેથી ત્વરિત અને યોગ્ય વળતર અપાવવા માટે કલેક્ટરે દબાણ લાવવું જોઈએ.- આ ઉપરાંત, જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે CrPC/BNSS ની કલમો હેઠળ શાંતિ અને સુરક્ષાના જોખમ બદલ કંપનીના ચોક્કસ એકમો સીલ કરવાનો આદેશ આપી શકે છે.

**૩. પોલીસ તંત્ર (કચ્છ પૂર્વ પોલીસ - ગાંધીધામ/કંડલા)** - શ્રમિકોના મોત એ માત્ર અકસ્માત નહીં, પણ ગુનાહિત બેદરકારી હોઈ શકે છે.- કાર્યવાહી: કંડલા પોલીસે માત્ર અકસ્માત મોત નો ગુનો નોંધીને બેસી રહેવાને બદલે, કંપનીના જવાબદાર અધિકારીઓ સામે સાપરાધ મનુષ્યવધ અથવા બેદરકારીથી મોત નીપજાવવા અંગેની કડક કલમો હેઠળ FIR દાખલ કરવી જોઈએ અને જવાબદારોની ધરપકડ કરવી જોઈએ. **૪. શ્રમ અને રોજગાર વિભાગ** - શ્રમિકોના શોષણ અને વળતર ન ચૂકવવાના મામલે શ્રમ વિભાગની ભૂમિકા મુખ્ય છે. કાર્યવાહી: લેબર કમિશનરે કંપનીના લાયસન્સ, શ્રમિકોના વીમા અને કોન્ટ્રાક્ટ પદ્ધતિની તપાસ કરવી જોઈએ. 'વર્કમેન કમ્પેન્સેશન એક્ટ' હેઠળ મૃતક શ્રમિકોના આશ્રિતોને લાખો રૂપિયાનું યોગ્ય વળતર કંપની ચોક્કાસ સમયમર્યાદામાં ચૂકવે તે માટે કોર્ટ ઓર્ડર જેવી કડક નોટિસ ફટકારવી જોઈએ. **૫. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ** - ઔદ્યોગિક એકમોમાં અકસ્માતો ઘણીવાર કેમિકલ કે ગેસ ગળતર અથવા પ્રદૂષણના નિયમો નેવે મૂકવાના કારણે થતા હોય છે. - કાર્યવાહી: GPCB ની સ્થાનિક ટીમે પ્લાન્ટના વેસ્ટ મેનેજમેન્ટ અને એર/વોટર પ્યુરિફિકેશન યુનિટ્સની તાત્કાલિક તપાસ કરવી જોઈએ. જો નિયમોનું ઉલ્લંઘન જણાય, તો એન્વાયરમેન્ટ પ્રોટેકશન એક્ટ હેઠળ કંપનીનું વીજ જોડાણ અને પાણીનું કનેક્શન કાપવાની કાર્યવાહી કરવી જોઈએ. **૬. સ્થાનિક ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA - કચ્છ શાખા)** - FSSAI એ દિલ્હીથી નોટિસ આપી છે, પરંતુ તેના આધારે સ્થાનિક સ્તરે તપાસ કરવાની જવાબદારી ગુજરાતના ખોરાક અને ઔષધ નિયમન તંત્રની છે. કાર્યવાહી: કચ્છના ફૂડ સેફ્ટી ઓફિસર્સે તાત્કાલિક કંડલા પ્લાન્ટમાં બનતા ખાદ્ય ઉત્પાદનો (રસોઈ તેલ વગેરે) ના સેમ્પલ લેવા જોઈએ અને તેને સરકારી લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવા જોઈએ. જો બ્રાન્ડ નેમ પ્રમાણે પ્રોડક્ટ ગુણવત્તાયુક્ત ન માલૂમ પડે, તો કંડલામાં રહેલો માલ જપ્ત (જીડી) કરી બજારમાં વેચાતો અટકાવવો જોઈએ.

## રાષ્ટ્રીય સ્તરે સંસ્કાર સ્કૂલનો ગૌરવવંતો વિજય

**વોકલ ફોર લોકલ, ફિટ ઈન્ડિયા અને ગ્રીન ઈનોવેશન આધારિત પ્રોજેક્ટ્સને મળ્યા ત્રણ ગોલ્ડ અને એક બ્રોન્ઝ સર્ટિફિકેટ**

મુંદરા - કચ્છ ઉદય : મુંદરાની પ્રતિષ્ઠિત સંસ્કાર સ્કૂલના વિદ્યાર્થીઓએ સર્જનાત્મકતા, સંશોધનાત્મક અભિગમ અને સામાજિક જવાબદારીનું અનોખું પ્રદર્શન કરીને રાષ્ટ્રીય સ્તરની પ્રોજેક્ટ સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ અને એક બ્રોન્ઝ સર્ટિફિકેટ મેળવી શાળા, મુંદરા અને સમગ્ર કચ્છનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીઓની આ નોંધપાત્ર સિદ્ધિથી શાળા પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે. દેશભરમાં 'વોકલ ફોર લોકલ-આત્મનિર્ભર ભારત' અને 'ફિટ ઈન્ડિયા-હેલ્ધી ઈન્ડિયા' અભિયાનને પ્રોત્સાહન આપવાના હેતુથી ચાર માસ અગાઉ યોજાયેલા પ્રોજેક્ટ મેળામાં સંસ્કાર સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોને આવરી લેતા પ્રભાવશાળી અને નવીન પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં પરંતુ સ્થાનિક સંસ્કૃતિ, આરોગ્ય અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને પણ પ્રોજેક્ટ્સમાં સુંદર રીતે રજૂ કરી હતી.

'વોકલ ફોર લોકલ' થીમ અંતર્ગત તૈયાર કરાયેલા 'કચ્છી હબ' પ્રોજેક્ટમાં કચ્છની પરંપરાગત કળા, હસ્તકલા અને વિશ્વવિખ્યાત લીપણ આર્ટને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ હેન્ડમેડ પ્રોડક્ટ્સ તૈયાર કરીને સ્થાનિક કારીગરોની કળાને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપ્યો હતો. કચ્છની સાંસ્કૃતિક ઓળખ અને આત્મનિર્ભર ભારતના વિઝનને અસરકારક રીતે રજૂ કરતો આ પ્રોજેક્ટ નિરીક્ષકો અને જજોની વિશેષ પ્રશંસા મેળવવામાં સફળ રહ્યો હતો. 'ફિટ ઈન્ડિયા-હેલ્ધી ઈન્ડિયા' વિષય પર વિદ્યાર્થીઓએ આરોગ્યપ્રદ જીવનશૈલીને પ્રોત્સાહન આપતો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. જેમાં સાત્વિક અને પૌષ્ટિક આહારના મહત્વ, સ્વસ્થ શરીર માટે યોગ્ય ખોરાકની જરૂરિયાત તેમજ ફિટનેસ જાળવવાના વિવિધ ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ 'માસ્ટર મિનિટ' જેવી નવીન રજૂઆત દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિનો સંદેશ પહોંચાડ્યો હતો, જેને પણ ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો.

આ ઉપરાંત 'ગ્રીન વોરિયર્સ' નામના પર્યાવરણલક્ષી પ્રોજેક્ટમાં વેસ્ટ ન્યૂઝપેપર અને અન્ય નકામી સામગ્રીમાંથી ઉપયોગી અને ઈકો-ફ્રેન્ડલી વસ્તુઓ બનાવી 'વેસ્ટ ટુ બેસ્ટ'ની સંકલ્પનાને જીવંત બનાવવામાં આવી હતી. પર્યાવરણ સંરક્ષણ અને પુન:ઉપયોગના મહત્વને ઉજાગર કરતો આ પ્રોજેક્ટ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનના પરિણામે સંસ્કાર સ્કૂલને ત્રણ ગોલ્ડ અને એક બ્રોન્ઝ સર્ટિફિકેટ પ્રાપ્ત થયા હતા. આ સિદ્ધિ બદલ શાળાના ટ્રસ્ટી દીપ્તિબેન દિલીપભાઈ ગોર, પ્રનિતાબેન રઘુવંશી, સ્નેહા કરણ ગોર, પ્રીતિબેન મહેતા, શાળાના આચાર્ય નેહાબેન જોશી તેમજ શિક્ષકમંડળે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, મહેનત અને માર્ગદર્શક શિક્ષકોના સતત પ્રયાસોના કારણે સંસ્કાર સ્કૂલને આ ગૌરવ પ્રાપ્ત થયું છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિએ ફરી એકવાર સાબિત કર્યું છે કે સંસ્કાર સ્કૂલ માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ સંસ્કાર, સર્જનાત્મકતા, સંશોધન અને રાષ્ટ્રીય મૂલ્યોના સંવર્ધન માટે પણ પ્રતિબદ્ધ સંસ્થા તરીકે આગવી ઓળખ ધરાવે છે.

## ભજારભાવ

| ભુજ માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ | |
|---|---|
| ગોવાર | ૪૮૦૦-૫૫૯૨ |
| મગ | ૭૫૦૦-૮૧૫૦ |
| તુવેર | ૫૫૦૦-૬૦૦૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૫૫૦-૨૫૮૦ |
| રાયડો | ૨૭૦૦-૨૭૭૦ |
| ઈશબગુલ | ૩૫૦૦-૪૩૦૦ |
| તલી | ૪૦૦૦-૪૬૫૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ ૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૫૨૦૦-૫૪૯૦ |
| કાળા તલ | ૧૬૮૦૦-૧૭૧૦૦ |
| વરિયાળી | ૭૦૦૦-૭૮૮૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૫૦૦-૨૬૩૯ |
| જીરૂ | ૬૪૦૦-૭૯૨૦ |
| તલ | ૪૨૦૦-૪૭૮૫ |
| ઈશબગુલ | ૪૪૦૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | |
| જીરૂ | ૩૨૦૦-૩૫૦૦ |
| એરંડા | ૧૨૪૦-૧૨૬૦ |
| ગોવાર | ૧૦૨૦-૧૦૪૦ |
| વરિયાળી | ૧૩૬૯ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | |
| એરંડા | ૧૨૬૬-૧૩૧૧ |
| સાખજીરૂ | ૩૨૦૦-૩૪૦૧ |
| ગોવાર | ૧૦૦૦-૧૦૩૦ |
| તલ | ૨૧૦૦-૨૧૨૫ |

| ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ) | |
|---|---|
| ડુંગળી | ૧૮-૨૩ |
| બટેટા | ૧૨-૧૫ |
| ટમેટા | ૪૦-૫૫ |
| મરચા | ૧૫-૪૫ |
| મરચી | ૩૦-૫૫ |
| રીંગણા કાળા | ૫-૧૧ |
| રીંગણા બાજરીયા | ૪-૧૫ |
| કોબી દેશી | ૩-૮ |
| કોબી | ૧૩-૧૫ |
| ફુલાવર | ૧૫-૨૫ |
| ફુલાવર દેશી | ૩૦-૪૦ |
| વટાણા | ૯૦-૧૨૦ |
| ધાણા | ૩૫-૫૦ |
| ભીંડા | ૧૫-૩૦ |
| કાકડી કાળી | ૫-૧૩ |
| કાકડી સફેદ | ૪-૧૦ |
| કાકડી ખીરા | ૧૫-૩૦ |
| પાલક | ૧૨-૨૦ |
| લસણ સુકું | ૮૫-૧૧૫ |
| લીંબુ | ૨૦-૫૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૧૫-૨૫ |
| દુધી | ૫-૧૨ |
| આદુ | ૧૦૦-૧૩૦ |
| કારેલા | ૨૦-૪૦ |
| શક્કરિયા | ૧૫-૨૫ |
| ચોળા ડોલર | ૨૦-૪૦ |
| ચોળા દેશી | ૫૦-૬૦ |
| ગીલોડા | ૨૦-૩૫ |
| મરચા સીમલા | ૭૦-૯૦ |
| ગોવાર દેશી | ૨૦-૬૦ |
| ગીસોડા | ૨૦-૩૦ |
| ગેલકા | ૧૦-૧૫ |
| પરવળ | ૪૦-૬૦ |
| સરગવો | ૨૦-૩૦ |
| કોળુ | ૮-૧૦ |
| બીટ | ૨૦-૩૦ |

| ભુજ ફ્રુટ બજાર | |
|---|---|
| કેળા કાચા | ૫-૧૩ |
| કેળા પાકા | ૧૮-૨૫ |
| પપૈયા કાચા | ૫-૧૨ |
| પપૈયા પાકા | ૧૦-૧૫ |
| જામફળ | ૩૦-૫૦ |
| ચીકુ | ૨૦-૨૫ |
| શક્કરટેટી | ૨૫-૪૦ |
| ફણસી | ૧૦૦-૧૩૦ |
| દાડમ | ૨૦-૬૦ |
| કલીંગર | ૧૦-૧૩ |
| કાચી કેરી | ૧૦-૨૦ |
| કેસર કેરી | ૨૦-૬૦ |
| રાજાપુરી કેરી | ૨૫-૩૦ |

## અમદાવાદમાં આયોજિત ટેબલ ટેનિસમાં ખેલાડીઓનો દબદબો



**વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી પ્રથમ ગુજરાત સ્ટેટ રેક્રિંગ ટુર્નામેન્ટમાં પ્રથા પવારે મહિલા અને અંડર-૧૯નો ખિતાબ જીત્યો**

અમદાવાદ : ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ અને ટેબલ ટેનિસ એસોસિયેશન ઓફ અમદાવાદના ઉપક્રમે, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી યોજાયેલી પ્રથમ ગુજરાત સ્ટેટ રેક્રિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૨૬માં અમદાવાદના ખેલાડીઓનું પ્રભુત્વ જોવા મળ્યું હતું. ટુર્નામેન્ટના અંતિમ દિવસે મહિલા વર્ગમાં પ્રથા પવારે રોમાંચક ફાઈનલમાં ઓઈશિકી જોઆરદારને હરાવીને ચેમ્પિયન બનતા બેવડી સફળતા હાંસલ કરી હતી. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે રમાયેલી મહિલા ફાઈનલમાં પ્રથા પવારે શરૂઆતથી જ મજબૂત રમતનું પ્રદર્શન કર્યું હતું. તેણે પ્રથમ બે ગેમ ૧૬-૧૪ અને ૧૧-૮થી જીતી હતી, જોકે ઓઈશિકી જોઆરદારે જોરદાર વાપસી કરતાં મેચને નિર્ણાયક તબક્કે પહોંચાડી હતી. અંતે સાતમી અને નિર્ણાયક ગેમમાં પ્રથાએ ૧૪-૧૨થી જીત મેળવી ૪-૩થી ખિતાબ પોતાના નામે કર્યો હતો.

પ્રથા પવાર માટે આ ટુર્નામેન્ટ યાદગાર સાબિત થઈ હતી, કારણ કે તેણે અગાઉ જુનિયર ગર્લ્સ (અંડર-૧૯) વિભાગનું ટાઈટલ પણ જીત્યું હતું. સેમિફાઈનલમાં આફ્રિન મુરાદને હરાવ્યા બાદ તેણે ફાઈનલમાં સુરતની દાનિયા ગોદીલને ૪-૧થી પરાજય આપ્યો હતો. જુનિયર ગર્લ્સ (અંડર-૧૭) વિભાગમાં પણ અમદાવાદની મૌબોની ચેટરજીએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે સેમિફાઈનલમાં ભાવનગરની ચાર્મી ત્રિવેદીને ૩-૨થી હરાવી અને ફાઈનલમાં દાનિયા ગોદીલ સામે ૩-૨થી વિજય મેળવી ખિતાબ જીત્યો હતો. યુવા વર્ગોમાં પણ અમદાવાદના ખેલાડીઓનો દબદબો યથાવત રહ્યો હતો. હોપ્સ (અંડર-૯) ગર્લ્સમાં અનાયરા મણિયારે અને હોપ્સ (અંડર-૯) બોયઝમાં સયાંશ ક્રિસ્ટીએ ખિતાબ જીત્યો હતો. કેડેટ (અંડર-૧૩) બોયઝમાં નક્ષ પટેલે ચેમ્પિયન બની અમદાવાદની સફળતામાં વધારો કર્યો હતો. ટુર્નામેન્ટના અન્ય વિભાગોમાં રેહાંશ સિંઘવીએ અંડર-૧૧ બોયઝ, પ્રિશા પરેશે અંડર-૧૧ ગર્લ્સ, ધિમહી કારબરાવાલાએ અંડર-૧૩ ગર્લ્સ, દેવ ભટ્ટે અંડર-૧૫ બોયઝ અને દાનિયા ગોદીલે અંડર-૧૫ ગર્લ્સનો ખિતાબ જીતી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. રાજ્યભરના ખેલાડીઓ વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં યુવા પ્રતિભાઓએ પોતાની કૌશલ્યપૂર્ણ રમતથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

ખાસ કરીને અમદાવાદના ખેલાડીઓએ અનેક વિભાગોમાં વિજય મેળવી શહેરનું રમતગમત ક્ષેત્રે વધતું પ્રભુત્વ ફરી એકવાર સાબિત કર્યું હતું.

## ભુજ કુંભાર જમાત ખાના ખાતે વિદ્યાર્થીઓનું કરાયું સન્માન





ભુજ - કચ્છઉદય : અહીંના કુંભાર જમાત ખાના મધ્યે નોડે સમાજ એજ્યુકેશન ગ્રુપ દ્વારા શિક્ષાને સન્માન આપવા ભુજ તાલુકાના નોડે સમાજના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેહમાન ઉમર ફારૂક, હાજી જુમા ઈશા નોડે, પૂર્વ જિલ્લા પ્રમુખ રાયબ અલી, લૂદિયા વારા, હાજી હાસમભાઈ, જિલ્લા મહામંત્રી ઈમરાનભાઈ, વાગડ પ્રમુખ મોહમ્મદભાઈ, સલીમ મૌલાના, અબ્દુલ મજીદભાઈ, અન્વરભાઈ, સરપંચ કયુંમભાઈ, જાફરભાઈ, હયાતભાઈ, પપૂભાઈ, રાઉભાઈ, મોડભાઈ, સાલે મામદભાઈ, જુમાભાઈ, અલી નોડે, અનવરભાઈ નોડે, અબ્બાસભાઈ, અસરફભાઈ, શબીરભાઈ, હુસેનભાઈ, સના ઉલ્લાભાઈ, હારૂનભાઈ તથા સહિત શિક્ષણ પ્રેમીઓ હાજર રહ્યા હતા.

## કચ્છ જિલ્લામાં ૨૭મી જૂન સુધી હથિયારબંધી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં યોજાનારા ધાર્મિક તહેવારો - મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે કચ્છના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડીયાએ તા.૨૭/૬ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે. આ જાહેરનામા અન્વયે હથિયાર લઈ જવાની ફરજ હોય, પરવાનગી આપી હોય કે અધિકૃત કરી હોય તે સિવાયની કોઈ વ્યક્તિ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પૂર્વે ભુજમાં ભવ્ય કોમન યોગ પ્રોટોકોલ શિબિર યોજાઈ

ભુજ - કચ્છઉદય : ૨૧ જૂનના આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અનુલક્ષીને ભુજના સ્મૃતિવન ખાતે કોમન યોગ પ્રોટોકોલ અભ્યાસ શિબિર યોજાઈ હતી. આયુષ મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય નેચરોપેથી ઓર્ગેનાઈઝેશનના માર્ગદર્શન હેઠળ તથા ગુજરાત નેવલ યુનિટ એનસીસી, ભુજના સહયોગથી આયોજિત કાર્યક્રમમાં યોગપ્રેમીઓ, એનસીસી કેડેટ્સ, આર્મીના જવાનો અને નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિબિરમાં યોગના વૈજ્ઞાનિક અને આરોગ્યલક્ષી લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વહેલી સવારે સ્મૃતિવનના પ્રેરણાદાયી વાતાવરણમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા સાધકોએ સામૂહિક યોગાભ્યાસ કરીને યોગ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય




નેચરોપેથી ઓર્ગેનાઈઝેશનના ગુજરાત રાજ્ય સંયોજક તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જિલ્લા કો-ઓર્ડિનેટર વિજયભાઈ શેઠ, યોગ પ્રશિક્ષક નરેન્દ્રભાઈ વાઘેલા અને યોગેશભાઈ વાઘેલા દ્વારા કોમન યોગ પ્રોટોકોલનું પ્રશિક્ષણ અપાયું હતું. વિજયભાઈ શેઠે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના મહત્વ, યોગની વૈશ્વિક સ્વીકૃતિ અને નિયમિત યોગાભ્યાસના ફાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોચ-ટ્રેનરો, પુનિતવન ગ્રુપની યોગ ટીમ, સ્મૃતિવન ફેન ક્લબના સભ્યો તેમજ ભુજ શહેરના નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. વિવિધ સંસ્થાઓના સાધકો પોતાના ગણવેશમાં ઉપસ્થિત રહીને સામૂહિક યોગાભ્યાસમાં સહભાગી બન્યા હતા. ગુજરાત નેવલ યુનિટ એનસીસી, ભુજ દ્વારા યોગ પ્રશિક્ષકોનું સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

ઓછી આંચે રસોઈ રાંધો-ગેસની મોટી બચત સાંધો
રસોઈ રાંધવામાં પ્રેસર કુકરનો કરો ઉપયોગ

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

**પીજીવીસીએલ તારી વીજળી વેરણ થઇ....**

# અંજારમાં વીજતંત્રના પાપે શહેરના વેપારીઓ ત્રાહિમામ : ધંધા-રોજગારને માઠી અસર



## રવિવારે વહેલી સવારે કામગીરી કરવા વેપારીઓનું સૂચન

અંજાર - કચ્છઉદય : અંજારના વીજ ધાંધિયાથી પરેશાન વેપારીઓએ માત્ર આક્રોશ ઠાલવવાને બદલે તંત્રને એક ખૂબ જ વ્યવહારુ અને રચનાત્મક સૂચન પણ કર્યું હતું. વેપારી અગ્રણીઓએ અધિકારીઓ સમક્ષ જણાવ્યું હતું કે, અઠવાડિયાના ચાલુ દિવસોમાં ગ્રાહકીના સમયે પાવર કાપ કરવાને બદલે દર રવિવારે વહેલી સવારે ૪ થી ૫ કલાક સુધી પ્રી-મોન્સૂનની કામગીરી કરવામાં આવે તો તેનાથી વેપાર-ધંધાને કોઈ નુકસાન નહીં થાય. રવિવારના આ સમયે બજારો બંધ હોવાથી જો વીજ પુરવઠો બંધ રાખીને સમારકામ કરવામાં આવે તો વેપારીઓને કોઈ વાંધો નથી, જેથી તંત્ર આ દિશામાં યોગ્ય આયોજન કરે તે જરૂરી છે.

## અધિકારીઓ ફોન રિસીવ ન કરતા હોવાનો આક્ષેપ

અંજાર - કચ્છઉદય : અંજારના વેપારીઓ અને નગરજનોએ પીજીવીસીએલના અધિકારીઓની કામગીરી સામે વધુ એક ગંભીર આક્ષેપ કર્યો હતો. વેપારીઓએ ઉગ્ર સ્વરે જણાવ્યું હતું કે, જ્યારે પણ શહેરમાં અવારનવાર વીજ પુરવઠો ખોરવાય છે ત્યારે તેની ફરિયાદ કે કમ્પ્લેન નોંધાવવા માટે લોકો અને વેપારીઓ સતત ફોન કરતા હોય છે. પરંતુ કચેરીના જવાબદાર અધિકારીઓ કલાકો સુધી ફોન રિસીવ જ કરતા નથી. તંત્રની આ પ્રકારની ઘોર ઉદાસીનતા અને નકારાત્મક વલણને કારણે ગ્રાહકોમાં ભારે અસંતોષ અને રોષ વ્યાપ્યો છે.

**અવારનવાર પાવર ગુલ થતાં ત્રસ્ત ૧૫૦થી વધુ વેપારીઓએ વીજ વિભાગની કચેરી રામધૂન બોલાવી ગજવી : કાળઝાળ ગરમી વચ્ચે છેલ્લા ચાર મહિનાથી અવારનવાર ખોરવાઈ જતા વીજ પુરવઠા અને પ્રી-મોન્સૂનની કાગળ પરની કામગીરી સામે અંજારના વેપારી મંડળોનો આક્રોશ ભભુક્યો**

અંજાર - કચ્છઉદય : અંજાર શહેરમાં છેલ્લા ચાર મહિનાથી વીજ પુરવઠાના ધાંધિયા ચરમસીમાએ પહોંચ્યા છે, જેના કારણે સ્થાનિક શહેરીજનો અને વેપારીઓ ભારે પરેશાન થઈ રહ્યા છે. ઉનાળાની સીઝન શરૂ થઈ તે પહેલાથી જ શહેરમાં વીજળીની અનિયમિતતાએ માઝા મૂકી છે, જેને લીધે સામાન્ય લોકોનું જીવવું દુષ્કર બન્યું છે. એકતરફ કાળઝાળ ગરમી કાયાને શેકી રહી છે, ત્યારે બીજીતરફ અવારનવાર કોઈ પણ જાતની પૂર્વ સૂચના વગર કલાકો સુધી પાવર ગુલ થઈ જતો હોવાથી લોકોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. વીજળીના આ સતત આંચકાઓને કારણે સ્થાનિકે નાના-મોટા વેપાર ધંધા ભાંગી પડ્યા છે.

આ સતત ઉદ્ભવતી વીજ સમસ્યાથી ત્રાસી ગયેલા અંજાર શહેરના વેપારીઓનો ધીરજનો ઘડો આજે આખરે છલકાયો હતો. વેપારીઓએ એકત્રિત થઈને અંજાર પીજીવીસીએલ કચેરીનો ઘેરાવ કર્યો હતો. અંજારના મુખ્ય ૧૨ મીટર રોડ, ગંગા નાકા અને માલાશેરી સહિતના વિવિધ વ્યાપારી વિસ્તારોમાંથી ૧૫૦થી વધુ વેપારીઓ એકજૂથ થયા હતા. આ તમામ વેપારીઓએ એક થઈને કચેરી સુધી પગપાળા રેલી કાઢી હતી અને વીજ વિભાગની ઘોર બેદરકારી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. કચેરી પરિસરમાં પહોંચીને વેપારીઓએ અધિકારીઓ હાજર નહોતા સામુહિક રામધૂન બોલાવી કચેરીને ગજવી મૂકી હતી. ત્યારબાદ વીજ કચેરી ખાતે અધિકારીઓ આવી જતા અધિકારીઓ સમક્ષ પોતાની વ્યથા અને આક્રોશ ઠાલવ્યા હતા.

છેલ્લા ઘણા દિવસોથી વીજ વિભાગ દ્વારા શહેરમાં પ્રી-મોન્સૂન મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવી હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ કામગીરી માત્ર કાગળ પર જ સીમિત રહી હોય તેમ લાગી રહ્યું છે. વહેલી સવારે જ્યારે વેપારીઓ ગ્રાહકીના આશાવાદ સાથે પોતાની દુકાનો ખોલવા પહોંચે છે, ત્યારે જ લાઈટો ગાયબ થઈ જાય છે. ગ્રાહકોની અવરજવરના મુખ્ય સમયે જ કલાકો સુધી અંધારપટ છવાઈ જતો હોવાથી વેપાર ધંધા ઠપ થઈ ગયા છે. વર્તમાન સમયમાં મોટાભાગના વેપાર આધુનિક મશીનરી અને વીજ ઉપકરણો પર નિર્ભર છે, ત્યારે વીજળી ન હોવાને કારણે તમામ કામકાજ બંધ રાખવાની નોબત આવી છે. વેપારીઓ નિયમિત અને મોટું લાઈટ બિલ ભરતા હોવા છતાં તેમને આવી પ્રાથમિક સુવિધા માટે વલખાં મારવા પડે તે તંત્રની ઘોર નિષ્ફળતા દર્શાવે છે.

શહેરમાં માત્ર પાવર કટ જ નહીં, પરંતુ લો અને હાઈ વોલ્ટેજની ફ્લક્ચ્યુએશનની ગંભીર સમસ્યા પણ માથાનો દુખાવો બની છે. અંજારના અનેક વિસ્તારોમાં વર્ષો જૂના ટ્રાન્સફોર્મર અને જર્જરિત થઈ ગયેલા વીજ વાયરો આવેલા છે, જે અવારનવાર ક્ષતિગ્રસ્ત થઈ જાય છે. આ ટેકનિકલ ખામીઓના કારણે છાશવારે વીજળીના વાંધા સર્જાય છે, જેનાથી વેપારીઓના કિંમતી ઈલેક્ટ્રોનિક ઉપકરણો બળીને ખાખ થઈ જવાનું જોખમ પણ વધી ગયું છે. વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા આ જૂની લાઈનો કે ટ્રાન્સફોર્મર બદલવાની કોઈ તસ્દી લેવામાં આવી નથી.

આજે પીજીવીસીએલ કચેરી ખાતે એકત્રિત થયેલા વેપારી પ્રતિનિધિઓએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે જ્યાં સુધી વીજ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તરફથી આ જટિલ સમસ્યાનો કાયમી અને ઝડપી ઉકેલ લાવવાનું નક્કર આશ્વાસન નહીં મળે, ત્યાં સુધી કોઈ પણ વેપારી આ સ્થળ છોડીને જશે નહીં. વેપારીઓના આ પ્રચંડ ઘેરાવ અને ઉગ્ર મિજાજને જોઈને વીજ કંપનીના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. અધિકારીઓએ વેપારીઓની તમામ ફરિયાદો સાંભળીને જર્જરિત લાઈનો દુરસ્ત કરવા તથા અવારનવાર થતા પાવર કટની સમસ્યાનો વહેલી તકે કાયમી નિકાલ લાવવાની ખાતરી આપી હતી. પરંતુ જો આગામી દિવસોમાં સ્થિતિ નહીં સુધરે તો આ આંદોલન વધુ આક્રમક બનશે તેવા સંકેતો વેપારી આલમ તરફથી આપવામાં આવ્યા છે.

# જનકભાઈ કોટકના પરિવારને સાંત્વના પાઠવતા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા


## પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે સહિતનાઓ પણ સાથે રહયા



ગાંધીનગર:ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ રાજકોટ ખાતે ભારતીય પાર્ટીના વરિષ્ઠ નેતા સ્વ. શ્રી જનકભાઈ કોટકના નિવાસસ્થાને પરિવારજનોની મુલાકાત લીધી હતી. આ મુશ્કેલ અને દુઃખની ઘડીમાં તેમણે શોકગ્રસ્ત પરિવારના સભ્યોને મળીને સાંત્વના પાઠવી હતી.

વિશ્વકર્માએ જણાવ્યું છે કે, સ્વ. જનકભાઈ કોટક પક્ષના એક નિષ્ઠાવાન અને પાયાના નેતા હતા, જેઓ જનસંઘના સમયથી લઈને આજ સુધીની ભાજપની ભવ્ય યાત્રાના સાક્ષી રહ્યા હતા. પક્ષના સંગઠનને મજબૂત કરવામાં અને વિચારધારાને લોકો સુધી પહોંચાડવામાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. રાષ્ટ્ર અને પક્ષ પ્રત્યેનું તેમનું આજીવન સમર્પણ અને યોગદાન ભારતીય જનતા પાર્ટી ક્યારેય નહીં ભૂલે.

# પેપર લીક કાંડ બાદ તંત્ર એલર્ટ, NEETની પરીક્ષામાં ડિસ્પેચથી સેન્ટર સુધી લોખંડી પોલીસ બંદોબસ્ત!



ગાંધીનગર : અગાઉ લેવાયેલી પરીક્ષામાં પેપર લીકની ગંભીર ઘટનાઓ અને વ્યાપક વિવાદ બાદ, હવે રાષ્ટ્રીય સ્તરની મેડિકલ પ્રવેશ પરીક્ષા **'NEET'** ફરીથી યોજવા માટે અમદાવાદ શહેર સહિત સમગ્ર રાજ્યનું વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. આગામી ૨૧ જૂનના રોજ આ મહત્વપૂર્ણ પરીક્ષાનું આયોજન થવા જઈ રહ્યું છે, જેને લઈને આ વખતે પ્રશાસન દ્વારા સુરક્ષાના અભૂતપૂર્વ અને અત્યંત કડક પગલાં લેવામાં આવ્યા છે.

અમદાવાદના કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું હતું કે આ વખતે પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે પેપર લીકની ઘટના ફરી ન બને તે માટે પ્રશાસન સંપૂર્ણપણે સજ્જ અને સતર્ક બન્યું છે. પરીક્ષા કેન્દ્રો પર પોલીસ બંદોબસ્તમાં વ્યાપક વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, પેપરના ડિસ્પેચ સેન્ટરથી લઈને પરીક્ષા કેન્દ્ર સુધીના તમામ રૂટ પર કડક દેખરેખ રાખવામાં આવશે.

સૌથી મહત્વની બાબત એ છે કે, ગોપનીયતા જાળવી રાખવા માટે પેપર ટ્રાન્સપોર્ટ દરમિયાન એક વિશેષ સુરક્ષા ટીમ તૈનાત કરવામાં આવશે. પેપર લોડિંગથી લઈને કેન્દ્ર પર અનબોક્સિંગ સુધીની તમામ પ્રક્રિયાઓ ચુસ્ત પોલીસ પહેરા હેઠળ અને સીસીટીવી કેમેરાની નજરે રાખવામાં આવશે.

ઉમેદવારો સુધી પેપર સંપૂર્ણપણે સુરક્ષિત અને પારદર્શક રીતે પહોંચે તે માટેની તમામ આધુનિક વ્યવસ્થાઓ ગોઠવી દેવામાં આવી છે. અગાઉની ભૂલોમાંથી સબક લઈને આ વખતે પરીક્ષા લેનારી એજન્સી અને સ્થાનિક પોલીસ તંત્ર વચ્ચે કો-ઓર્ડિનેશન રાખવામાં આવશે. પ્રશાસનનો દાવો છે કે વિદ્યાર્થીઓ કોઈપણ ભય વગર અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પોતાની પરીક્ષા આપી શકશે.

## અંજાર નગરપાલિકા દ્વારા કાલે જન કલ્યાણ શિબિર યોજાશે

અંજાર : નગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ નં.૧ થી ૯ના વિસ્તારોના રહેવાસીઓ માટે જન કલ્યાણ શિબિર કાર્યક્રમ તા.૧૭-૬ના બુધવારના સવારે ૧૦:૩૦થી સાંજે ૫ વાગ્યા સુધી નગરપાલિકાના મુખ્ય સભાખંડ ખાતે યોજાશે. રાજ્યમંત્રી ત્રિકમભાઈ બી. છાંગાના અધ્યક્ષ પદે અને નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન શામજીભાઈ ખાંડેકાના વિશેષ ઉપસ્થિતમાં યોજાશે. જેમાં સરકારની વિવિધ યોજનાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવશે. ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયા, ઉપપ્રમુખ પરેશભાઈ માલસતર, પ્રકાશભાઈ લોદરીયા, આશિષભાઈ ઉદવાણી અને ગિરીશભાઈ પરમારે કાર્યક્રમમાં જોડાવા શહેરીજનોને યાદીમાં જણાવ્યું હતું. ઈન્ચાર્જ કચેરી અધિક્ષક નરસિંહભાઈ દાવા અને ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ સહિતના અધિકારીઓ કર્મચારીઓ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# અંજાર માધવરાય મંદિરે અધિકમાસ અમાસના દિવસે અન્નકૂટ યોજાયો



અંજાર : શહેરમાં આવેલા જગત મંદિર માધવરાય મંદિરે અધિકમાસ અમાસના દિવસે અન્નકૂટ યોજાયો હતો. અધિક માસ નો આજે પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે આ પુરુષોત્તમ માસને લઈને શ્રદ્ધાળુઓમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હિંદુ ધર્મમાં પુરુષોત્તમ માસને ખૂબ જ પુણ્યદાયી અને આધ્યાત્મિક રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ ખાસ મહિનો દર ૩ વર્ષમાં એકવાર આવે છે. આ વર્ષે પુરુષોત્તમ માસની શરૂઆત ૧૭ મેથી થઈ હતી. ૧૫ જૂનના ૨૦૨૬ સુધી રહેશે. ધાર્મિક માન્યતાઓ મુજબ, આ મહિનામાં ભગવાન વિષ્ણુની પૂજા, જપ-તપ, દાન-પુણ્ય અને ધાર્મિક અનુષ્ઠાનોનું વિશેષ મહત્વ છે. આ પવિત્ર મહિનામાં વિષ્ણુ પૂજા, જપ-તપ અને કથા શ્રવણનું જેટલું મહત્વ છે, તેટલું જ મહત્વ ખાસ પ્રકારના '૩૩ દાન' નું છે.અધિક માસની આજે મહિનાના છેલ્લાં દિવસે અંજારના માધવરાય મંદિરે અન્નકૂટ દર્શન કરવા ભક્તોનો ઘોડાપુર ઉમટ્યો હતો

# કેબિનેટની બેઠક આવતીકાલે સાંજે ૫:૦૦ વાગ્યે મળશે

ગાંધીનગર : રાજ્યમંત્રી મંડળની કેબિનેટ બેઠક આવતીકાલે સાંજે ૫:૦૦ વાગ્યે મળનાર હોવાનું જાણવા મળે છે. સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમંત્રી મંડળની કેબિનેટ બેઠક સામાન્ય રીતે દર બુધવારે મળતી હોય છે.સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતી કાલે કોઈ અન્ય કાર્યક્રમો સવારે હોય રાજ્યમંત્રી મંડળની કેબિનેટ બેઠક સાંજે ૫ વાગ્યે રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# ભારતીય પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું દેશની તમામ રિફાઈનરીઓ હાલ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે

(એજન્સી દ્વારા) નવી દીલ્હી :ડોનાલ્ડ ટ્રમ્પની યુદ્ધ વિરામની જાહેરાત બાદ વૈશ્રિવક બજાર અને ભારતીય અર્થતંત્રમાં ભારે ઉત્સાહ, હોર્મુઝ સ્ટ્રેટ મુક્ત થતાં ક્રૂડ ઓઈલનો પુરવઠો સામાન્ય થશે. આ વૈશ્રિવક ડીલ બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉર્જા પુરવઠો ફરી સામાન્ય થવાની આશા જીવંત થઈ છે.ભારતીય પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશની તમામ રિફાઈનરીઓ હાલ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે અને દેશમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે દેશમાં ઈંધણનો પુરવઠો સંપૂર્ણપણે સ્થિર છે, જેથી નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

આ વૈશ્રિવક ડીલ બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉર્જા પુરવઠો ફરી સામાન્ય થવાની આશા જીવંત થઈ છે. ભારતીય પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશની તમામ રિફાઈનરીઓ હાલ પૂરી ક્ષમતાથી કામ કરી રહી છે અને દેશમાં ક્રૂડ ઓઈલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે દેશમાં ઈંધણનો પુરવઠો સંપૂર્ણપણે સ્થિર છે, જેથી નાગરિકોએ ચિંતા કરવાની કોઈ જરૂર નથી.છેલ્લા કેટલાક દિવસોમાં દેશના કેટલાક પેટ્રોલ પંપો (રિટેલ આઉટલેટ્સ) પર સામાન્ય કરતાં વધુ ભીડ અને વેચાણ જોવા મળ્યું છે, જે અંગે પણ મંત્રાલયે ખુલાસો કર્યો છે.

આ ભીડનું મુખ્ય કારણ એ છે કે જે ઔદ્યોગિક, વ્યવસાયિક અને સંસ્થાકીય ગ્રાહકો અત્યાર સુધી સીધું બલ્કમાં ઈંધણ ખરીદતા હતા, તેઓ પણ હવે સામાન્ય પેટ્રોલ પંપ પરથી ખરીદી કરી રહ્યા છે. આ બદલાવને કારણે સ્થાનિક રિટેલ આઉટલેટ્સ પર કામચલાઉ ધોરણે ભીડ અને વેચાણમાં વધારો નોંધાયો છે.

# પહેલા પાનાથી...

### ગુજરાતમાં 'ઓપરેશન ચાઈલ્ડહુડ

આપવામાં આવશે.પ્રાથમિક વિશ્લેષણ મુજબ બાળમજૂરી પાછળ ગરીબી અને સ્થળાંતર જેવી બાબતો જવાબદાર છે. બાળ મજુરો સસ્તા પણ પડે છે. બાળમજુરી અટકાવવા માટે પોલીસ શ્રમ વિભાગ, બાળ કલ્યાણ સમિતિ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન કરશે અને આ દૂષણને નાબુદ કરવા કામ કરશે. આ અભિયાન હેઠળ ગુજરાત પોલીસ ૫૦,૦૦૦થી વધુ સ્થળોની તપાસ કરશે અને ૫,૦૦૦થી વધુ બાળમજૂરોને મુક્ત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. બાળ મજુરો રાખતા વેપારીઓ અને ફેક્ટરી માલિકોને બાળમજૂરી કાયદા અને શિક્ષણના મહત્વ વિશે જાગૃત કરવા માટે વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### અમેરિકાની પીસ

ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ સામે લડીને ઈઝરાયલી આર્મીએ જે સેફ્ટી બફર ઝોન બનાવ્યો છે, ત્યાં સેના કોઈ પણ સમયમર્યાદા વિના તહેનાત રહેશે. અમેરિકા ભલે સીઝફાયર કરે, પણ ઈઝરાયલ જેહાદી તત્વો સામેની લડાઈ ચાલુ જ રાખશે.

અમેરિકા-ઈરાન શાંતિ કરાર પર પ્રતિક્રિયા આપતા નેતન્યાહૂએ સોમવારે (૧૫ ત્નેહી ૨૦૨૬) ગર્જના કરી હતી કે, "દુનિયામાં ભલે ગમે તે સમજૂતી થાય, પરંતુ ઈરાન પાસે ક્યારેય પરમાણુ હથિયાર (ર્િંઙ્ઘ્રટ્ઠઙ્ઘ ઊર્ટ્ઠેહ) નહીં આવે. જ્યાં સુધી હું ઈઝરાયલનો પ્રધાનમંત્રી છું ત્યાં સુધી આવું ક્યારેય બનવા નહીં દઉં." નોંધનીય છે કે, ૨૮ ક્ષ્રીહ્વિેટ્ઠિઅ ના રોજ આ યુદ્ધ શરૂ થયું હતું, પરંતુ ઈઝરાયલ આ વર્તમાન શાંતિ સમજૂતીનો ભાગ નથી અને તે પોતાની સુરક્ષા માટે એકલું લડવા પણ તૈયાર છે.

### હિન્દુ ધર્મ રજિસ્ટર્ડ નથી

સંઘ ચાલકને પત્ર લખીને જણાવ્યું હતું કે, આરએસએસએ તેનું રજિસ્ટ્રેશન કરાવવું જોઈએ અને તેની નાણાંકીય સ્થિતિ જાહેર કરીને ટેક્સ ભરવો જોઈએ.ખરગેએ આરએસએસને તેની શતાબ્દી વર્ષ નિમિત્તે અભિનંદન આપતા કહ્યું હતું કે, જો કામદારો, એસોસીએશન્સ, ધાર્મિક સંસ્થાઓ, એનજીઓ, ટ્રસ્ટો, કંપનીઓ અને નાગરિકો પાસેથી રજિસ્ટ્રેશન, ખાતાના ખુલાસા, ઓડિટ અને ટેક્સ ચૂકવવાની આશા રાખી શકાતી હોય તો આ નિયમ આરએસએસને પણ એટલા જ લાગુ પડે છે.જો કે ભાગવતે ખરગેની માંગ ફગાવી દીધી હતી. કેરલના ત્રિશૂટમાં આરએસએસના શતાબ્દી સંપર્ક કાર્યક્રમ અંતર્ગત સભાને સંબોધિત કર્યા બાદ ભાગવત જવાબ આપી રહ્યા હતા.કર્ણાટકના ગૃહમંત્રી પ્રિયંક ખરગેએ આરએસએસના રજિસ્ટ્રેશનની કરેલી માંગના જવાબમાં ભાગવતે કહ્યું હતું કે, સંગઠન પાસે છુપાવવા માટે કંઈ પણ નથી અને તે ખુલી રીતે પોતાની ગતિવિધિ સંચાલિત કરે છે.

### વિકસિત અને તંદુરસ્ત

કરનારાં બાળકોને રસી આપવામાં આવી હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં જે 'શ્રેષ્ઠ ભારત, વિકસિત ભારત, સાંસ્કૃતિક ભારત અને ગુણિયલ ભારત'ના નિર્માણનું સ્વપ્ન જોયું છે. જેની પ્રથમ શરત અને પાયો આપણા તંદુરસ્ત નાગરિકો છે. આ માટે રાજ્ય સરકાર જન-જનના સ્વાસ્થ્ય માટે ચિંતિત છે. એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહે અને માતાનું આરોગ્ય શ્રેષ્ઠ રહે તે માટે આપણું આરોગ્ય તંત્ર અભિયાન સ્વરૂપે એક-એક ઘર અને શાળા તપાસીને રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરી રહ્યું છે. આરોગ્ય મંત્રીએ પોતાના બાળપણની સ્મૃતિઓ વાગોળતાં બાળકોમાં રસીકરણનું મહત્ત્વ સમજાવતા ઉમેર્યું કે પહેલાંના સમયમાં રસી શોધાયા પછી ભારતમાં પહોંચતા વર્ષો નીકળી જતા હતા. જેના કારણે લાખો બાળકો પોલિયો જેવા રોગોનો ભોગ બનીને આજીવન દિવ્યાંગતા સહન કરવા મજબૂર બનતા હતા. પરંતુ, આજે ગ્લોબલાઇઝેશનના યુગમાં વૈશ્વિક સંશોધનો ત્વરિત ભારતમાં ઉપલબ્ધ બને છે. વર્ષ ૨૦૦૭માં પોલિયોનો છેલ્લો કેસ નોંધાયા બાદ શાળાઓ, શિક્ષકો, મીડિયા અને NGOના સંયુક્ત પ્રયાસોથી આપણે પોલિયોને નાબૂદ કરી શક્યા છીએ. તેમણે ગર્વભેર ઉમેર્યું કે તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં શરૂ કરાયેલા ૧૪ થી ૧૫ વર્ષની દીકરીઓને સર્વાઇકલ કેન્સર વિરોધી રસીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં 'નંબર વન' રહ્યું છે. રાજ્યની સાડા પાંચ લાખથી વધુ દીકરીઓને આ રસી આપીને ભવિષ્યના કેન્સરના જોખમ સામે સુરક્ષિત કરાઈ છે. તેમણે બાળકોને જંક ફૂડ ત્યાગીને માતાના હાથનો પૌષ્ટિક આહાર લેવા તથા જમતાં પહેલાં સાબુથી હાથ ધોવાની તંદુરસ્ત આદતો કેળવવા અપીલ કરી હતી. ગુજરાતમાં આ રસીકરણ અભિયાન પૂર્ણ થાય ત્યાં સુધી એક પણ બાળક બાકી ન રહે તે માટે આરોગ્ય વિભાગ સતત કાર્યરત છે અને આ રાષ્ટ્રનિર્માણના કાર્યમાં શિક્ષણ સંસ્થાઓ, શિક્ષકો, મીડિયા અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોની સરાહના પણ કરી હતી. આ અવસરે આરોગ્ય કમિશનર શ્રીમતી રતનકંવર ગઢવી ચારણે સૌનું સ્વાગત કરી, રસીકરણનું મહત્ત્વ સમજાવ્યું હતું અને ઉપસ્થિત માતાપિતાને તેમના બાળકને આ રસી અચૂક અપાવવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા માતાઓ અને બાળકોને ૧૧ જેટલા ઘાતક રોગોથી સુરક્ષિત કરવાના ઉમદા હેતુથી ત્રિગુણી રસી અભિયાનમો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત, રાજ્યની ૪૮,૨૯૫ શાળાઓમાં અંદાજિત ૧૮.૭૫ લાખ બાળકોને આવરી લેવા માટે ૪૮,૫૨૯ ્ઢ રસીકરણ સેશન આયોજિત કરવામાં આવશે. જેના માટે ૯૯૨ RBSK -રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમો કાર્યરત કરાઈ છે.

રાષ્ટ્રીય રસીકરણ સમયપત્રક મુજબ ૫ વર્ષ પૂર્ણ કરનાર બાળકોને DPT - ત્રિગુણી બુસ્ટર રસીનો બીજો ડોઝ આપવામાં આવે છે. આ અંતર્ગત રાજ્યની ૩૮,૭૯૪ બાળવાટિકાઓના અંદાજિત ૫.૮૯ લાખ બાળકોને સુરક્ષિત કરવા માટે ૩૫,૮૧૯ રસીકરણ સેશન્સ યોજાશે.

### રાજ્યમાં યોજાનારા શાળા

અને શાળાઓમાં નવા બાળકોનું નામાંકન કરાવવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી ૨૩મી જૂનથી ત્રણ દિવસ માટે રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ત્યારબાદ શહેરી વિસ્તારમાં બે દિવસ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવશે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં રાજ્યમંત્રી મંડળના મંત્રીઓને અન્ય જિલ્લાઓ ના બદલે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે તેમના પોતાના જિલ્લાઓ ફાળવવામાં આવનાર હોય આ વખતે મંત્રીઓ તેમના પોતાના જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં દર વર્ષે રાજ્ય સરકારના સનદી અધિકારીઓ આઈપીએસ અધિકારીઓ વન વિભાગના અધિકારીઓ ઉપરાંત સચિવાલય કેડરના નાયબ સચિવ કક્ષાના અધિકારીઓને પણ જવાબદારી સોંપવામાં આવે છે. આ વખતે આ અધિકારીઓ ઉપરાંત બોર્ડ નિગમના અધિકારીઓને પણ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માં જવાબદારી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલય કેડર ના નાયબ સચિવ ઉપ સચિવોને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગેની જિલ્લાની ફાળવણી અંગેના હુકમો કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

# ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ જાહેર



**"વિકસિત ગુજરાતથી વિકાસિત ભારત જ૨૦૪૭"ના ધ્યેય સાથે નવી ઔદ્યોગિક નીતિની જાહેરાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ : નવી ઔદ્યોગિક નીતિ માત્ર પ્રોત્સાહનો આપતી યોજના નથી, પરંતુ વર્ષ ૨૦૪૭ના વિકસિત ગુજરાતના વિઝનને સાકાર કરવાનું એક શક્તિશાળી માધ્યમ છેઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી : નવી ઔદ્યોગિક નીતિથી વિવિધ ક્ષેત્રોમાં ૧૫ થી ૪૫ ટકા સુધીના વિવિધ ઇન્સેન્ટિવદ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવશે**

ગાંધીનગર:ગુજરાતને ૨૦૪૭ સુધી જીઙ્ઘ ૩.૫ ટ્રિલિયન અર્થતંત્ર બનાવવા માટેની યાત્રાને ઝડપી બનાવવા માટેના એક નિર્ણાયક પગલા તરીકે, આજે ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ જાહેર કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નવી ઔદ્યોગિક નીતિને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરનાર સર્વગ્રાહી વિકાસ દસ્તાવેજ ગણાવી હતી.તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપમાં ગુજરાતે પોલિસી ડ્રિવન સ્ટેટની ઓળખ પ્રસ્તાપિત કરી છે એટલું જ નહિ, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાઓને પગલે ગુજરાત વિશ્વ ભરના રોકાણકારો માટે બેસ્ટ ચોઈસ ઓફ ઈન્વેસ્ટમેન્ટ અને દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે.

મુખ્યમંત્રી એ ગ્રીન અને સસ્ટેનેબલ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટને આ નીતિનું સૌથી મહત્વપૂર્ણ પાસું ગણાવ્યું હતું. તેમણે ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૬માં ગ્રીન ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, વેસ્ટ વોટર રિસાયક્લિંગ, ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ, ક્લીનર પ્રોડક્શન ટેક્નોલોજી અને સર્ક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન આપ્યું છે તેની વિગતો પણ આપી હતી.

ગુજરાતની આ નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ જે ચાર મજબૂત આધારસ્તંભો પર ઉભી છે તે ઈન્વેસ્ટમેન્ટ અને ઉત્પાદન, ઈનોવેશન અને રિસર્ચ, સ્કિલ એન્ડ એમ્પ્લોયમેન્ટ, સસ્ટેનેબિલિટી એન્ડ ઈક્લુસિવ ડેવલપમેન્ટની પણ તેમણે ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રી એ કહ્યું કે, વિશ્વની ઝડપથી બદલાતી જતી અર્થવ્યવસ્થા, ટેક્નોલોજી, આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ, ગ્રીન એનર્જી અને ગ્લોબલ સપ્લાય ચેઈનની નવી રચના ઉદ્યોગોના સ્વરૂપને બદલી રહી છે ત્યારે ગુજરાતની આ નવી ઔદ્યોગિક નીતિ ભવિષ્યના ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને તેમના અભિપ્રાયો અને માંગણીઓ સંકલિત કરીને તૈયાર કરવામાં આવી છે.

# પુતિનને મોટો ઝટકો : બ્રિટનના કમાન્ડોએ રશિયાના ઓઈલ ટેન્કરને કબજે કર્યું

મોસ્કો : રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની વચ્ચે વૈશ્વિક રાજકારણમાં એક નવો વળાંક આવ્યો છે. બ્રિટિશ સૈન્યે રશિયાને આર્થિક રીતે નબળું પાડવા માટે અત્યાર સુધીનું સૌથી મોટું ઓપરેશન પાર પાડ્યું છે.ઈંગ્લિશ ચેનલમાં રશિયાના પ્રતિબંધિત ઓઈલ ટેક્નર પસ્મિર્ટોસથને ઘેરીને બ્રિટિશ કમાન્ડોએ તેના પર કબજો મેળવી લીધો છે, જેનાથી પુતિનની યુદ્ધ મશીનરીને મોટો આર્થિક ફટકો પડવાની આશંકા છે. બ્રિટનના વડાપ્રધાન કીયર સ્ટારમરે રવિવારે આ સૈન્ય ઓપરેશનની વાત કરતા જણાવ્યું કે, રશિયાની પશેડો ફ્લીટથ વિરુદ્ધ આ એક નિર્ણાયક સુરક્ષા અભિયાન હતું, જે અંદાજે છ કલાક સુધી ચાલ્યું હતું.બ્રિટિશ સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, રોયલ મરીન કમાન્ડો, સશસ્ત્ર દળો અને નેશનલ ક્રાઈમ એજન્સીના વિશેષ અધિકારીઓએ આકાશમાંથી બ્રિટિશ વાયુસેનાના સમર્થન સાથે આંતરરાષ્ટ્રીય જળસીમામાં ઓઈલ ટેક્નર પર દરોડો પાડ્યો હતો. ફ્રાન્સના નજીકના સહયોગથી ચલાવવામાં આવેલા આ ઓપરેશન બાદ હાલમાં ટેક્નરને ઈંગ્લેન્ડના દક્ષિણ તટ પર કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યું છે અને તેના દસ્તાવેજો તેમજ માલિકીના નેટવર્કની તપાસ થઈ રહી છે.

# મેડિકલ સ્ટોર પરથી ડાયરેક્ટ કફ સિરપ ખરીદનારા સાવધાન!

## આરોગ્ય મંત્રાલયે નિયમો બદલ્યા, જાણો નવો આદેશ

નવી દીલ્હી : કેન્દ્ર સરકારે દવાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને એક મોટો નિર્ણય લીધો છે, આરોગ્ય મંત્રાલયે એક મહત્ત્વપૂર્ણ નોટિફિકેશન જારી કરીને સ્પષ્ટ કર્યું છે કે, હવેથી ખાંસી સહિતના તમામ પ્રકારના સિરપ ડૉક્ટરની ચિઠ્ઠી વિના નહીં મળશે. એટલે કે હવે કોઈપણ મેડિકલ સ્ટોર પરથી કફ સિરપ કે અન્ય સિરપ આધારિત દવાઓ ખરીદવા માટે પહેલા ડૉક્ટરની સલાહ લેવી જરૂરી રહેશે.કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે નોટિફિકેશન જારી કરીને જણાવ્યું કે, Drugs (Drugs (5th Amendment) Rules, ૨૦૨૬ લાગુ કરી દેવામાં આવ્યા છે, તેના હેઠળ એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. નવા સુધારા અંતર્ગત હવે ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ના 'શેડ્યૂલ K' માંથી 'Syrups' હટાવી દેવામાં આવ્યું છે.અત્યાર સુધી ડ્રગ્સ રૂલ્સના 'શેડ્યૂલ K' હેઠળ કેટલીક એવી દવાઓ એવી હતી જેને ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના પણ સીધી મેડિકલ સ્ટોર પરથી ખરીદી શકાતી હતી, જેને સામાન્ય ભાષામાં OTC (Over-The-Counter - OTC) દવાઓ કહેવામાં આવે છે. પરંતુ હવે સરકારના નવા નિયમ બાદ કફ સિરપ સહિત તમામ પ્રકારની સિરપ ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના નહીં મળશે.

# વિકાસના લાભો લોકોના દ્વારે પહોંચાડવાનો સરકારનો પ્રયાસ : વિનોદભાઈ ચાવડા









ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા પંડિત દિનદયાલ ઉપાધ્યાય હોલ ખાતે જનકલ્યાણ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં વિવિધ સરકારી વિભાગોની કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ લાભાર્થીઓને સ્થળ પર જ વિવિધ યોજનાઓના લાભો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી, કમિશનર બી.ડી. દવેરા, ડેપ્યુટી મેયર નવિનભાઈ ઝરુ તેમજ સ્થાયી સમિતિના ચેરમેન તેજસભાઈ શેઠ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, "કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે સરકારની પ્રતિબદ્ધતા છે. જનકલ્યાણ શિબિરો દ્વારા સામાન્ય નાગરિકોને એક જ સ્થળે વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ મળી રહે છે, જે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે."

ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે, "સરકાર દ્વારા મહિલાઓ, યુવાનો, ખેડૂતો, શ્રમિકો અને વંચિત વર્ગ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ પ્રકારની શિબિરો લોકો સુધી યોજનાઓની સાચી માહિતી પહોંચાડવા અને તેમને સીધો લાભ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે."

કમિશનર બી.ડી. દવેરાએ જણાવ્યું હતું કે, "નાગરિકોને સરળ, પારદર્શક અને ઝડપી સેવા મળી રહે તે માટે મહાનગરપાલિકા સતત પ્રયત્નશીલ છે. જનકલ્યાણ શિબિર દ્વારા વિવિધ વિભાગોની સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ થતાં લોકોને મોટી રાહત મળી છે."

મેયર દિવ્યાબેન નાથાણીએ જણાવ્યું હતું કે, "ગાંધીધામના દરેક નાગરિક સુધી વિકાસ અને કલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચે તે માટે મહાનગરપાલિકા પ્રતિબદ્ધ છે. જનકલ્યાણ શિબિર લોકો અને સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ બની છે અને વધુને વધુ લોકોને તેનો લાભ મળી રહ્યો છે."

શિબિરમાં મોટી સંખ્યામાં નાગરિકોએ હાજરી આપી વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી મેળવી તેમજ યોજનાકીય લાભો મેળવ્યા હતા.

**ઓવરલોડિંગ મહેસુલ તંત્ર રોકે, જોખમી વાહનો લોકો અટકાવે, આરટીઓ શુ કરે છે ?**

## સુખપર પાસે જોખમી માલ પરિવહન કરતા ટ્રેઇલરને અટકાવાયું

**જાગૃત નાગરિકે ટ્રેઈલરમાં લોડ કરેલા પાઈપ વ્યવસ્થિત બંધાવી અકસ્માત અટકાવ્યો : ક્લિનર વિના દોડતા ભારે વાહનોના કારણે અકસ્માતની વધે છે શકયતા**




ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છમાં ભારે વાહનોના કારણે અકસ્માત વધી રહ્યા છે ત્યારે આજે સવારે ભુજ - માંડવી રોડ પર સુખપર પાસે જોખમી માલ પરિવહન કરતા ટ્રેઈલરને અટકાવાયું હતું. ટ્રેઈલરમાં મોટા પાઈપ લોડ કરાયા હતા જે તમામ એક સાઈડ નમી ગયા હતા. જાગૃત નાગરિકે ગાડી અટકાવી પાઈપ વ્યવસ્થીત કરાવી અકસ્માત નિવારવાના પગલાં ભર્યા હતા જોકે નવાઈની બાબત એ છે કે, પશ્ચિમ કચ્છમાં ઓવરલોડિંગ મહેસુલ તંત્ર રોકે છે જ્યારે જોખમી વાહનો લોકો અટકાવે છે ત્યારે ભુજ આરટીઓ શુ કરે છે તેવો સવાલ ઉઠાવાયો છે. ભુજ-માંડવી હાઈવે પર ટ્રેઈલર અટકાવી પાઈપ વ્યવસ્થિત બંધાવવામાં આવ્યા હતા, ત્યારે ડ્રાઈવરની વેદના પણ સામે આવી છે. તેમના કહેવા મુજબ કંપનીઓ ખર્ચ બચાવવા માટે ક્લિનરની નિમણૂક કરતી નથી, જેના કારણે તમામ ભાર અને જવાબદારી ડ્રાઈવર પર આવી પડે છે. રાત-દિવસ પરિવારથી દૂર રહી લાંબા કલાકો સુધી સતત વાહન ચલાવતા ડ્રાઈવરો શારીરિક અને માનસિક રીતે થાકી જાય છે. જો ક્લિનર ઉપલબ્ધ હોય તો જવાબદારી વહેંચાઈ જાય અને ડ્રાઈવર વધુ સચેત અને સુરક્ષિત રીતે વાહન ચલાવી શકે. હાલમાં કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં મોટાભાગની ટ્રકો અને મહાકાય ટ્રેઈલરો ક્લિનર વગર દોડતી જોવા મળે છે. પરિણામે લાંબી મુસાફરી, શારીરિક થાક, અપૂરતી ઊંઘ અને સતત માનસિક દબાણ વચ્ચે ડ્રાઈવરને એકલા હાથે તમામ જવાબદારીઓ સંભાળવી પડે છે, જે અકસ્માતોની સંભાવના વધારી દે છે. ડ્રાઈવરનું મુખ્ય કાર્ય સુરક્ષિત રીતે વાહન ચલાવવાનું હોય છે, પરંતુ વાસ્તવમાં તેને માર્ગદર્શન, દસ્તાવેજોની દેખરેખ, ટાયરની તપાસ, માલસામાનની સુરક્ષા, લોડિંગ-અનલોડિંગ, રિવર્સિંગ સમયે દિશા આપવી અને જોખમી પરિસ્થિતિનું સંચાલન સહિત અનેક જવાબદારીઓ નિભાવવી પડે છે. સામાજિક કાર્યકર રામજીભાઈ વેલાણીએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને વાહનવ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવી સહિત કચ્છના સાંસદ, ધારાસભ્યો, શિક્ષણ મંત્રી, જિલ્લા કલેક્ટર અને બંને જિલ્લાના પોલીસ વડાઓને રજૂઆત કરી જણાવ્યું છે કે બેદરકારીપૂર્વક દોડતા ભારે વાહનની હડફેટે કોઈ ટુ-વ્હીલર ચાલક આવે તો મજબૂત હેલ્મેટ પણ જીવન બચાવી શકતું નથી. તમામ ભારે વાહનો અને ટ્રેઈલરોમાં ક્લિનરની ફરજિયાત નિમણૂક, જોખમી અને ઓવરલોડ માલસામાનના પરિવહન માટે કડક ધોરણો નક્કી કરવા, આરટીઓ અને પોલીસ દ્વારા નિયમિત ચેકિંગ કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

## મુંદરાના ભોપાવાંઢમાં જન કલ્યાણ શિબિર યોજાઈ




મુંદરા - કચ્છઉદય : મોટી ભુજપુર જિલ્લા પંચાયત સીટમાં સમાવિષ્ટ ગામો માટે ભોપાવાંઢ ગામ ખાતે જન કલ્યાણ શિબિરનું આયોજન મુંદરા પ્રાંત અધિકારી બી.એચ. ઝાલાની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ હતું, જેમાં મામલતદાર કલ્પનાબેન ગોંદિયા, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત સદસ્યો, જુદા જુદા વિભાગોના અધિકારી - કર્મચારીઓ, સરપંચો તેમજ વિશાળ સંખ્યામાં જુદા જુદા ગામોના લાભાર્થીઓ હાજર રહેલા હતા.

આયુષ્માન ભારત યોજના, આયુષ્માન વય વંદના યોજના, નમો યોજના વિગેરે જેવી ૧૫ જેટલી યોજનાઓ સમાવવામાં આવેલ તથા સ્થળ પર લાભાર્થીઓને યોજનાઓનો લાભ આપવામાં આવેલ હતો.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે ગાંધીધામ રેલવે સ્ટેશન ખાતે યોગ કાર્યક્રમ યોજાયો



ગાંધીધામ - કચ્છ ઉદય : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નજીક આવી રહ્યો છે ત્યારે ધ આર્ટ ઓફ લિવિંગ દ્વારા આજે ગાંધીધામ રેલવે સ્ટેશન ખાતે વિશેષ યોગ અને ધ્યાન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ રેલવે કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈને યોગના વિવિધ આસનો, પ્રાણાયામ અને ધ્યાનનો લાભ લીધો હતો.

કાર્યક્રમમાં આર્ટ ઓફ લિવિંગના પ્રશિક્ષકો નરેન્દ્ર કચ્છી અને યાત્રીબેન કચ્છી દ્વારા યોગ અને ધ્યાનનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે યોગ શરીરને સ્વસ્થ બનાવે છે, જ્યારે ધ્યાન મનને શાંતિ અને એકાગ્રતા પ્રદાન કરે છે. યોગ સાથે ધ્યાનનો સમન્વય થતાં તેનો અનુભવ વધુ ઊંડો અને અસરકારક બની જાય છે. ઉપસ્થિત કર્મચારીઓએ પણ આ અનુભવને ખૂબ જ સકારાત્મક અને લાભદાયી ગણાવ્યો હતો.

યોગ સત્ર દરમિયાન કર્મચારીઓએ તણાવમુક્તિ, માનસિક પ્રસન્નતા અને નવી ઊર્જાનો અનુભવ કર્યો હતો. નિયમિત યોગ અને ધ્યાન જીવનમાં શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમના સફળ આયોજનમાં સ્ટેશન પ્રબંધક રાજેશ કુમાર, કલ્યાણ નિરીક્ષક મહાવીરજી તેમજ વિવેક રાવલનો મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમના અંતે સૌએ નિયમિત યોગ અને ધ્યાનને જીવનશૈલીનો ભાગ બનાવી સ્વસ્થ અને સુખી જીવન જીવવાનો સંકલ્પ કર્યો હતો.આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે જો કોઈ સંસ્થા, શાળા, કોલેજ, ઓફિસ, ઉદ્યોગગૃહ અથવા અન્ય સંગઠન પોતાની જગ્યાએ યોગ અને ધ્યાન કાર્યક્રમનું આયોજન કરવા ઈચ્છતું હોય તો ધ આર્ટ ઓફ લિવિંગના પ્રશિક્ષકોનો સંપર્ક કરી શકે છે. વધુ માહિતી તથા આયોજન માટે ૯૪૨૯ ૧૯૮૯૫૧, ૯૮૨૫૧૯૯૮૯૯ તથા ૯૯૭૯૬૪૬૯૧૫ પર સંપર્ક સાધવા વિનંતી. આ સંસ્કરણ અખબાર માટે વધુ વ્યાવસાયિક અને સ્વાભાવિક લાગે તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે.

## રાજ્યકક્ષાની પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં ભુજના બે રમતવીરોએ સુવર્ણચંદ્રક જીત્યા




ભુજ - કચ્છઉદય : તાજેતરમાં સુરત ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં કચ્છ જિલ્લાના ભુજ શહેરના બે સ્પર્ધકોએ શાનદાર પ્રદર્શન કરીને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં ૧૯ વર્ષના દિવ્યાંગ નિત્ય અશોકભાઈ હાથીએ પોતાની કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે, જે જિલ્લા માટે ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે. નિત્ય પગની તકલીફ ધરાવતો હોવા છતાં, તેણે પોતાના અદમ્ય મનોબળ અને સખત પરિશ્રમ થકી આ સફળતા હાંસલ કરી છે. નિત્ય ભુજના પૂર્વ નગરપતિ અશોકભાઈ હાથીનો પુત્ર છે. તેની સાથે જ ડિગ્રીમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી ધારા શર્માએ પણ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં પોતાની ક્ષમતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરીને સુવર્ણચંદ્રક પોતાના નામે કર્યો છે. વિજેતા બનેલા આ બંને આશાસ્પદ રમતવીરોને પાવર લિફ્ટર વત્સલ મહેશ્વરી દ્વારા સઘન તાલીમ અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેના કારણે તેઓ રાજ્ય કક્ષાએ આ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છે.

## ઝોન ગોલાઈ પાસે છરીના અણીએ ટ્રક ચાલકને લૂંટનાર બે આરોપી ઝડપાયા : એક ફરાર



ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ ઝોન ગોલાઈ નજીક સર્વિસ રોડ પર રાત્રિના સમયે ટ્રક ચાલક અને તેના સાથીને છરી બતાવી મોબાઈલ ફોન તથા રોકડ રકમની લૂંટ ચલાવનાર બે આરોપીઓને ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. પોલીસે અકરમ સિદિક બુટા અને અજીત ઉર્ફે નનકો જંગબહાદુર શુકલાની ધરપકડ કરી તેમની પાસેથી લૂંટમાં વપરાયેલી છરી, મોટરસાયકલ, મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે પોલીસે વણશોધાયેલ લૂંટના ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલ વધુ એક આરોપી મામદ બાવલા મથડા હાલ ફરાર હોવાનું સામે આવ્યું છે, જેને ઝડપી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર કાર્યવાહી ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. ગોજીયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી.

### અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ફરી બે જાહેરનામા અમલી

ભુજ : કચ્છમાં કાયદો - વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જિલ્લાની સરકારી કચેરીઓમાં કામસર આવતા લોકોને કોઈ અગવડ ન પડે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પાર્થ કોટડિયા દ્વારા ફરી બે જાહેરનામા અમલી બનાવાયા છે, જે અંતર્ગત જિલ્લા - મધ્યસ્થ તાલુકા સેવા સદનના પરિસરની ૧૦૦ મિટરની ત્રિજ્યામાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ પર બેસવા મનાઈ ફરમાવાઈ છે. આ ઉપરાંત જિલ્લાની સરકારી કચેરીઓમાં ચાર કરતા વધુ વ્યક્તિઓને ભેગા થઈને આવેદન પત્ર આપવા પર રોક લગાવાઈ છે. આ બન્ને જાહેરનામા તા.૨૭-૬ સુધી અમલી રહેશે.

## ભાજપના પીઢ આગેવાન રાજેન્દ્ર ઠક્કરના નિધનથી શોક



મુન્દ્રા : મુન્દ્રા તાલુકા ભાજપનું અસ્તિત્વ શૂન્ય જેવું હતું ત્યારથી સંઘ સાથે જોડાયેલા અને ભાજપને મજબૂત બનાવવા તનતોડ મહેનત અને મજબૂત સંઠન સાથે ગ્રા.પં.માં કારોબારી સભ્ય બનતા રાજેન્દ્ર ઠક્કર (રાજુ સત્યમ)નું આજે સવારે પક્ષીઓને ચણ નાખવા જતા હતા ત્યારે ગાડી સ્લીપ થતા થઈ હતી અને હૃદય રોગનો હુમલો આવતા અદાણી હોસ્પિટલ ખાતે તાત્કાલિક લઈ જવામાં આવ્યું પરંતુ ડોક્ટરોએ તેમને મૃત ઘોષિત કર્યો હતો. પૂર્વ ધારાસભ્ય રમેશ મહેશ્વરી, જીગરભાઈ છેડા તેમના અચાનક નિધનના સમાચાર પ્રસરતા નાના મોટા પક્ષ, વિપક્ષ, મિત્રવર્તુળના લોકો તેમના ઘરે પહોંચ્યા હતા. તેમના નિધનને અ.ક.લોહાણા સમાજના પ્રમુખ સુરેશ ઠક્કર, કિશોર ચોથાણી, અમુલ ઠક્કર, યોગેશ ઠક્કર, રાહુલ દાવડા, રાજુ ચોથાણી, ન.પા.ના પ્રમુખ ભોજરાજ ગઢવી, પૂર્વ પ્રમુખ રચનાબેન જોષી, ડાયાલાલ આહિર, ધર્મેન્દ્ર જેસર, રાજેન્દ્રસિંહ જાડેજા, કા.રો.ધમભા ઝાલા, રાજેન્દ્રસિંહ રાઠોડ, શહેર પ્રમુખ અરવિંદ પટેલ, નયન મહેતા તેમજ મોટી સંખ્યામાં મિત્ર વર્તુળ તેમની સ્મશાનયાત્રામાં જોડાયા હતા. તેમના ભાઈ પ્રકાશ ઠક્કર ન.પાં.ના દંડક તરીકે સેવા આપે છે.

**લીલાશાહ ફાટક અન્ડર બ્રિજના ચાલી રહેલા કામનું ધારાસભ્યએ નિરીક્ષણ કર્યું**




દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજી ના ૧૨ વર્ષ સફળ સુશાસન પૂર્ણ થયાના અવસરે પ્રગતિ પથ યાત્રા અંતર્ગત એલસી -૫ લિલાશાહ ફાટક અન્ડર બ્રિજના ચાલી રહેલા કાર્યની ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ નિરીક્ષણ કર્યું હતું.

## અંજારમાં અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાવાના બનાવ અંગેની પોલીસ તપાસ શરૂ

અંજાર - કચ્છઉદય : અંજાર પોલીસ સ્ટેશન ખાતે અ.મોત નં. ૬૬/૨૦૨૬ બીએનએસએસ કલમ ૧૭૪ મુજબ નોંધાયેલ કેસની વિગત અનુસાર, તારીખ ૧૫/૦૬/૨૦૨૬ ના રોજ સમય કલાક ૬:૦૦/૩૦ થી ૦૦/૪૦ વાગ્યાની વચ્ચે ખાંભરા-૧ વરસામેડી, તા. અંજાર ખાતે એક કરુણ ઘટના બની છે. અહીં રહેતા આશરે ૧૬ વર્ષીય યુવાન યુવરાજભાઇ દેવજીભાઈએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ લેતા તેમનું મરણ નીપજ્યું છે.

આ અંગે રામબાગ હોસ્પિટલ આદિપુરના ડો. શ્રી કિર્તન શાહ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. હાલ મૃતકની લાશને પોસ્ટમોર્ટમ (પી.એમ.) માટે રામબાગ હોસ્પિટલના પી.એમ. રૂમમાં રાખવામાં આવી છે. આ કેસનું ઈક્વેસ્ટ પંચનામું ભરવા માટે મામલતદાર શ્રી ગાંધીધામ નાઓને યાદી પાઠવવામાં આવી છે. ઘટનાની પ્રાથમિક તપાસ એ.એસ.આઈ. કિશોરભાઈ ડોડીયા કરી રહ્યા છે અને આગળની વિગતવાર તપાસ પો.સબ.ઈન્સ. જે.એસ. ચુડાસમા સાહેબને સોંપવામાં આવી છે. આ કેસની સત્તાવાર જાહેરાત એ.એસ.આઈ. જયેશભાઈ ખેંગારભાઈ પરમાર દ્વારા કરવામાં આવી છે.

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in — ફેક્સ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ** — અરજી નં. ૭૨/૨૦૨૬

અરજદારશ્રી ગીતાબેન કનુભાઈ દેવીપુજક
રહે. કાર્ગો ઝુપડા, એકતાનગર, તા.ગાંધીધામ-કચ્છ. ................... અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ- શ્રી અરજદારશ્રી ગીતાબેન કનુભાઈ દેવીપુજક રહે. કાર્ગો ઝુપડા, એકતાનગર, તા.ગાંધીધામ-કચ્છ. ની તા.૧૩/૦૪/૨૦૨૬વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી અરજદારશ્રી ગીતાબેન કનુભાઈ દેવીપુજક, રહે.કાર્ગો ઝુપડા, એકતાનગર, તા.ગાંધીધામ-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેમના પુત્ર શૈલેશ કનુભાઈ દેવીપુજક નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૭ ના રોજ કાર્ગો ઝુપડા, એકતા નગર, તા.ગાંધીધામ-કચ્છ ખાતે થયેલ છે. પરંતુ તેમના પુત્ર શૈલેશ કનુભાઈ દેવીપુજક ની જન્મની નોંધ મહાનગરપાલિકા, ગાંધીધામના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૭૨/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પુત્ર શૈલેશ કનુભાઈ દેવીપુજક ની જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના અને જન્મ ઘરે થવાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૯/૦૬/૨૦૨૬ — એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com — મેજીસ્ટ્રીયલ શાખા — ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ-મરણ/વશી/૨૫/૨૦૨૬ — **જાહેર નોટીસ** — તા. ૦૧/૦૬/૨૦૨૬
મરણ રજી.નં.૨૫/૨૦૨૬
શ્રી રણછોડ ખીમાભાઈ વરીયા
રહે. જંગી, તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
અને તલાટી સહમંત્રીશ્રી જંગી., ........................ સામાવાળા

**વિષયઃ- મરણની નોંધ કરવા અંગે.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના માતા નામે સ્વ. વલીબેન ખીમાભાઈ વરીયા રહે.જંગી, વાળાનું અવસાન તા.૦૧-૦૧-૧૯૮૫ ના રોજ જંગી, તા.ભચાઉ મધ્યે તેમના નિવાસસ્થાને કુદરતી રીતે મરણ થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેમના મરણની નોંધ, જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળા ના મરણ રજીસ્ટરે મરણ નોંધ થઈ શકેલ ન હોય જેથી મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત.તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. — એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.

**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. ધીરજ રવીલાલ શાહ (ઉ.વ. ૫૨)**
સ્વ. તા. ૧૪/૬/ ૨૦૨૬ - ગામ : માતાના મઢ

જીવન એવું જીવી ગયા મોત પણ શરમાઈ ગયું, જે પરિવાર તમારા થકી સદા હસતો હતો, તે પરિવારમાં આજે શૂન્યકાળ વ્યાપી ગયો છે. દરેકના ચહેરાનું હાસ્ય છીનવાઈ ગયું છે.
આપને ગયા આજે ૩ દિવસ પૂર્ણ થયા છતાં આપ દેહથી ભલે દૂર થયા પણ આત્માથી હંમેશા અમારી સમીપ છો. તમારી યાદ હંમેશા જીવંત રહેશે.
મા આશાપુરા તથા શ્રી નાથજી બાવા આપના દિવ્ય આત્માને ચિર : શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

શોકમગ્ન
સ્વ. રવિલાલ ત્રિકમદાસ શાહ પરિવાર
ધીરજ સ્ટોર, હોટલ રેવા
માતાના મઢ

પ્રાર્થનાસભા : તા. ૧૬/૬/૨૦૨૬, મંગળવારે સાંજે ૪ થી ૫
કડવા પાટીદાર સમાજવાડી, માતાના મઢ

# ગાંધીધામમાં ૧.૪૯ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ







**ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન : સંતો-મહંતો અને અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસને વધુ વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે વોર્ડ નંબર ૪ વિસ્તારમાં વિવિધ લોકઉપયોગી વિકાસ કાર્યોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે ભારાપર જાગીરના પૂજ્ય મહંત ભરત દાદા ગુરુ દેવજીદાદાના પરમ સાનિધ્ય સાથે આશીર્વચન પ્રાપ્ત થયા હતા. આ તમામ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન ગાંધીધામ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે કરાયું હતું.

જવાહરનગર, મીઠીરોહર અને પડાણા વિસ્તારના ભીમનાથ મહાદેવ મંદિર ખાતે આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત વિસ્તારમાં અંદાજે ૧,૪૯,૦૦,૦૦૦ ના કુલ ખર્ચે જનસુખાકારીના કાર્યો લોકાભિમુખ કરાયા છે. જેમાં ચાર લાખ રૂપિયાના ખર્ચે પેવર બ્લોકનું કામ, વીસ લાખ રૂપિયાના ખર્ચે ભીમનાથ મંદિર ખાતે શેડ નિર્માણ તેમજ એક કરોડ પચીસ લાખ રૂપિયાના ખર્ચે જવાહરનગર બ્રિજથી ભીમનાથ મંદિર સુધીના સીસી રોડના કામનો સમાવેશ થાય છે. આ સુવિધાઓ ઉપલબ્ધ થતાં સ્થાનિક રહીશોની લાંબાગાળાની સમસ્યાઓનો અંત આવશે.

આ પ્રસંગે કચ્છ જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન અને કોર્પોરેટર ધનાભાઈ હુંબલ, ગાંધીધામ નગરપાલિકાના ડેપ્યુટી મેયર નવીનભાઈ જરુ, તાલુકા ભાજપના કાર્યકારી પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મુરજીભાઈ મ્યાત્રા, બાબુભાઈ ગુજરીયા, પંકજભાઈ ઠક્કર, કોર્પોરેટર બધાભાઈ મ્યાત્રા, કેશવજીભાઈ પરમાર, રૂપલબેન નવીનભાઈ મ્યાત્રા, રાજેન્દ્રસિંહ જાડેજા તેમજ પૂર્વ કારોબારી ચેરમેન ઘેલાભાઈ ચાવડા હાજર રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા ભાજપના પ્રમુખ આનંદભાઈ બાબરીયા, અંજાર તાલુકા ભાજપના પ્રમુખ બી. એન. આહિર, બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ મિતેશભાઈ બાબરીયા, તાલુકા યુવા મોરચાના મહામંત્રી કિરણભાઈ બવા અને યુવા મોરચાના ઉપપ્રમુખ દિલપેશભાઈ હુંબલ સહિત ભાજપ પરિવારના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# મુંબઈમા પરસોતમ માસની પૂર્ણાહુતિ નિમિત્તે ભજન-સત્સંગનું આયોજન



મુંબઈ : પરસોતમ માસની પૂર્ણાહુતિ નિમિત્તે મુંબઈના મુલુન્ડ ખાતે માણેક પરિવાર દ્વારા ભવ્ય ભજન-સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં સચિદાનંદ સંપ્રદાયના પૂજ્ય મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજની પાવન ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન મહંતશ્રીએ સત્સંગીઓ અને ભક્તજનોને ધર્મ, ભક્તિ અને માનવસેવાના માર્ગે ચાલવા માટે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. ભજન-કીર્તનના માધ્યમથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મોટી સંખ્યામાં રસિકજનોએ ઉપસ્થિત રહી સત્સંગનો લાભ લીધો હતો. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. માણેક પરિવારે ઉપસ્થિત તમામ રસિક જનોનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભચાઉના કૈલાસધામ ખાતે ચબુતરાનું લોકાર્પણ



ભચાઉ-કચ્છઉદય : ભચાઉ હિંમતપૂરા રીંગ રોડ પર આવેલ કૈલાસધામ મધ્યે નગરપાલિકા પ્રમુખ અને આગેવાનોના હસ્તે પક્ષીઓ માટે ચબૂતરાનું લોકાર્પણ કરવામાં આવ્યો હતો સાથે કૈલાશધામમાં આગેવાનોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.ભચાઉ શહેરના વિવિધ સમાજના કૈલાસધામ મધ્યે પક્ષીઓને ચણ નાખવા માટે ચબૂતરો બનાવવામાં આવ્યો તેનું લોકાર્પણ નગરપાલિકાના પેથાભાઇ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે ચંદુભાઈ પઢારીયા તથા પ્રવીણભા ગઢવી મહેશભાઈ સોલંકી, અરવિંદપુરી ગોસ્વામી, ખીમપુરી ગોસ્વામી પરીવાર, નરેન્દ્રપુરી ગોસ્વામી, યોગેશભાઈ ગોસ્વામી તથા સમસ્ત કૈલાસધામ સમિતિના સભ્યો હાજર રહ્યા હતા. લોકાર્પણ કાર્યક્રમમાં કૈલાશધામ સમિતિના કાર્યકર્તાઓએ જયમત ઉઠાવી હતી.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | | | | | 9 |
| 9 | | 2 | | 1 | | | | 5 |
| | | | 9 | | 7 | | 1 | |
| | 2 | | | 7 | 9 | 5 | | |
| | | 1 | | | | 2 | | |
| | | 4 | 2 | 6 | | | 9 | |
| | 4 | | 8 | | 3 | | | |
| 2 | | | | 4 | | 1 | | 7 |
| 5 | | | | | 1 | 8 | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 | 6 |
| 4 | 6 | 5 | 1 | 9 | 7 | 8 | 3 | 2 |
| 7 | 3 | 2 | 6 | 8 | 5 | 4 | 1 | 9 |
| 3 | 7 | 4 | 9 | 6 | 1 | 5 | 2 | 8 |
| 8 | 1 | 6 | 7 | 5 | 2 | 9 | 4 | 3 |
| 2 | 5 | 9 | 8 | 4 | 3 | 1 | 6 | 7 |
| 5 | 4 | 7 | 3 | 2 | 8 | 6 | 9 | 1 |
| 6 | 2 | 1 | 4 | 7 | 9 | 3 | 8 | 5 |
| 9 | 8 | 3 | 5 | 1 | 6 | 2 | 7 | 4 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મ.ક.સ.સુ. જ્ઞાતિ મૂળ ડાવરી (રાપર) હાલે ગાંધીધામના હેમલતાબેન મોહનભાઈ કાનજીભાઈ વાઘેલા (ઉ.વ. ૭૭) તે મોહનભાઈ કાનજીભાઈ વાઘેલાના પત્ની, સ્વ. ધરમશી જગશી કાજાણીના પુત્રી, રસિકભાઈ મોહનભાઈ વાઘેલા, દમયંતીબેન ભરતભાઈ લીંબડ (ભુજ), હંસાબેન મનસુખભાઈ પરમાર (ભુજ), રંજનબેન અનિલભાઈ ગોહિલ (માધાપર), ઉર્મિલા મહેશભાઈ સોલંકી (અંજાર), હીનાબેન ધર્મેશભાઈ સોલંકી (રાજકોટ), જિજ્ઞાબેન નીતિનભાઈ ડાભી (અંજાર)ના માતા, સ્વ. દેસરા અજા વાઘેલા, સ્વ. લાખા અજા વાઘેલા, સ્વ. કાનજી અજા વાઘેલા, સ્વ. ભૂરા અજા વાઘેલા, સ્વ.વેલજી માલુ વાઘેલાના પુત્રવધૂ, પ્રભુ કાનજી વાઘેલા, રમણીક કાનજી વાઘેલા, પ્રવીણ કાનજી વાઘેલા, કુંવરબેન છગનલાલ (રાપર), ગોદાવરીબેન છગનલાલ (રવ), ગંગાબેન મોહનલાલ (ભચાઉ), સ્વ. પ્રભાબેન ગોકળભાઈ (થાણા મુંબઈ), સંતોકબેન મનસુખભાઈ (ગાંધીધામ), કેશુભાઈ ભુરાભાઈ (ભચાઉ), નારણભાઈ ભુરાભાઈ (ભચાઉ)ના ભાભી, મૌનાબેન રસિકભાઈ વાઘેલાના સાસુ, કિંજલ, શોર્યના દાદી તા. ૧૪-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૬ના મંગળવારે સાંજે ૫થી ૬ લાયન્સ ક્લબ, ગાંધીધામ ખાતે.

**અંજાર** : ત્રિકમદાસ (પપ્પુ સાહેબ) દેવચંદભાઈ સોઢા (ઉ.વ. ૭૦) તે સ્વ. દીવાળીબેન દેવચંદભાઈ (વૈધ) સોઢાના પુત્ર, સ્વ. પ્રેમજીભાઈ, સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. ગિરધરલાલ (દેશી દવાવાળા), સ્વ. હીરાબેન હર્ષદરાય પલણ (મીરજ), સ્વ. નેણાબેન રણછોડદાસ પલણ, મુક્તાબેન નાનાલાલ મજેઠિયા (કંડલા)ના ભાઈ, લક્ષ્મીબેન પ્રેમજીભાઈ, શાંતાબેન વિઠ્ઠલદાસ, ઉર્મિલાબેન ગીરધરલાલના દિયર, દિનેશ, ભરત, ભૂપેન્દ્ર, હિતેષ (એ ટુ ઝેડ), નરેન્દ્ર, સુનીલ, જયેશ (નીરામય), જયાબેન મનસુખલાલ ગણાત્રા, નીતાબેન અશ્વિનકુમાર પૂજારા (રાજકોટ), શોભનાબેન હસમુખભાઈ કોડરાણી, માલતીબેન મનીષભાઈ પલણ (ભુજ), હસ્તાબેન પ્રમોદકુમાર કોટેચા, જયશ્રીબેન રાજેશભાઈ પૂજારા (આદિપુર), હર્ષાબેન રૂચિરભાઈ સોમેશ્વર (ભુજ), ડીમ્પલ આશિષકુમાર ચંદેના કાકા, સ્વ. મોહનભાઈ પલણ (જી.ઈ.બી.), સ્વ. વિનોદભાઈ, નીતિનભાઈ, રાજેશભાઈ (કંડલા), જાગૃતિબેન વિજયભાઈ માથકિયા (હૈદરાબાદ), અનિલભાઈ, રંજનબેન રાજુભાઈ ચોથાણી, નલીન (મીરજ), સ્વ. અરૂણભાઈ (મીરજ)ના મામા, કિરણબેન (વડોદરા), ભાવનાબેન, સ્વ. રક્ષાબેન, જિજ્ઞાબેન, જ્યોત્સનાબેનના કાકાજી સસરા, સ્નેહા મુકેશકુમાર (વડોદરા), કૃપા લવકુમાર (વડોદરા), બાદલ, યશ, ધ્રુવી જીતકુમાર પલણ, શ્લોક, રેયાન, વિહાનાના દાદા તા. ૧૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૬ના મંગળવારે સાંજે ૫થી ૬ અંજાર લોહાણા મહાજનવાડી, સવાસર નાકા, અંજાર ખાતે (ભાઈઓ - બહેનોની સાથે) (લૌકિક વ્યવહાર બંધ છે).

**ભુજ** : જયાબેન ખીમજી માલમ (ખારવા) (ઉ.વ. ૭૧) (પિગ્મી એજન્ટ, કેનરા બેંક - ભુજ) તે સ્વ. હીરાબેન ખીમજી માલમના પુત્રી, મોહનલાલ (માંડવી), અશ્વિન, હરીશ (માધાપર), સ્વ. બિપિન, ઈલાબેન, લક્ષ્મીબેન (લંડન)ના બહેન તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૬ના મંગળવારે સાંજે ૫થી ૬ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર સત્સંગ હોલ, નિર્મલસિંહની વાડી, ભાનુશાલી નગર, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ)** : નાયા ફાતિમા (ભચીબાઈ) મામદ હુસૈન (ઉ.વ. ૫૮) તે મામદ હુસૈન સુલેમાન નાયાના પત્ની, મ. ચૌહાણ અલીમામદ આદમ લધાના પુત્રી, નાયા કાસમ, નાયા સૌકતના માતા, મ. ચૌહાણ આમદ, ચૌહાણ અબુના બહેન, ચૌહાણ સાલેમામદ સુલેમાન (તુંબડીવાળા)ના ભાણેજી તા. ૧૪-૬ના અવસાન પામ્યાછે. વાયેઝ - જિયારત તા. ૧૭-૬ના બુધવારે સવારે ૧૦થી ૧૧ મુસ્લિમ જમાતખાન, માધાપર ખાતે.

**મુંદરા** : ખત્રી ખતુબાઈ યુસુફ બિદડાઈ (ઉ.વ. ૭૮) તે બિલ્કિશ અલીમોહમદ (ભુજ) (અફરોજ ડાઈંગ)ના માતા, ઝાકીર, અબ્દુલ લતીફ, અબ્દુલ અઝીઝના ફઈ, સરફરાઝ, રમીઝના નાની તા. ૧૫-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૭-૬ના બુધવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ ખરોત દરગાહ કમ્પાઉન્ડ, મુંદરા ખાતે.

**નવીનાળ (તા. મુંદરા)** : વાછિયા લધાભાઈ બાનાયત (ગઢવી) તે સ્વ. લધા ડાયા બાનાયત (ગઢવી) અને સ્વ. કામઈબાઈના પુત્ર, લક્ષ્મણભાઇ, કાનાભાઇ, કરશનભાઇ, રામભાઇ, નારાણભાઇ, ભાણબાઈબેન, ભારઈબેન, કમશ્રીબેન, પુરબાઈબેનના ભાઈ, કમશ્રીબેનના પતિ, અરજણ વાછિયા બાનાયત (ગઢવી)ના પિતા, લાછબાઈ અરજણ બાનાયત (ગઢવી)ના સસરા, લક્ષ્મણ, પત્રામલ, હાંસબાઈ, લક્ષ્મી, વીરબાઈ, નાગશ્રી, માલશ્રીના દાદા તા. ૭-૬ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા / પાણી તા. ૧૭-૬ના બુધવારે.

**ગુંદાલા (તા. મુંદરા)** : કમળાબેન પ્રેમગર ગુંસાઈ (ઉ.વ. ૮૫) તે સ્વ. પ્રેમગર શંકરગરના પત્ની, સ્વ. મંગલગર, સ્વ. શિવગર, સ્વ. શાંતાબેન માધવગર (મીઠીરોહર), ગં.સ્વ. બચુબેન દયાલગર (જ. કોટડા)ના ભાભી, ગં.સ્વ. હંસાબેન (મુંદરા), સ્વ. મણિબેનના જેઠાણી, મહેશગર, હસમુખગર, વરશીલાબેનના માતા, રમેશગર, અનુબેન (અંજાર), ભરતગર, સ્વ. અશ્વિનાબેન, સરલાબેન, અરવિંદગર, સુરેખાબેનના મોટીમા, ભગવતીબેન, રંજનબેન, જવેરગરના સાસુ, શૈલેષગર, રીનાબેન ભાવેશગર, વૈશાલીબેન, મિત્તલબેન, રિદ્ધિબેન, સ્વ. જયેન્દ્રગર, સ્વ. બ્રિજેશગર, રિદ્ધિબેનના દાદી, કલ્પનાબેન, ઉર્વીબેન, સ્વ. રંજનાબેનના દાદીસાસુ, હરદીપ, જિજ્ઞાબેન, સોનલબેન, હર્ષિદાબેન, પૂજાબેન, મમતાબેનના નાની, પ્રેમગર કુંવરગર (ખેડોઈ)ના પુત્રી, માધવગર, નારાણગર, મહાદેવગર, ચંચલગર, અમૃતબેન (ખેડોઈ), નર્મદાબેન (કુકમા)ના બહેન તા. ૧૪-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૬ના મંગળવારે ૪થી ૫ લોહાણા સમાજવાડી, ગુંદાલા ખાતે.

**મેરાઉ (તા. માંડવી)** : કુંભાર આમદ જુસબ (ઉ.વ. ૫૩) તે સાલેમામાદ, ઈબ્રાહિમ, ઈસ્માઈલ, રજાકના ભાઈ, અલીમામદ, આદમ, અબ્દુલના કાકાઈ ભાઈ તા. ૧૫-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૭-૬ના બુધવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ મુસ્લિમ જમાતખાના, મેરાઉ ખાતે.

**વિથોણ (તા. નખત્રાણા)** : લુહાર મરિયમબાઈ (ઉ.વ. ૭૮) તે લુહાર ઈબ્રાહિમ મીઠુ (ગુજરાતવાળા)ના પત્ની, અબ્દુલા, ઈસ્માઈલ, ગની, જાફરના માતા, અકબર, ઈમરાન, ઈરફાન, રહેદાન, રેહાનના દાદી, લુહાર હુસન મીઠુ, હાજી આમદ મીઠુ, જુસબ મીઠુ, અલીમામદ મીઠુના ભાભી, લુહાર ઈશાક ફકીરમામદના સાસુ તા. ૧૪-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૭-૬ના બુધવારે સવારે ૧૦ વાગ્યે મુસ્લિમ જમાતખાના, વિથોણ ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન ડોણના સુંદરબેન મુલચંદ શામજી છેડા (પ્રિન્સ) (ઉં. વ. ૮૭) તા. ૧૪-૬ના અરિહંત શરણ પામ્યા છે. લાછબાઈ શામજી કોરશીના પુત્રવધૂ. મુલચંદભાઈના પત્ની. મનીષ, જ્યોતિ, કિરણના માતા. ભારાપરના મઠામા પલાણ મોણશી સાવલાના પુત્રી. પ્રા. સાંજે ૪થી ૫:૩૦ ઠે. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઈ). નિ. મનિષ છેડા, અલપ્રાડો બિલ્ડીંગ, ૧૯મો માળો, ડો. આંબેડકર રોડ, દાદર (ઈ), મુંબઈ-૧૪

# આર્ટ ઓફ લિવિંગ દ્વારા ગડપાદર જેલમાં પ્રિઝન સ્માર્ટ કાર્યક્રમ યોજાયો



ગાંધીધામ : માનવ જીવનમાં શાંતિ, આત્મવિશ્વાસ અને સકારાત્મકતા લાવવાના ઉદ્દેશ્ય સાથે આર્ટ ઓફ લિવિંગ દ્વારા ગડપાદર જેલ ખાતે ૬ દિવસીય "પ્રિઝન સ્માર્ટ" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું માર્ગદર્શન અને સંચાલન આર્ટ ઓફ લિવિંગના કચ્છના સિનિયર શિક્ષક નરેન્દ્રભાઈ કચ્છી દ્વારા કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં આશરે ૫૦ જેટલા કેદીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિશેષ શ્વાસક્રિયાઓ, ધ્યાન અને જીવનમૂલ્યો આધારિત સત્રો દ્વારા કેદીઓમાં માનસિક શાંતિ, આત્મચિંતન અને સકારાત્મક વિચારસરણીનો વિકાસ જોવા મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન અનેક કેદીઓએ પોતાની ભૂતકાળની ભૂલો અંગે પશ્ચાતાપ વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં એક જવાબદાર તથા સદાચારી નાગરિક તરીકે જીવન જીવવાનો સંકલ્પ કર્યો હતો.પ્રિઝન સ્માર્ટ કાર્યક્રમ દ્વારા કેદીઓએ તણાવ, ગુસ્સો અને નકારાત્મક લાગણીઓમાંથી મુક્તિનો અનુભવ કર્યો હતો. કાર્યક્રમના અંતે કેદીઓએ જણાવ્યું હતું.

# કચ્છ નોંધ

**કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન**

● કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠનના તમામ નોંધાયેલ સભ્યોને જાણ કરવામાં આવે છે કે, ભુજ મુકામે તા.૨૨/૬ના વિશ્વ ઊંટ દિવસની ઉજવણી તેમજ વાર્ષિક સાધારણ સભાનું આયોજન સવારે ૧૦:૩૦ કલાકે રાખેલ છે .આ સાધારણ સભામાં વાર્ષિક હિસાબોની બહાલી, વાર્ષિક એહવાલને બહાલી, આવતા વર્ષના ઓડીટરની નિમણૂંક,આગલા વર્ષની કામગીરીનું આયોજન અન્ય એજન્ડાઓની ચર્ચા કરવામાં આવશે તેવું પ્રમુખ આશાભાઈ રબારીની યાદીમાં જણાવાયું છે.

**હિન્દીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ છાત્રોનું બહુમાન કરાશે**

● સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ રાજકોટ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬માં લેવાયેલી હિન્દીની બાળપોથીથી તીસરી સુધીની પરીક્ષામાં ઉતીર્ણ થયેલ તમામ છાત્રોનું બહુમાન અને પ્રમાણપત્ર તેમજ ઈનામ આપવાનો કાર્યક્રમ તા.૧૭/૬ બુધવારના સાંજે ૬:૪૫ કલાકે સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે પ્રચારકોના હસ્તે યોજાશે. ઈનામો સરસ્વતીબેન પરમાર દ્વારા આપવામાં આવશે એવું આશિષ વૈદ્યે જણાવ્યું હતું.

# સ્ટાર એર દ્વારા મુન્દ્રાથી મુંબઈ, ગોવા અને હિંડન ગાઝીયાબાદ ફ્લાઇટ સેવા શરૂ – ગાંધીધામ ચેમ્બર સભ્યોને વિશેષ ડિસ્કાઉન્ટની ઓફર કરાઈ

**કચ્છના ઉદ્યોગ, વેપાર, પોર્ટ-શીપીંગ અને પ્રવાસન ક્ષેત્ર માટે ઐતિહાસિક ભેટ**

**ગાંધીધામ ચેમ્બર દ્વારા સ્ટાર એરને અભિનંદન પાઠવાયા**

ગાંધીધામ:કચ્છ આજે દેશના સૌથી ઝડપી વિકસતા પોર્ટ આધારિત ઔદ્યોગિક પ્રદેશોમાં સ્થાન ધરાવે છે. મુન્દ્રા અને કંડલા જેવા વિશ્વસ્તરીય બંદરો, વિશાળ ઔદ્યોગિક રોકાણો, લોજિસ્ટિક્સ હબ તરીકેની ઓળખ તથા દેશ-વિદેશ સાથેના વધતા વ્યાપારી સંબંધોને કારણે હવાઈ કનેક્ટિવિટીની જરૂરિયાત લાંબા સમયથી અનુભવાતી હતી. આ આવશ્યકતાને ધ્યાનમાં રાખીને સ્ટાર એર દ્વારા મુન્દ્રા એરપોર્ટ પરથી મુંબઈ, ગોવા તથા હિંડન-ગાઝીયાબાદ (એનસીઆર-દિલ્હી વિસ્તાર) માટે નવી નિયમિત ફ્લાઈટ સેવાઓ શરૂ કરવાની જાહેરાત સમગ્ર કચ્છ માટે આનંદ અને ગૌરવનો વિષય બની છે.

આ નવી સેવાઓ આગામી ૨૩ જૂનથી શરૂ થવા જઈ રહી છે, જેનાથી કચ્છના વેપાર-ઉદ્યોગ, પ્રવાસન, નિકાસકારો, પોર્ટ-શીપીંગ સાથે સંકળાયેલા વ્યાવસાયિકો તેમજ દેશ-વિદેશથી આવતા રોકાણકારો અને પ્રવાસીઓને સીધો લાભ મળશે. ખાસ કરીને દિલ્હી-એનસીઆર અને ગોવા જેવા મહત્વપૂર્ણ ગંતવ્યો સાથે સીધી હવાઈ જોડાણ કચ્છને નવા આર્થિક અને પર્યટન અવસરો તરફ લઈ જશે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ તેજા કાનગડે જણાવ્યું હતું કે, "કચ્છની અર્થવ્યવસ્થાનું કેન્દ્રબિંદુ પોર્ટ, લોજિસ્ટિક્સ, વેપાર અને ઉદ્યોગ છે. છેલ્લા ઘણા વર્ષોથી કચ્છના ઉદ્યોગકારો, નિકાસકારો, વેપારીઓ તથા પ્રવાસીઓ દ્વારા વધુ હવાઈ કનેક્ટિવિટીની માંગણી કરવામાં આવતી હતી. આજે સ્ટાર એર દ્વારા મુન્દ્રાથી ગોવા અને હિંડન જેવી મહત્વપૂર્ણ ફ્લાઈટ સેવાઓ શરૂ થવી એ સમગ્ર કચ્છ માટે એક ઐતિહાસિક સિદ્ધિ સમાન છે."

ચેમ્બરના ઉપપ્રમુખ દિપક પારખે જણાવ્યું કે, "દેશના વિવિધ રાજ્યો ઉપરાંત વિદેશી વેપાર પ્રતિનિધિઓ,રોકાણકારો અને પોર્ટ-શીપીંગ ક્ષેત્રના અધિકારીઓ સતત કચ્છની મુલાકાત લેતા હોય છે. નવી ફ્લાઈટ સેવાઓ તેમના પ્રવાસને વધુ સરળ, ઝડપી અને અસરકારક બનાવશે. આ સાથે કચ્છના પ્રવાસન ઉદ્યોગને પણ નવી ગતિ મળશે અને હોટેલ, ટ્રાવેલ, ટ્રાન્સપોર્ટ તથા સંબંધિત ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થશે." તેમણે સ્ટાર એરના મેનેજમેન્ટનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, ગાંધીધામ ચેમ્બરની રજૂઆતોને સકારાત્મક પ્રતિસાદ આપીને કચ્છને નવી હવાઈ સુવિધાઓ આપવાનો નિર્ણય સમગ્ર પ્રદેશના વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે.

ગાંધીધામ ચેમ્બરના માનદ મંત્રી શ્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, "મુન્દ્રા અને કંડલા જેવા બંદરો દેશના સૌથી વ્યસ્ત સમુદ્રી વેપાર કેન્દ્રો છે. અહીંથી દેશ-વિદેશના હજારો વ્યાવસાયિકો, શીપીંગ કંપનીઓના પ્રતિનિધિઓ, ચાર્ટરર્સ, આયાત-નિકાસકારો અને રોકાણકારો સતત અવરજવર કરતા હોય છે. આવા સમયે સુલભ અને નિયમિત હવાઈ સેવાઓની ઉપલબ્ધિ સમગ્ર પ્રદેશ માટે અત્યંત જરૂરી હતી."મહેશ તીર્થાણીએ વધુમાં ઉમેર્યું કે, " અગાઉ પણ ભુજ થી શરુ થયેલ વિભિન્ન ફ્લાઈટ્સ માટેની ઓફરનો લાભ ચેમ્બરના સભ્યો લઈ રહ્યા છે ત્યારે, ગાંધીધામ ચેમ્બર દ્વારા વિવિધ સ્તરે સતત રજૂઆતો, અનુસરણ અને સંકલન કરવામાં આવ્યું હતું. આજે તે પ્રયત્નોને સફળતા મળી છે તે આનંદની બાબત છે. ખાસ કરીને ચેમ્બરના સભ્યોને આપવામાં આવેલી ઝઝૈં૫૦૦ અને GCCI૩૦૦ જેવી વિશેષ ડિસ્કાઉન્ટ ઓફર માત્ર આર્થિક લાભ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ચેમ્બર અને સ્ટાર એર વચ્ચેના વિશ્વાસપૂર્ણ સંબંધોનું પણ પ્રતીક છે." શ્રી તીર્થાણીએ તમામ સભ્યો, ઉદ્યોગકારો, વેપારીઓ અને પ્રવાસીઓને આ વિશેષ ઓફરનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરતાં જણાવ્યું કે, જેટલો વધુ ઉપયોગ આ સેવાઓનો થશે તેટલી ભવિષ્યમાં વધુ ફ્લાઈટો, નવા રૂટ્સ અને વધારાની કનેક્ટિવિટી મેળવવા માટે કચ્છની માંગ વધુ મજબૂત બનશે. મુન્દ્રા-મુંબઈ, મુન્દ્રા-ગોવા અને મુન્દ્રા-હિંડન-ગાઝીયાબાદ ફ્લાઈટ સેવાઓ માત્ર પરિવહન સુવિધા નથી, પરંતુ કચ્છના ઔદ્યોગિક, વ્યાપારી અને પ્રવાસન વિકાસને નવી ઊંચાઈએ પહોંચાડનાર મહત્વપૂર્ણ પગલું છે. દેશના અગ્રણી પોર્ટ આધારિત પ્રદેશ તરીકે કચ્છની વધતી ઓળખને વધુ મજબૂત બનાવવા તેમજ વૈશ્વિક વેપાર નકશા પર તેની સ્થિતિને સશક્ત કરવા આ સેવાઓ અસરકારક સાબિત થશે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝે સ્ટાર એરના આ નિર્ણયનું હાર્દિક સ્વાગત કરી તમામ સભ્યો, ઉદ્યોગકારો, વેપારીઓ, પોર્ટ-શીપીંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ અને પ્રવાસીઓને આ નવી સુવિધાઓ તથા વિશેષ ડિસ્કાઉન્ટ ઓફરનો મહત્તમ લાભ લેવા અપીલ કરી છે. કચ્છના સર્વાંગી વિકાસ તરફનું આ એક વધુ મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી પગલું ગણાશે. તેવું અખબારી યાદીના માધ્યમથી મહેશ તીર્થાણીએ જણાવેલ.

# ગાંધીધામમાં પેરામેડિકલ તેમજ નર્સિંગ સ્ટાફ માટે ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા'ના ફ્રી શોનું વિશેષ આયોજન




ગાંધીધામ : ગાંધીધામમાં આજે ૧૨ જૂનના રોજ નર્સના જીવન અને સંઘર્ષ પર આધારિત ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' રિલીઝ થવા જઈ રહી છે. હેલ્થકેર ક્ષેત્રે પેરામેડિકલ અને નર્સિંગ સ્ટાફના અમૂલ્ય યોગદાન, સમર્પણ અને નિઃસ્વાર્થ સેવાને બિરદાવવા માટે ગાંધીધામ, આદિપુર, અંજાર અને ભુજની હોસ્પિટલોના તમામ સ્ટાફ માટે આ મુવીના ફ્રી શો અને ફ્રી ટિકીટનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં નર્સના સાચા મૂલ્ય પ્રત્યે સકારાત્મક દ્રષ્ટિકોણ લાવવા અને તેમની વ્યસ્ત દિનચર્યામાંથી હળવાશની પળો આપવાનો આ એક પ્રશંસનીય પ્રયાસ છે. આ સુંદર આયોજન આરોગ્યમ હેલ્થ કેરના ફાઉન્ડર કવિતાબેન કેસરિયા અને એસોસિએટ દિનલબેન વાઢેર તેમજ મારવાડી યુવા મંચ ગાંધીધામના પ્રેસિડેન્ટ પવન ગોયલ અને સેક્રેટરી બ્રિજમોહન ચૌધરી તેમજ નર્સિંગ એકતા ગ્રુપના ફાઉન્ડર હાર્દિકભાઈ પરમાર, કો-ફાઉન્ડર ઋત્વિકભાઈ ગોસ્વામી અને એસોસિએટ હિતેશભાઈ ઠાકોર દ્વારા સંયુક્ત રીતે આયોજન કરવામાં આવ્યું હતું. અંદાજે ૨૦૦ થી પણ વધારે નર્સિંગ સ્ટાફ હાજર રહી એક સાથે આ મુવી નિહાળ્યું હતું. નર્સિંગ સ્ટાફને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમમાં ગાંધીધામ મહાનગરપાલિકાના મેયર દિવ્યાબેન નાથાણી, કારોબારી ચેરમેન તેજસ શેઠ, તેમજ ડો.જીતેન્દ્ર સોલંકી, ડો.મિતેશ મોદી, ડો.જીગ્નેશ મહેતા વગેરે ડોક્ટરો એ હાજરી આપી હતી.

# રત્નકણિકા

**અભિમાનીને હંમેશા પોતાની પ્રશંસા થાય તે ગમેછે. - શ્રી રામશર્મા આચાર્ય**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. બહમન-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, નિજ જયેષ્ઠ સુદ-૨ ચંદ્રદર્શન તા.૧૬ જૂન ૨૦૨૬, મંગળવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૩૦, આદ્રા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૮

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – ધીરજની કસોટી થાય. પરેશાની-તકલીફમાં વધારો થાય.

**વૃષભ** – મનમાં વ્યર્થ દુઃખ અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.

**મિથુન** – શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરવો. અપયશના ભાગીદાર બનવું પડે.

**કર્ક** – મનમાં અશાંતિ રહે. ગૃહસ્થ જીવનમાં ચકમક ઝરે.

**સિંહ** – મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.

**કન્યા** – ખોટો ખર્ચ કરવો પડે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.

**તુલા** – લાભની તક સાંપડે. કાર્યમાં સફળતા અને પ્રગતિજનક દિવસ વિતે.

**વૃશ્ચિક** – સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.

**ધન** – કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.

**મકર** – ધીરજ રાખવી હિતાવહ, નાણાંકીય લાભ થાય.

**કુંભ** – યાત્રા-પ્રવાસમાં લાભ થાય. મહેનતનું ફળ મેળવી શકશો.

**મીન** – મિલન-મુલાકાતમાં સફળતા, પુરૂષાર્થનું ફળ મળે.

# ભુજ તાલુકા ભાજપ દ્વારા વૃક્ષારોપણ - સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમો યોજાયા





ભુજ-કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના વિકાસલક્ષી અને જનકલ્યાણકારી નેતૃત્વ કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર કચ્છ સહિત ભુજ તાલુકાના તમામ ગામોમાં તાલુકા ભાજપ દ્વારા કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.

ભુજ તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ બરાડિયાએ જણાવ્યું હતું કે મોદી સાહેબના સફળ ૧૨ વર્ષની ઉજવણી સમગ્ર દેશ અને રાજ્યો કરી રહ્યા છે ત્યારે કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદના માર્ગદર્શન હેઠળ ભુજ તાલુકાના તમામ ગામોમાં સેવાલક્ષી કામો જેમ કે વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, પ્રગતિપથ યાત્રા, પ્રતિમાસફાઈ, સેવા સેતુ, જન સંપર્ક અભિયાન વગેરે કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભુજ તાલુકાના તમામ ગામોમાં "એક પેડ માં કે નામ " અંતર્ગત વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં તેના જતન માટે પણ સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી હતી ત્યારબાદ ભુજ તાલુકાના તમામ ગામોમાં મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ થાય તે હેતુથી દરેક બુથ દીઠ ૧૨ વૃક્ષોનું જતન કરવાના સંકલ્પ સાથે વૃક્ષરોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુનરિયા ગામમાં સુરેશભાઈ છાંગા દ્વારા ૧૦૦૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત માધાપર જેવા મોટા ગામની સાથે તાલુકાના દરેક ગામોમાં સ્વચ્છતા અભિયાન કરી ગામના વિસ્તારમાં સફાઈ અભિયાન કરી અને પ્લાસ્ટિક મુક્ત ભારતનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. સફાઈ અભિયાનના ભાગરૂપે મહાનુભવોની પ્રતિમા જેમા સરદાર વલ્લભભાઈ પટેલ, ડો.બાબાસાહેબ આંબેડકર, અટલબિહારી વાજપાઈ, મહાત્મા ગાંધીજી, રાણી લક્ષ્મીબાઈ, દેવાયતબાપા બોદર વગેરેની પ્રતિમાઓની સફાઈ કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી.

પ્રગતિ પથયાત્રા અંતર્ગત મોદી સાહેબની દીર્ઘ દ્રષ્ટિથી જે કચ્છને અમૂલ્ય ભેટ મળી છે તેવા ધોરડોનો સફેદ રણ, આર.ઈ. પાર્ક, સ્મૃતિવન વગેરે સ્થળો પર લોકોને કચ્છના વિકાસની ઝાંખી માટે પ્રવાસ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યા હતા. ભુજ તાલુકાના વિવિધ ગામોમાં જન કલ્યાણ શિબિર, સેવાસેતુ કાર્યક્રમ, પ્રબુદ્ધ નાગરિક સંમેલન વગેરે જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

ભુજ તાલુકાના આ કાર્યક્રમમાં જુદી-જુદી જગ્યાએ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા જેમાં કચ્છના પ્રભારી મંત્રી અને રાજયમંત્રી કાંતિભાઈ અમૃતિયા, રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, પ્રભારી ફલજીભાઈ ચૌધરી, ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, મહામંત્રી ભીમજીભાઈ જોધાણી, હિતેશભાઈ ખંડોર, ધવલભાઈ આચાર્ય, ભુજ તાલુકા ભાજપ પ્રભારી આણંદાભાઈ આહીર, સહપ્રભારી ડેનીભાઈ શાહ, તાલુકા મહામંત્રી લાલજીભાઈ વાઘાણી, દિનેશભાઈ ઠકકર, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો, તમામ કાર્યક્રમોના જિલ્લા-તાલુકા ઈન્ચાર્જઓ, તાલુકા ભાજપના હોદ્દેદારો, જિલ્લા-તાલુકા મોરચાના હોદ્દેદારો, શક્તિ કેન્દ્રના સંયોજકો, બૂથ પ્રમુખો, સિનિયર આગેવાનો, સરપંચો, આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા તેવું ભુજ તાલુકા કાર્યક્રમ ઈન્ચાર્જ દિપક ડાંગરએ જણાવ્યું હતું.

## સુપર અલનીનો અને ગરમીની બેવડી અસર

# કચ્છના જંગલો ઝળહળી ઊઠશે, ચોમાસામાં આગિયાની સંખ્યામાં વિક્રમી વધારો

ભુજ - કચ્છઉદય : ચાલુ વર્ષે સુપર અલનીનો અને અસામાન્ય ગરમીના કારણે આગામી ચોમાસા દરમિયાન દેશભરમાં આગિયા એટલે કે, ફાયરફ્લાયની સંખ્યામાં મોટો ઉછાળો આવવાની સંભાવના પર્યાવરણવિદો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, અલનીનોની અસરથી વરસાદની પરંપરાગત પેટર્નમાં ફેરફાર થાય છે. આ સ્થિતિમાં સર્જાતું અતિશય ગરમ અને ભેજવાળું વાતાવરણ આગિયાના પ્રજન માટે અત્યંત સાનુકૂળ બની રહે છે. ગરમીના ઊંચા પ્રમાણને કારણે તેમના લાર્વાનો વિકાસ ખૂબ ઝડપી બને છે, પરિણામે પુખ્ત આગિયા સામાન્ય સમય કરતાં વહેલા અને વિક્રમી સંખ્યામાં બહાર આવે છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ તો આગિયાના પેટના ભાગમાં 'લ્યુસિફેરિન' નામનું રસાયણ અને 'લ્યુસિફરેઝ' એન્ઝાઈમ આવેલું હોય છે. આ બંને વચ્ચે થતી રાસાયણિક પ્રક્રિયાને કારણે પશુ-પક્ષી કે જીવજંતુઓમાં કુદરતી ઠંડો પ્રકાશ ઉત્પન્ન થાય છે, જેને જૈવિક પ્રકાશ કહેવાય છે. આ પ્રકાશ આશરે ૯૮ ટકા એનર્જી એફિશિયન્ટ હોય છે, એટલે કે તેમાં સહેજ પણ ગરમી ઉત્પન્ન થતી નથી. સંવનનની ઋતુ દરમિયાન નર આગિયા હવામાં ઉડતાં - ઉડતાં ચોક્કસ લયમાં ઝબકારા મારીને માદા આગિયાને આકર્ષવાનો પ્રયત્ન કરે છે, જેના જવાબમાં વનસ્પતિ પર બેઠેલી માદા પણ વળતો પ્રકાશ સંકેત આપે છે.

વૈશ્વિક પર્યાવરણીય બદલાવ વચ્ચે કચ્છનું કુદરતી વાતાવરણ પણ ચોમાસામાં એક અનોખું રૂપ ધારણ કરશે. કચ્છના લખપત સ્થિત નારાયણ સરોવર વન્યજીવ અભયારણ્ય તેમજ ભુજની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યા બાદ ઉગી નીકળતા ઘાસ અને કાંટાળી ઝાડીઓ વચ્ચે આગિયાની અદભૂત ચમક જોવા મળે છે. રણની સૂકી અને તરસતી ધરતી પર ચોમાસાના પ્રથમ વરસાદના ટીપાં પડતાં જ સુષુપ્ત જીવસૃષ્ટિ સજીવન થઈ ઊઠે છે. રાત્રિના અંધકારમાં નાના-નાના દીવાઓની જેમ ઝબકતા આગિયા કચ્છની શાંત રાતોને અત્યંત મોહક અને નયનરમ્ય બનાવી દે છે. સ્થાનિક લોકોના મતે, કચ્છમાં આગિયાનો આ નજારો અન્ય પ્રદેશોની સરખામણીએ ઓછો પ્રચલિત છે, પરંતુ જે પ્રવાસીઓ આ નજારો નિહાળે છે તેમના માટે તે એક અવિસ્મરણીય અનુભવ બની જાય છે. આ ભૌગોલિક વિશેષતાને ધ્યાનમાં રાખીને પ્રવાસન વિભાગ હવે કચ્છના આ નજારાને પણ 'ઈકો-ટુરિઝમ'ના નકશા પર સ્થાન આપવા પ્રયાસો કરી રહ્યું છે, જેથી પ્રકૃતિપ્રેમીઓ આ કુદરતી ચમત્કારને નજીકથી નિહાળી શકે.

સામાન્ય રીતે ચોમાસાની સત્તાવાર શરૂઆત સાથે જ ભારતના પશ્ચિમ ઘાટ અને મધ્ય ભારતના ગાઢ જંગલોમાં એક અદભૂત નજારો જોવા મળતો હોય છે. જૂનથી સપ્ટેમ્બર મહિના દરમિયાન મહારાષ્ટ્ર સહિતના વિવિધ વન વિસ્તારોમાં રાત્રિના સમયે લાખોની સંખ્યામાં આગિયા એકસાથે પ્રગટ થાય છે, જેને કારણે આખું જંગલ જાણે આકાશના તારાઓથી મઢેલું હોય તેવું ભાસે છે. આ અદ્ભુત કુદરતી દ્રશ્યના સાક્ષી બનવા માટે દર વર્ષે પ્રવાસીઓ ખાસ કરીને મહારાષ્ટ્રના ભીમશંકર, પુરૂષવાડી અને રાજમચી જેવા પ્રખ્યાત સ્થળોએ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. પર્યાવરણપ્રેમીઓ માટે આ દ્રશ્ય પ્રકૃતિની અજોડ રચનાનો જીવંત પુરાવો છે, તો બીજી તરફ વિજ્ઞાન જગતના સંશોધકો માટે તે જૈવિક પ્રકાશના ગહન અભ્યાસનું એક મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું છે.

# સોલાર રૂફટોપના ઉપયોગથી પર્યાવરણના જતનમાં સહભાગી થવાનો અનેરો આનંદ : વિવેકભાઇ ગોર



ભુજ - કચ્છઉદય : દિવસે દિવસે વધતી જતી ઊર્જાની ખપત વચ્ચે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા હાંસલ કરવા માટે આપણે સૌ પ્રતિબદ્ધ બનીએ તે આજના સમયની જરૂરીયાત છે. ભારતમાં ભવિષ્યમાં ઊર્જાની ખપતની સંભાવના જોતા નાગરિકોએ સૌર ઊર્જા માટેની ક્ષમતાને વિસ્તારવાની જરૂર છે. બિન-અશ્મિભૂત ઈંધણ સ્ત્રોતોમાંથી મહત્તમ વીજળી ઉત્પાદન મેળવવા ગરીબ-મધ્યમવર્ગીય પરિવારો સૌર ઉર્જા અપનાવી અને તેમના કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં સહભાગી બની શકે છે. આ માટે રૂફટોપ સોલર સિસ્ટમને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસો પણ નિર્ણાયક બની રહ્યા છે.

હાલમાં સરકાર દ્વારા પ્રધાનમંત્રી સૂર્યઘર - મફત વીજળી યોજના હેઠળ આપવામાં આવતી સબસીડી અને લોનની ઉપલબ્ધતાથી નાગરિકો આસાનીથી વીજ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બની શકે છે. જેનું ઉદાહરણ છે ભુજના વિવેકભાઇ રાજગોર કે જે સાડા ત્રણ વર્ષથી સોલાર રૂફટોપ નખાવીને આર્થિક રીતે તો વીજબીલના ભારણથી મુક્ત થયા સાથે તેને વીજબચતની આવક થતાં બમણો આર્થિક ફાયદો થયો છે.

આ અંગે વિવેકભાઇ જણાવે છે કે, સાડા ત્રણ વર્ષ પહેલા સરકારની યોજના અંગે મને માહિતી મળતા સબસિડીના લાભ સાથે વીજભારણને ઓછું કરવા સોલાર રૂફટોપ નખાવ્યું હતું. પ્રાથમિક રીતે વીજબીલથી રાહત મેળવવાનો મારો આશય હતો પરંતુ સૌર ઊર્જાથી પર્યાવરણના જતનમાં પણ અમે સહભાગી બની રહ્યા છીએ તેનો વિશેષ આનંદ છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સબસિડીની સહાય સાથે મે જે નાણાં રોકીને સોલાર રૂફટોપ લગાવ્યું હતું તે તો સાડા ત્રણ વર્ષમાં વસૂલ થઇ ગયા છે. ઉપરાંત હજી સુધી વીજબીલ ભરવાનું મને આવ્યું નથી. સોલાર રૂફ ટોપ લગાવ્યા પહેલા દર માસે સરેરાશ ૨ હજાર જેટલું મારું બિલ આવતું હતું જેની બચત સાથે વીજળીનું વેચાણ થયું છે તેના મને ૨૦ હજારથી વધુ નાણાં મારા ખાતામાં સામેથી જમા થયા છે. આમ, મારા સૌ કચ્છવાસીઓને એક જ અપીલ છે કે, આગામી વર્ષોમાં 'પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના'ના માધ્યમથી સૌર છત પ્રણાલીને વધુમાં વધુ અપનાવી પરંપરાગત પાવર ગ્રીડ પર નિર્ભરતા ઘટાડી આત્મનિર્ભર બની વીજળીના બિલમાં ઘટાડો કરીએ.

# ચોમાસું દરવાજે, છતાં કચ્છમાં ગરમી-ઉકળાટનો પ્રહાર યથાવત્

## વાદળોની અવરજવરથી વરસાદની આશા જાગે, પરંતુ હવામાન વિભાગે હજુ રાહ જોવડાવી : ખેડૂતો સહિત સામાન્ય જનજીવન પર અસર : વાદળો ઘેરાય છે, આશા જાગે છે... પણ કચ્છમાં વરસાદ હજુ અધ્ધર : ચોમાસાની રાહ લંબાતાં ગરમી - ઉકળાટથી જનજીવન ત્રસ્ત, ખેડૂતોની ચિંતા વધી

ભુજ - કચ્છ ઉદય : કચ્છમાં ચોમાસાના આગમનની રાહ દિવસેને દિવસે વધુ આતુરતા ભરી બનતી જઈ રહી છે. બીજી તરફ અલ નીનોની અસરની હવામાન ખાતાની આગામી ચિંતા પ્રસરી છે. જૂન માસનો મધ્ય ભાગ પસાર થવા આવ્યો હોવા છતાં જિલ્લામાં હજુ સુધી ચોમાસાનો સત્તાવાર પ્રવેશ થયો નથી, જેના કારણે ગરમી અને ઉકળાટનો ત્રાસ યથાવત્ રહ્યો છે. જિલ્લામાં ધૂપછાંવનો માહોલ છવાયેલો રહ્યો હતો. સવારથી જ આકાશમાં વાદળોની આવન-જાવન શરૂ થઈ હતી અને અનેક સ્થળોએ કાળા ડિબાંગ વાદળો પણ જોવા મળ્યા હતા. જોકે વરસાદ માટે જરૂરી અનુકૂળ પરિસ્થિતિ સર્જાઈ ન હોવાથી દિવસભર માત્ર આશા જ જીવંત રહી અને વરસાદના એકાદ ટીપાં માટે પણ લોકો રાહ જોતા રહ્યા.

છેલ્લા કેટલાક દિવસોથી કચ્છના હવામાનમાં સતત પરિવર્તન જોવા મળી રહ્યું છે. ક્યારેક ઘેરા વાદળો છવાઈ જાય છે તો ક્યારેક તડકો આકરો બની જાય છે. આ સ્થિતિના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધી ગયું છે. પરિણામે તાપમાન ભલે અત્યંત ઊંચું ન હોય, પરંતુ અનુભવાતી ગરમી અસહ્ય બની રહી છે. લોકોમાં પરસેવો, ગૂંગળામણ અને થાકની ફરિયાદો વધી રહી છે. દિવસ દરમિયાન બહાર નીકળનારા લોકો માટે પરિસ્થિતિ કપરા પડકાર સમાન બની રહી છે.

જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. કેટલાક સ્થળોએ ધૂળની ડમરીઓ ઊડતી જોવા મળી હતી, જ્યારે પશ્ચિમ કચ્છના વિસ્તારોમાં પવનમાં લૂનો અંશ પણ અનુભવાયો હતો. ગરમ પવનના કારણે ખેડૂતો, મજૂરો અને ખુલ્લા આકાશ નીચે કામ કરતા લોકો માટે મુશ્કેલીઓ વધી હતી. ગરમી સામે બચવા લોકો ઠંડા પીણાં, છાશ અને પાણીનો વધુ ઉપયોગ કરી રહ્યા છે.

ચોમાસાના આગમન પહેલાં સામાન્ય રીતે જોવા મળતી પ્રિ-મોન્સૂન ગતિવિધિઓ કચ્છમાં ધીમે ધીમે સક્રિય થતી દેખાઈ રહી છે. આકાશમાં વધતા વાદળો અને વાતાવરણમાં વધતી ભેજ તેના સંકેત આપી રહ્યા છે. તેમ છતાં ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહ માટે જાહેર કરાયેલા અનુમાનમાં કચ્છ જિલ્લામાં વ્યાપક વરસાદની કોઈ શક્યતા દર્શાવવામાં આવી નથી. જેના કારણે ચોમાસાના આગમન માટે હજુ થોડા દિવસોની વધુ રાહ જોવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. વરસાદમાં થઈ રહેલા વિલંબની સીધી અસર કૃષિ ક્ષેત્ર પર પણ જોવા મળી રહી છે. જિલ્લામાં ખરીફ સિઝન માટે ખેડૂતો દ્વારા ખેતરોની તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે. કપાસ, મગફળી, તલ, મગ અને અન્ય પાકોના વાવેતર માટે પ્રથમ સારા વરસાદની રાહ જોવાઈ રહી છે. જો આગામી દિવસોમાં વરસાદ નહીં પડે તો વાવણી મોડેથી શરૂ થવાની શક્યતા છે, જેનાથી ખેતીના સમયપત્રક પર અસર પડી શકે છે.

ગરમી અને ઉકળાટના કારણે શહેરો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ જનજીવન પ્રભાવિત બન્યું છે. આરોગ્ય નિષ્ણાતો દ્વારા લોકોને બપોરના સમયે સીધા તડકામાં બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને શરીરમાં પાણીની ઉણપ ન સર્જાય તેની કાળજી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે. ખાસ કરીને વૃદ્ધો, નાના બાળકો અને ગંભીર બીમારીઓથી પીડિત લોકોને વિશેષ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

કચ્છમાં હાલનું હવામાન એક પ્રકારની અનિશ્ચિતતા દર્શાવી રહ્યું છે. આકાશમાં વાદળો દેખાય છે, પવનમાં ભેજનો અહેસાસ થાય છે, પરંતુ વરસાદ હજુ પણ હાથવેંતથી દૂર છે. ચોમાસાના આગમનને લઈને લોકોમાં ઉત્સુકતા વધી રહી છે અને ખેડૂતો માટે તો દરેક પસાર થતો દિવસ મહત્વનો બની રહ્યો છે. હાલની સ્થિતિ જોતા આગામી થોડા દિવસો સુધી ગરમી, ભેજ અને ઉકળાટનો સામનો કરવો પડશે તે નિશ્ચિત જણાઈ રહ્યું છે. કચ્છમાં પર પ્રિમોન્સુ એક્ટિવ થયું છે, પરંતુ સારો વરસાદ વરસે તેવી આશા જાગી છે. ગત રાત્રીના રણકાંઠા વિસ્તારમાં ઝરમર વરસાદ વરસ્યો હતો, તો આજે સવારે મુંદરા અને નખત્રાણા તાલુકાના અમુક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે.

## હાસ્ય રસ : ડિયર મોન્સૂન

કેરળ-તમિલનાડુથી
ગુજરાત સુધી પહોંચતાં
આટલી બધી વાર હોય?
જલ્દી આય ભાઈ,
અહીંયા એસીનાં બિલો વધે છે.
રસ્તાઓ ધોવાઈ જવા માટે
બેબાકળા બન્યા છે.
કોન્ટ્રાક્ટરોનાં છોકરાં
નવી ગાડી માટે કજિયો કરે છે,
ને એના પપ્પાઓ
એક વરસાદ પડી જવા દે
એવા વાયદાઓ કરે છે...
ઘણા બધાને સ્વિમિંગ શીખવું છે,
રેઈનકોટ - છત્રીઓ
માર્કેટમાં ખડકાઈ ગયાં છે,
પણ તારા અભાવે
વકરો શરૂ થવાને વાર છે.
દાળવડાં - ભજિયાં વગર
લોકોની આંતરડી કકળે છે.
ફેસબુક પર સેલ્ફીઓ પણ
સાવ નપાણિયા થઈ ગયા છે...
ટિટોડીનાં ઈંડાંમાંથી
બચ્ચા પણ આવી ગયાં'ને
સૂકવેલા ગોટલાના
મુખવાસ પણ બની ગયા...
તારા વગર
'અમીછાંટણાં',
'ધડાકાભેર',
'મેઘસવારી',
'સર્વત્ર શ્રીકાર',
'નવી આવક',
'જળબંબાકાર',
'સાંબેલાધાર', '
'ઓવરફ્લો',
'ખતરાના નિશાનથી ઉપર',
'ઉપરવાસમાં',
'નીચાણવાળા વિસ્તારો પાણીમાં
ગરકાવ'
'ડિઝાસ્ટર મેનેજમેન્ટના દાવા
પોકળ'
'પ્રિમોન્સૂન પ્લાન ધોવાયો',
'ઠેર ઠેર ભૂવા પડ્યા'
જેવા શબ્દપ્રયોગો વિના
ગુજરાતી ભાષા
ઑક્સિજન લેવા માંડી છે.
હજારો દેડકાઓ અને
કરોડો કવિઓ પણ
તારા વિના ટળવળે છે.
તારા વિના
'પલળેલાં ભીનાં બદન'નાં લેખો
સૂકાભઠ ચિંતનાત્મક થઈ ગયાં
છે...
અમારી ભાષા મરી પરવારશે
એનું તને કંઈ ભાન છે?!
એટલે ભાઈ,
તને પણ
વિજય માલ્યાની જેમ
ભાગેડુ જાહેર કરાય
એ પહેલાં આવી જા...

**- લિ.ટુવાલથી પરસેવા લૂછતો એક કોરોધાકોર ગુજરાતી**

# કોટડા જડોદરમાં જન કલ્યાણ શિબિર



કોટડા જડોદર ખાતે જન કલ્યાણ શીબીર કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ ભારતીબેન નિતિનગીરી, તાલુકા વિકાસ અધિકારી હાર્દિકભાઈ, તાલુકા પંચાયતના સદસ્ય મંજુલાબેન લતા, જશોદાબેન હાજર રહ્યા હતા.

# માધાપરની શાળા નવા પ્રવેશ મેળવનાર ભૂલકાઓ માટે વેલકમ મહોત્સવનું આયોજન કરાયું



માધાપર - કચ્છ ઉદય : કચ્છ જનકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત શ્રદ્ધા સ્કૂલ એન્ડ કોલેજ, માધાપર ખાતે આવેલી શાળાએ ૧૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે શાળા પરિવાર દ્વારા એક ભવ્ય અને ગરિમાપૂર્ણ, વિદ્યારંભસંસ્કાર તથા નવા પ્રવેશ મેળવનાર ભૂલકાઓ માટે વેલકમ મહોત્સવ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય રીટાબેન અધ્યારુના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમ સંસ્કાર અને શિક્ષણનો અનોખો સંગમ બન્યો હતો.

બાલમંદિર, નર્સરી, ધોરણ ૧ થી ૧૨ ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના બાળકોનો વિદ્યારંભસંસ્કાર કરવામાં આવ્યા જેમાં બાળકોએ પુસ્તક તથા મહાદેવી સરસ્વતી, ગણપતિ અને મા ગાયત્રીનું પૂજન કર્યું હતું, આ ઉપરાંત બાળકોને વિદ્યાનું, મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનો સિંચન થાય તથા ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારો પૈકીનો એક સંસ્કાર વિદ્યારંભસંસ્કાર છે જેના હેતુથી વિદ્યારંભસંસ્કાર રાખવામાં આવ્યો હતો. ભુજ ગાયત્રી મંદિરના દિવ્યાબેન તથા કલ્પનાબેન શાળામાં વિદ્યારંભ સંસ્કાર પૂજન કરવામાં આવ્યું હતું અને શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ગાયત્રી હવનની ઋચાઓથી શાળાનું પરિસર પવિત્ર થયું હતું.

શાળાના શિક્ષકો રોશનીબેન ભટ્ટ, દીપાબેન વેગડ, અદિતિ બેન, રોનાલ્સર, પૂજાબેન શેઠિયા, હીનાબા રાણા, હિરલબા ઝાલા, પૂજાબેન હિરાણી, લાભુબેન જોગલ, નિકેતસર, દીપાબેન ગજ્જર, હેતલબા જાડેજા, અંજલીબેન એ જે હેમત ઉઠાવી હતી. શાળાના પ્રી સ્કૂલ, પ્રાથમિક તથા માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક વિભાગના શિક્ષકોએ સહકાર આપ્યો હતો. શાળા ના ચેરમેન પ્રીતમભાઈ ઠક્કર, મેનેજિંગ ડાયરેક્ટર મનોજભાઈ ઠક્કર, ભારતીબેન ઠક્કર, પિંકલબેન ઠક્કર, કુણાલભાઈ ઠક્કર, ઘનશ્યામ ઠક્કર વગેરેએ બાળકોને આશીર્વાદ આપી છાત્રોના ઉજવળ ભવિષ્યમાટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# કચ્છના તમામ રેલમાર્ગો હવે 'કવચ' સુરક્ષા પ્રણાલીથી સજ્જ થશે

**મુસાફરોની સલામતી કાજે રૂ. ૧૪૦ કરોડના ખર્ચે વધુ ૫૯૮ કિલોમીટર વિસ્તાર આવરી લેવાશે : કચ્છ સહિત સમગ્ર ડિવિઝનમાં રેલવે તંત્ર દ્વારા કામગીરી ઝડપી કરાઈ**

ગાંધીધામ - કચ્છઉદય : ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રિમતા આપીને ટ્રેનોની સલામતી વધારવા માટે વિકસાવવામાં આવેલી સ્વદેશી 'કવચ' ટેક્નોલોજીનો વ્યાપ હવે ઝડપથી વધારવામાં આવી રહ્યો છે. આ કડીમાં પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનને સંપૂર્ણપણે સુરક્ષિત કરવા માટે એક મહત્વપૂર્ણ મંજૂરી આપવામાં આવી છે. આ અંતર્ગત, રેલવે વિભાગ દ્વારા અમદાવાદ મંડળમાં અત્યાધુનિક 'કવચ સંસ્કરણ ૪.૦'ના વિસ્તરણ માટે રૂ. ૧૪૦ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ નવીન પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ ડિવિઝનના ૪૮ બ્લોક સેક્શનમાં આવતા ૫૯૮ રૂટ કિલોમીટરના રેલમાર્ગ પર કવચ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે, જેનાથી ટ્રેન અકસ્માતો અટકાવવામાં મોટી મદદ મળશે.

આ આધુનિક પ્રોજેક્ટ અંગે અમદાવાદના મંડળ રેલ પ્રબંધક વેદપ્રકાશના જણાવ્યા અનુસાર અગાઉ ડિવિઝનના આશરે ૭૦૨ રૂટ કિલોમીટરના રેલવે ટ્રેક પર કવચ સિસ્ટમ લગાવવાની મંજૂરી પહેલેથી જ આપી દેવામાં આવી છે. આ અગાઉના તબક્કામાં સામખિયાળીથી વિરમગામ અને સામખિયાળીથી પાલનપુર સુધીના રેલવે સેક્શનનો સમાવેશ થાય છે, જેના માટે ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા પણ પૂર્ણ કરી લેવામાં આવી છે. હવે, આ નવા રૂ. ૧૪૦ કરોડના પ્રોજેક્ટની મંજૂરી મળતાંની સાથે જ અમદાવાદ મંડળના બાકી રહી ગયેલા તમામ રેલખંડો પણ આ સુરક્ષા કવચના દાયરામાં આવી જશે. પરિણામે, અમદાવાદ ડિવિઝનનું આશરે ૧,૩૦૦ રૂટ કિલોમીટરનું સમગ્ર રેલવે નેટવર્ક આ અત્યાધુનિક સુરક્ષા પ્રણાલીથી સજ્જ થઈ જશે, જેમાં કચ્છનો નલિયાથી સામખિયાળી સુધીનો છેવાડાનો વિસ્તાર પણ આવરી લેવાશે.સમગ્ર દેશના રેલવે માર્ગો પર એલટીઈ આધારિત હાઈટેક સંચાર નેટવર્ક સાથે આ સિસ્ટમ કાર્યરત કરવાના વ્યાપક આયોજન હેઠળ આ કામગીરી હાથ ધરાઈ રહી છે. ભારતીય રેલવે દ્વારા સંપૂર્ણપણે દેશી ટેક્નોલોજીથી તૈયાર કરવામાં આવેલી આ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ રેલ સંચાલનને વધુ સચોટ અને અકસ્માત રહિત બનાવશે. અમદાવાદ મંડળમાં આ ટેક્નોલોજીના સંપૂર્ણ અમલીકરણથી માત્ર મુસાફરોની યાત્રા જ વધુ સુરક્ષિત નહીં બને, પરંતુ ભારતીય રેલવેના આધુનિકીકરણ અને આત્મનિર્ભરતાના સંકલ્પ તરફ આ એક ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપ પગલું સાબિત થશે.

# લોકોની વચ્ચે રહેવું, પ્રશ્નો જાણવા અને તેના નિરાકરણ માટે પ્રયાસ કરવાએ મારો રસનો વિષય : શીતલ શાહ



**ભુજના ૪૫માં નગરપતિની "કચ્છઉદય" સાથે રસપ્રદ મુલાકાત : પીવાના પાણીને કોઈ પણ શહેરના નાગરિકોની સૌપ્રથમ જરૂરિયાત તેમણે ગણાવી : રોડ, લાઈટ અને રસ્તાના પ્રશ્નને એના પછીના મહત્વના પ્રશ્નો ગણાવ્યા : ભુજમાં સિટી બસ શરૂ કરવા માટે ખૂબ જ તત્પર નગરપતિ તે માટેની પ્રક્રિયાનું ચિંતન કરે છે : લોકોના પ્રશ્નો જાણી અને જાતે દોડી જતા ઘણા વર્ષ પછી અત્યંત સૌજન્યશીલ નગરપતિ ભુજને મળ્યા : ભુજના નગરજનોને સ્વચ્છ ભુજ અને હરિયાળું ભુજ બનાવવા માટે સહયોગ આપવા તેમની વિનંતી : ફક્ત ૧૧ વર્ષની ઉંમરે ભાજપની ચૂંટણીની સ્લીપ લખવાનું કાર્ય શરૂ કરી અને ૫૨ વર્ષે ભુજના નગરપતિ બન્યા..**

### ક્રિકેટના શોખે કદાચ ભૂકંપમાં તેમનો બચાવ કર્યો

તેમના પિતાજી ચંદ્રકાંતભાઈ શાહ રણજી ટ્રોફીના ખેલાડી હતા એટલે ક્રિકેટનો શોખ ગળથુથીમાંથી જ મળ્યો હતો. જ્યારે ભૂકંપ થયો ત્યારે ૨૦૦૧માં જ્યુબીલી ગ્રાઉન્ડમાં તેઓ ક્રિકેટ રમી ગયા હતા. જો કદાચ તેઓ ગામમાં ક્યાંક ફરતા હોત તો ભૂકંપનો ભોગ બની જવાની પણ શક્યતા નકારી શકાય નહીં એટલે તેમના સતકર્મ, સંતોની સેવા અને ક્રિકેટના શોખને કારણે તેઓ જ્યુબેલી ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમતા હોવાથી ભૂકંપ દરમિયાન ચમત્કારિક બચાવ થઈ ગયો.

### કેશુભાઈએ બે મંત્ર આપ્યા : ખોટું કરવું નહીં અને ટીકાઓથી ગભરાયા વગર સેવાનું કાર્ય કરતા રહેવું

રાજકીય કારકિર્દી કેવી રીતે શરૂ થઈ તેની રસપ્રદ વાત માંડીને કહેતા તેમને જણાવ્યું કે, ૧૯૮૫થી એટલે કે ૧૧ વર્ષની નાની ઉંમરથી તેમના માસા રસિકભાઈ મહેતા પહેલીવાર ચૂંટણીમાં ઊભા રહ્યા હતા, ત્યારે તેઓ કાર્યકર તરીકે ચૂંટણીની સ્લીપ લખવાનું અને પ્રચાર કાર્યમાં જોડાયા હતા. પણ પછી ૨૦૧૫માં ભુજ શહેર ભાજપના મંત્રી તરીકે તેમને સૌપ્રથમવાર હોદો મળ્યો, ત્યારે ભુજ નગરપાલિકાની ચૂંટણી આવી જેમાં ભાજપને તેમણે પહેલાની ૨૮માંથી ૩૬ સીટ ઉપર વિજયી બનાવી અને ૮ સીટ વધારી દીધી. તેમનું કાર્ય જોઈ અને પક્ષે તેમની કદર કરી અને તેમને શહેર પ્રમુખમાંથી જિલ્લા મહામંત્રી બનાવ્યા હતા. ભાજપને સૌપ્રથમવાર વિધાનસભાની તમામ છ સીટમાં વિજય પ્રાપ્ત થયો હતો. હાલના ધારાસભ્ય કેશુભાઈ પટેલ જ્યારે જિલ્લા પ્રમુખ હતા ત્યારે પક્ષના મહામંત્રી તરીકે તેમની સાથે કામ કરવાનું મોકો મળ્યો અને નજીકનો સંપર્ક થતાં તેમનામાંથી પણ તેમનું ઘણું ઘડતર થયું તેવું શીતલભાઈએ જણાવ્યું હતું. અત્યંત પીઢ વ્યક્તિ અને ભુજના હાલના ધારાસભ્ય અને ત્યારના જિલ્લા ભાજપ પ્રમુખ કેશુભાઈ પટેલે તેમને બે મંત્ર આપ્યા હતા કે, 'ખોટું કામ કરવું નહીં, અને ટીકાથી ક્યારે નિરાશ થયા વગર સતત કામ કરતાં જ રહેવું.

### દિલ ખોલી અને પોતાની જીવન કહાનીની કિતાબના પાના ખોલ્યાં..

નગરપતિ બન્યા પછી "કચ્છઉદય" સાથેની મુલાકાતમાં શીતલભાઈએ દિલ ખોલી અને સરસ મજાની વાતો કરીને પોતાની જીવન કહાનીની કિતાબના પાના ખોલ્યા હતાં, બચપણથી માંડીને આજ દિવસ સુધી એમની અંતરંગ વાતો કરી હતી. ૧૯-૯-૧૯૭૪ના ભુજમાં તેમનો જન્મ થયો. પિતા ચંદ્રકાંતભાઈ શાહ જીઇબીમાં નોકરી કરતા હોવાથી એમની બદલી દેશલપર થતાં તેઓ માનકુવા રહેવા ગયા. તેમના બચપણના બાર વર્ષ માનકુવામાં પસાર થયાં. તેમના માતા પણ અર્ધસરકારી સંસ્થામાં એ સાથે બ્રાન્ચ પોસ્ટ માસ્તર તરીકે પણ નોકરી કરતા હતા એટલે થોડો સમય ભારાસર પણ ભણવા માટે ગયા. આ પછી ભુજમાં વી.ડી. હાઈસ્કૂલમાં આઠમા ધોરણથી ભણવાનું ચાલુ કર્યું અને ત્યારે હરેશભાઈ ધોળકિયા પ્રિન્સિપાલ પાસે શાળાના બધા જ ગુરૂઓના માર્ગદર્શન હેઠળ તેમનું સુંદર જીવન ઘડતર થયું.

### ટાયરની દુનિયામાં ઝંપ લાગ્યું અને તેમનું નસીબનું પૈડું જોરથી ફરવા લાગ્યું

આ પછી તેમણે ટાયરની દુનિયામાં પ્રવેશ કરતા તેમની નસીબનું પૈડું તીવ્ર ગતિથી ફરવા લાગ્યું. રી મોલ્ડિંગ અથવા રી ટ્રેડિંગના નવા વ્યવસાયમાં ઝંપલાવ્યું. તેનું કારણ જોઈએ તો તેમના મામા મુંબઈમાં આ જ વ્યવસાયમાં ખૂબ જ કુશળતાથી છવાયેલા હતા. તેમના મામાની પ્રેરણાથી અને તેમનું આ વ્યવસાયનું જ કાર્ય જોઈ તેઓ કેરાલામાં ત્રિચુર ગયા અને તેની વ્યવસ્થિત જાણકારી મેળવી અને મશીનરી ઉપર લઈ આવ્યા હતા. તેમણે સૌપ્રથમ નાની ટ્રકના ટાયરના રી મોલ્ડ માટેના બેલ્ટ વેચવાનું શરૂ કર્યા પછી તેમાં તેમને વધારે રસ જાગતાં માઈનિંગ ઉદ્યોગોમાં વપરાતા મોટા મોટા વાહનો અને હેવી મશીનરીઓના જાયન્ટ ટાયરનું રીમોલ્ડના કાર્ય શરૂ કર્યું કે તે સમગ્ર કચ્છમાં તે સૌપ્રથમ હતું. ગુજરાતમાં તેના પહેલા ફક્ત બે જ જગ્યાએ અમદાવાદ અને રાજકોટમાં થતું હતું. કચ્છમાં મુન્દ્રા પોર્ટ અને ખનીજ ઉદ્યોગોના વિકાસથી તેમને આ વ્યવસાયમાં ઝંપલાવવાની જરૂરિયાત વધારે લાગી. તેમનું કામ અને લગન જોઈને ૨૦૦૮ની સાલમાં આખાય ગુજરાત રાજ્યની બધી જ એસટી બસના ટાયર રી ટ્રેડ કરવાનું કામ સોપાયું હતું. બીજા રાજ્યોમાંથી પણ ખાસ તેમની પાસે ટાયર રિમોલ્ડ કરાવવા માટે આવતા હતા. ત્યારથી વ્યવસાયમાં અને રાજકીય રીતે શીતલભાઈ અહર્નીશ પ્રગતિ કરી રહ્યા છે. સેવા અને સત્કાર્યો માણસની જિંદગીને ચોક્કસ સારી દિશા આપે છે તે શીતલભાઈની જિંદગી ઉપરથી આપણને શીખવા મળે છે.

ભુજ -કચ્છઉદય : લોકોની વચ્ચે જઈ સમસ્યાઓ સાંભળવાનું અને નિરાકરણ કરવું વધારે ગમે છે અને તે જ મારા રસનો વિષય છે" તેવું ભુજના નગરપતિ શીતલભાઈ શાહે "કચ્છઉદય" સાથેની એક ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું કે કોઈ પણ નગરના લોકોની વિશેષ જરૂરિયાત હોય તો તે રોડલાઈટ, ગટર અને પીવાનું પાણીની હોય છે. તેમાં પણ સૌ પ્રથમ જરૂરિયાત હોય તો તે પાણી છે અને બીજા નંબરની ગટરની સુવિધા છે. કારણ કે બીજો કોઈ પણ પ્રશ્ન હોય તો એકાદ બે દિવસ નીકળી જાય તો વાંધો ન આવે પરંતુ પાણી ન મળે તો ન ચાલે તેમ જણાવ્યું હતું. ભૂતકાળમાં નર્મદાના ફોલ્ટ વખતે તેઓ કાઉન્સિલર ન હતા તો પણ કાઉન્સિલરો સાથે રહી અને આખી રાત જાગીને પણ લોકોને પાણી પહોંચાડવા માટે પ્રયત્નશીલ રહ્યા હતા. તેમણે પોતાની કાર્યપદ્ધતિ અને નગરસેવકોને પણ શિખામણ આપતાં જણાવ્યું કે તમે પ્રજાની વચ્ચે રહો કમ સે કમ અઠવાડિયે એકાદ વાર મળી આવો. સમસ્યાઓ પૂછી આવો અને તમારો ફોન હંમેશા ચાલુ રાખો. સમસ્યાઓ સાથે રહી અને ઉકેલવા માટે પ્રયત્ન કરો તો લોકો તમને પોતાના દિલમાં બેસાડશે.

તેમણે જણાવ્યું કે ગુરૂદેવ ભગવંતના સાનિધ્યમાં રહેવાથી એવું થાય છે કે ખોટું કંઈ જ કરવું નહીં અને એવી વસ્તુઓથી હંમેશા દૂર રહેવું અને સત્યના માર્ગ ઉપર ચાલવું.

### "કચ્છઉદય"ના તંત્રી ગંગારામભાઈ સાથે મિલન અને તેમની પ્રેરણાથી જીવનનો વળાંક..

અભ્યાસ પછી તેઓ ભુજની હેલી ટ્રાવેલ્સમાં ખાનગી નોકરીમાં લાગી ગયા. નરેશભાઈ વચ્છરાજાનીને તેમણે તેમના પ્રથમ કારકિર્દી "ગુરુ" ગણાવ્યા હતા. પણ જીવનનો ખરો વળાંક પછી આવ્યો. આ પછી ગાંધીધામમાં બસ સ્ટેશન પાસે પંકજ ટ્રાવેલ્સ શરૂ કર્યું જેમાં "કચ્છઉદય"ના સ્વપ્ન અને શબ્દ શિલ્પી ગંગારામભાઈ ભાનુશાલી દ્વારા તેમના જીવનનું ખૂબ જ સુંદર ઘડતર થતાં તેમની પાસે તેમની જીવનની અનેક અદભુત વસ્તુઓ શીખવા મળી. "કચ્છઉદય"ના તંત્રી અને માલિક ગંગારામભાઈના સ્નેહ વિશે વાત કરતા નગરપતિ શિતલભાઈએ જણાવ્યું કે કે ગંગારામભાઈએ તેમને "દીકરા"ની જેમ સાચવી અને હુંફ આપી હતી. વ્યવસાય અને દુનિયાદારી માટે એક શિલ્પીની જેમ તેમના જીવનને કંડાર્યુ હતું. ગંગારામભાઈ માટે વાત કરતાં તેમને જણાવ્યું કે એમના જેવા જીવનની બાબતો માટે અને સંબંધો નિભાવનાર "પરફેક્ટ" બીજા કોઈ જ વ્યક્તિ તેમણે જોયા નથી. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે ગંગારામભાઈની જાંબાઝી અને સંબંધોની રખણી વિશે તેમના સંપર્કમાં આવનાર અનેક લોકો આવું જ કહી ચૂક્યા છે. ગંગારામભાઈના માર્ગદર્શનથી તેમના જીવનની અને ખાસ તો વ્યવસાયની ખૂબ જ નવી દિશા ખોલવા માટે તેમને હિંમત અને દિશા મળી અને તેમની જિંદગીમાં વ્યવસાયિક ટર્નિંગ પોઈન્ટ આવ્યો.

### ભાનુશાલી નગરની ગટરનો પ્રશ્ન ઉભો થયો અને નગરપતિ તરત જ દોડી ગયા

શનિવારે ભાનુશાલીનગરમાં ગટર લાઈન અંગેનો બહુ મોટો પ્રશ્ન ઉભો થયાના સમાચાર અને ફરિયાદ મળતાં નગરપતિ શીતલભાઈ શાહ જાતે દોડી ગયા હતા અને કાર્યવાહી ચાલુ કરાવી હતી. ત્યાં ગટર લીક થાય છે કે પીવાના પાણીની લાઈન લીક થાય છે કે બંને લીક થાય છે તેની જાત દેખરેખ હેઠળ તેમણે કાર્યવાહી શરૂ કરાવી હતી. તેમણે જણાવ્યું કે આજુબાજુની બિલ્ડીંગ અને રેસ્ટોરન્ટ અને બધા જ નાળામાં અને ગટરની લાઈનમાં કચરો નાખે છે એટલે સફાઈની બહુ તકલીફ થાય છે. એટલે તેમણે ચેતવણી પણ આપી હતી કે મહેરબાની કરી અને આવું ન કરો. ભાનુશાલી નગરની ગટરની નજર સામે સફાઈ કરાવતાં તેમાં નહી વપરાયેલો ચીકણો ઘઉંનો લોટ કોઈકે હોટલ રેસ્ટોરન્ટ કે રહેવાસીએ નિયમિત નાખી દીધેલો તેમને જોવા મળ્યો. અને ધીમે ધીમે તે લોટ અને એવી વસ્તુઓ ગટરની લાઈનમાં ચોટતી ગયો અને મોટો અવરોધ સર્જાતા ગટરની લાઈન જામ થઈ અને રસ્તા પર વહેતી થવાનો મોટો પ્રશ્ન સર્જાઈ ગયેલો જોવા મળ્યો. આ પછી તેમણે વ્યવસ્થિત સમયનું કાર્ય ચાલુ કરાવીને જે આજે બે દિવસ સુધી કરવાથી પૂર્વવત થશે એટલે તેમને ગટરમાં કોઈ કચરો નહીં નાખવા લોકોને વિનંતી કરી છે

### ભુજની જનતાને નગરપતિનો સંદેશ અને વિનંતી..

નગરપતિ શીતલભાઈએ ભુજના નગરજનોને વિનંતી કરી કે પાણીનો બગાડ ન થાય તેનો ખાસ ગંભીરતાથી ખ્યાલ રાખવો જોઈએ. કારણ કે કચ્છમાં પાણીનો સ્ત્રોત ઓછો થતો જાય છે અને છેક સરદાર સરોવરથી નર્મદા નદીનું પાણી ભુજ સુધી લઈ આવવું પડે છે. એપાર્ટમેન્ટમાંથી કે મકાનમાંથી ઉપરથી જ રસ્તા પર કચરો ફેંકવો જોઈએ નહીં. તેમણે ડોર ટુ ડોર કચરો એકઠો થાય તેવી વ્યવસ્થા ઉપર પણ ભાર મૂક્યો હતો અને જો કચરા ટોપલી મૂકવામાં આવે તો તેની અને ભુજની નિયમિત દરરોજ સફાઈ નગરપાલિકા દ્વારા કરી "સ્વચ્છ અને હરિયાળું ભુજ" એ એમનો સંકલ્પ છે. સૌ ભુજ ના નગરવાસીઓની સહિયારી મહેનત અને સંકલ્પથી જ શક્ય બને તેમ છે. તેમણે દરેક ભુજવાસીને એક વૃક્ષ વાવી અને પોતાના સંતાનની જેમ તેની સંભાળ લઈ અને ઉછેરવા અનુરોધ કર્યો હતો.

### સાધુ ભગવંતો, મનુષ્ય અને દરેક જીવની સેવા શીતલભાઈને કરવાનું બહુ ગમે

શીતલભાઈ કહે છે કે મને વૈયાવચ્ચ એટલે કે જૈન ધર્મગુરુ મહારાજ સાહેબની સેવા કરવાનું બહુ જ ગમે. કોરોના સમયે કચ્છમાં રહેલા તમામ ગુરૂદેવોને તેમણે તેમને તેમને માફક આવે, એ લોકો વાપરી શકે એવી આયુર્વેદિક કોરોનાની કીટ પહોંચાડી હતી. કદાચ ગુરૂદેવના આશીર્વાદ એમના નગરપતિ બનવા માટે નિમિત્ત બન્યા હશે. કચ્છનો દર્દીઓની સેવામાં રક્તદાન પ્રવૃત્તિમાં, જીવ દયાની પ્રવૃત્તિમાં પણ તેઓ અગ્રેસર છે. કચ્છનો દર્દી કોઈ પણ જગ્યાએ કચ્છ બહાર હોય અને લોહીની જરૂર પડે તો તેઓ તેના માટે જે કંઈ કરવું પડે તે કરી અને તેનો બચાવ કરવા પ્રયાસ કરે છે. સુપાર્શ્વ જૈન સેવા મંડળ પશુ હોસ્પિટલના પણ તેઓ ટ્રસ્ટી છે. કોરોના સમયમાં અને હંમેશા દર્દીઓ અને ખાસ તો થેલેસેમિયાના દર્દીઓને દિલથી સેવા કરવી એ એમનું આત્માને આનંદ આપનારું કાર્ય રહ્યું છે. ઘણીવાર શરૂઆતમાં પશુ ડોક્ટર ન મળે તો ગાયો અને પશુઓને ઈન્જેક્શન આપી અને બહુ જ અઘરી માની શકાય તેવી તેમની સારવારની કેટલીક પ્રક્રિયા જાતે પણ તેમણે કરી છે.

### સીટી બસ ક્યારે શરૂ થશે...?

ભુજની પ્રજા અને ખાસ તો સિનિયર સિટીઝનો, મહિલાઓ અને વિદ્યાર્થીઓ ચાતક નજરે જે શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે તેવી અત્યંત વિકસતા ભુજની સૌપ્રથમ જરૂરિયાત સમાન સીટી બસ ક્યારે શરૂ થશે. તેવા પ્રશ્નના જવાબમાં શીતલભાઈએ જણાવ્યું કે, સૌપ્રથમવાર તેમણે જ પ્રયત્નો કરી અને સીટી બસ ચાલુ કરાવી હતી પરંતુ હવેના સંજોગોમાં નિયમ વધારે પાળવા પડે છે, જેમાં બે દરવાજા વાળી, સીએનજીવાળી અને એકદમ નવીનકોર બસ જ શરૂ કરી શકાય તેવા નિયમો છે. સમગ્ર ભુજમાંથી બધા જ લોકો અને ખાસ કરીને વડીલો ઘણા સમયથી સીટી બસ માટે ઘણા સમયથી તેમની સમક્ષ અગાઉથી જ રજૂઆતો કરી છે અને એ તેમના મગજમાં જ છે એવું જણાવી અને તેમણે જણાવ્યુ કે નિયમો પાળીને જેમ મને એમ જલદી સીટી બસ શરૂ કરવા માટે તેઓ ખુદ પણ ખૂબ જ આતુર છે. ભુજના ખૂબ જ સક્રિય અને પીઢ ધારાસભ્ય કેશુભાઈ પટેલનું માર્ગદર્શન અને મદદ લઈ અને જલ્દી સીટી બસ શરૂ કરવા માટે તેઓ ખૂબ જ પ્રયત્ન કરશે. તેમણે જણાવ્યું કે પાંચ વર્ષ સેવાની તક તેમના સહિતના અત્યારના બધા જ નગરસેવકોને જ્યારે તક મળી છે ત્યારે જેટલું પણ સારું કામ થાય તે કરવાની તેમની સૌની ઈચ્છા છે. સાથે એવો પણ તેમણે સંકલ્પ વ્યક્ત કર્યો કે જે કાર્ય કરવું તે વ્યવસ્થિત અને કાયમી ટકી રહે, ભવિષ્યમાં બંધ ન થઈ જાય તેવું કરવાનો પણ તેમનો સંકલ્પ હોવાનું જણાવ્યુ હતું.

## ગોલમાલ હે સબ ગોલમાલ હૈ

# નખત્રાણા સુરલપીટ વિસ્તારમાં ચૂંટણી પહેલા જ નાખવામાં આવેલા નવા પાઇપો લીકેજ

**લાઈન લીકેજ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ થયો : પાઈપલાઈનમાં ભ્રષ્ટાચાર આચર્યો હોવાના લોકોના આક્ષેપ**



નખત્રાણા - કચ્છઉદય : શહેરમાં હજુ બે મહિના પહેલા જ ચૂંટણીના સમયે નાખવામાં આવેલી નવી પાઈપલાઈનો લીકેજ થતાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ થાય છે. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મીલીભગતથી નાખવામાં આવેલી નવી લાઈનો લીકેજ થતાં લોકોમાં શંકા ઉપજાવી રહી છે. આ અંગે લોકોના કહેવા મુજબ અગાઉ જવાબદારો દ્વારા ચૂંટણી આવતી હોવના કારણે લોકોને પાણી પહોંચાડવા માટે પેટ્રોલ પંપથી સુરલભીટ સુધી લાંબી લાઈન નાખવામાં આવી હતી. આ પાણીની લાઈનમાં લોકલ પાઈપ નાખ્યા હોવાની લોકો શંકા વ્યક્ત કરી રહ્યા છે. મામલતદાર ઓફિસ સામે રોડ ઉપર પાઈપ તૂટી જતાં હજારો લિટર પાણી વહી ગયું હતું. તાલુકા પંચાયત સામે પાઈપ લીકેજ થતા હજારો લિટર પાણીનો ફેરફાર નગરપાલિકાના પ્રતિનિધિ દ્વારા કામદારોને બોલાવી હવે પાણી બંધ કરાવ્યું છે અને લાઈન લીકેજની કામગીરી ચાલુમાં છે પરંતુ અત્રે ઉલ્લેખની છે આ મોટી પાઈપ લાઈન જ્યારે નાખવામાં આવી ત્યારે ખરેખર આઈએસઆઈ માર્કા હતી કે કેમ તે એક સવાલ છે. આ લોકલ પાઈપ હોવાના લોકો આક્ષેપ કરી રહ્યા છે. ચૂંટણી પહેલા સુરલપીટમાં જેસીબીથી લાઈન ખોદી પાઈપ નાખવામાં આવ્યા હતા અને પાણી પહોંચાડવામાં આવ્યું હતું તેને હજુ બે મહિના થયા છે અને પાઈપો લીકેજ થઈ રહ્યા છે, ત્યારે જો તપાસ કરવામાં આવે તો કોન્ટ્રાકટર અને અધિકારીઓના પગ નીચે રેલો આવી શકે છે.

# મુન્દ્રાના બોગસ દસ્તાવેજ અને એટ્રોસિટી કેસમાં તમામ આરોપીઓનો નિર્દોષ છુટકારો

મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રા ખાતે ચકચારી બનેલા બોગસ દસ્તાવેજ અને એટ્રોસિટી એક્ટ હેઠળના એક કેસમાં અદાલતે તમામ આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે, અનુસૂચિત જાતિના સભ્ય સ્વ. બુધા વાલા હરિજનને સક્ષમ અધિકારી દ્વારા કાયદેસર રીતે સાંથણીમાં જમીન ફાળવવામાં આવી હતી. આ જમીનને ગેરકાયદેસર રીતે વેચવા તેમજ સાટાખત કરવાના ગુનાહિત કાવતરામાં તમામ આરોપીઓએ એકબીજાની મિલાપીપણું કરીને ખોટા અને બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હોવાનો આક્ષેપ હતો. આ દસ્તાવેજો બનાવટી હોવાનું જાણવા છતાં તેનો સબ-રજિસ્ટ્રાર મુન્દ્રાની કચેરીમાં સાચા તરીકે ઉપયોગ કરી, જમીન અન્ય આરોપી ગંગારામ હિરજી પટેલના નામે રેવન્યુ રેકોર્ડમાં તબદીલ કરાવી દેવામાં આવી હતી. મૂળ માલિકના વારસદારોને તેમના કાયદેસરના હક્કોથી વંચિત કરી દેવા અંગે મુન્દ્રા પોલીસ સ્ટેશનમાં વિગતવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ ચકચારી કેસમાં ફરિયાદી દ્વારા આરોપીઓ ગંગારામ હિરજી પટેલ, રવિલાલ ગગુભાઈ ઝાલા, મુસ્તાક આમદ હાલા, સિધ્ધીક ઓસ્માણ સાંધ અને સુરેશપુરી લક્ષ્મણપુરી ગોસ્વામી વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ તેમજ ખોટા દસ્તાવેજો બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરવા અંગે ગુનો દાખલ કરાયો હતો. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષ તરફથી કુલ ૧૬ સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી અને ૧૯ જેટલા દસ્તાવેજી પુરાવાઓ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. પુરાવાઓની વિધિ પૂર્ણ થયા બાદ બંને પક્ષના વકીલોની દલીલો સાંભળવામાં આવી હતી. ત્યારબાદ અદાલત દ્વારા તમામ આરોપીઓને શંકાનો લાભ આપીને નિર્દોષ મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી વકીલ એમ.એ. ખોજા, એસ.જી. માંજોઠી, કે.આઈ. સમા, વી.કે. સાંધ, ડી.સી. ઠક્કર, ગૌતમ મહેશ્વરી અને અભિજિત બુદ્ધભટ્ટી હાજર રહ્યા હતા.

# ભારતીય શેરબજાર માટે એફઆઈઆઈ અને એફપીઆઈ વેચવાલીનો ટ્રેન્ડ ચિંતાજનક

### રાજેશ એક્સપોર્ટ અંગે ચાલી રહ્યો છે વિવાદ

નવીદિલ્હી : રાજેશ એક્સપોર્ટ અંગે હાલ જે વિવાદ ચાલી રહ્યો છે તે ભારતના શેરબજારના સૌથી મોટા કથિત "રેવન્યુ મિસરિપ્રેઝન્ટેશન" કેસોમાંનો એક માનવામાં આવી રહ્યો છે. આ વિવાદમાં મુખ્ય મુદ્દો એવો છે કે કંપનીએ છેલ્લા કેટલાંક વર્ષોમાં આશરે રૂા. ૧૫.૧૫ લાખ કરોડ જેટલા વેચાણ (સેલ્સ/રેવેન્યુ) દર્શાવ્યા, પરંતુ સેબીનું કહેવું છે કે આ આંકડાઓને પૂરતા દસ્તાવેજો અને વાસ્તવિક વ્યવહારોથી સમર્થન મળતું નથી.

કંપનીએ પોતાના ખાતામાં બહુ મોટા પ્રમાણમાં વેચાણ બતાવ્યું, જેના કારણે એવું લાગતું હતું કે કંપની વિશ્વસ્તરીય બહુ મોટી ગોલ્ડ - રિફાઇનિંગ અને જ્વેલરી કંપની છે. પરંતુ સેબીની તપાસ દરમિયાન પ્રશ્ન ઊભો થયો કે આટલું મોટું વેચાણ ખરેખર થયું હતું કે ફક્ત કાગળ પર દર્શાવવામાં આવ્યું હતું.

આ સમગ્ર મામલામાં ખાસ ધ્યાન કંપનીની સ્વિટ્ઝરલેન્ડ સ્થિત સહાયક કંપની Valcambi SA પર ગયું. SEBIનું કહેવું છે કે રાજેશ એક્સપોર્ટના કુલ આવકમાં ૯૭% થી ૯૯% જેટલો ભાગ આ વિદેશી સહાયક કંપનીઓમાંથી બતાવવામાં આવ્યો હતો, પરંતુ તેમની standalone financial statementsમાં એટલો મોટો વ્યવહાર દેખાતો નહોતો એવું કહેવાય છે કે રાજેશ એક્સપોર્ટ અને તેની Swiss subsidiary Valcambi SA ખરેખર gold trading company કરતાં વધુ "gold refining job work" તરીકે કાર્ય કરતી હતી. SEBI ની તપાસમાં એવો પ્રશ્ન ઉઠ્યો છે કે કંપનીએ જે સોનું માત્ર refining/job work માટે ગ્રાહકો પાસેથી મેળવેલ સોનાનું સંપૂર્ણ મૂલ્ય પોતાના sales turnover તરીકે દર્શાવ્યું છે, જ્યારે અનેકવાર પૂછવામાં આવેલ હોવા છતાં હકીકતમાં આવા સોનાની ખરીદી વેચાણ કરેલ છે એવું પુરવાર કરવામા રાજેશ એક્સપોર્ટ નિષ્ફળ રહેલ છે.



### નાણાકીય વર્ષ

FII/FPI નેટ ખરીદી / વેચાણ
DII નેટ ખરીદી / વેચાણ
મુખ્ય ટ્રેન્ડ
૨૦૨૪-૨૫
FII અંદાજે ૧.૧૫ લાખ કરોડ નેટ વેચવાલી
DII અંદાજે +૫.૨૦ લાખ કરોડ નેટ ખરીદી
૨૦૨૫-૨૬
Fii અંદાજે રૂા. ૨.૩૦ લાખ કરોડ નેટ વેચવાલી
Dii અંદાજે રૂા +૬.૪૦ લાખ કરોડ નેટ ખરીદી
૨૦૨૬-૨૭ (હાલ સુધી)
FII અંદાજે રૂા.-૨.૬૫ લાખ કરોડ નેટ વેચવાલી (એપ્રિલ-મે સુધી ભારે આઉટફ્લો સહિત)
DII અંદાજે રૂા.+૨.૭૦ લાખ કરોડ નેટ ખરીદી

મુંબઈ : ભારતીય શેરબજારમાં છેલ્લા ઘણા વર્ષોથી એક ખૂબ જ મહત્વપૂર્ણ અને ચિંતાજનક ટ્રેન્ડ સતત જોવા મળી રહ્યો છે. વિદેશી સંસ્થાગત રોકાણકારો (FII/FPI) સતત ભારતીય બજારમાંથી વેચવાલી કરી રહ્યા છે અને મોટી માત્રામાં પોતાનું મૂડીરોકાણ બહાર કાઢી રહ્યા છે. બીજી તરફ સ્થાનિક સંસ્થાગત રોકાણકારો (DII) જેમ કે મ્યુચ્યુઅલ ફંડ, LIC, ULIP, વીમા કંપનીઓ અને અન્ય સંસ્થાઓ સતત મોટી ખરીદી કરી રહ્યા છે.

બજારમાં હાલ એવી માન્યતા મજબૂત બની રહી છે કે DII દ્વારા કરવામાં આવતું આક્રમક રોકાણ માત્ર રોકાણના પરંપરાગત મૂલ્યાંકન માટે નહીં પરંતુ શેરબજારનો ઈન્ડેક્સ અને બજારનો ભાવસ્તર જાળવી રાખવા માટે પણ થઈ રહ્યું છે. કારણ સ્પષ્ટ છે જો FII વેચવાલી કરે અને ડૈ તે શેરો ખરીદે નહીં, તો બજારમાં ભારે ઘટાડો આવી શકે છે. બજાર તૂટે તો DIIમાં રોકાણ કરનારા લાખો નાના રોકાણકારો ગભરાઈને પોતાના મ્યુચ્યુઅલ ફંડ અથવા અન્ય સ્કીમમાંથી પૈસા ઉપાડવા લાગે, જેના પરિણામે વધુ વેચવાલી અને વધુ ઘટાડો સર્જાઈ શકે છે.

આ પરિસ્થિતિમાં એક ગંભીર પ્રશ્ન ઊભો થાય છે. DII દ્વારા સતત ખરીદી થવાને કારણે બજારના ભાવો ઊંચા અથવા સ્થિર રહે છે, પરંતુ એ જ સમયે FIIને પોતાના શેરો ઊંચા ભાવે વેચવાની તક પણ મળી જાય છે. એટલે કે, એક રીતે જોવામાં આવે તો સામાન્ય ભારતીય રોકાણકારોના નાણાં દ્વારા બજારને ટેકો આપવામાં આવી રહ્યો છે, જ્યારે વિદેશી રોકાણકારો સારા ભાવે બહાર નીકળી રહ્યા છે.

આ બાબત ખાસ ચિંતાજનક છે કે DIIમાં આવતા મોટાભાગના ફંડ સામાન્ય મધ્યમવર્ગીય અને નાના રોકાણકારોની જીવનભરની બચત છે. SIP દ્વારા મ્યુચ્યુઅલ ફંડમાં થતા રોકાણો, LIC પોલિસીધારકોના નાણાં, ULIP અને નિવૃત્તિ માટેના રોકાણ આ બધું જ સામાન્ય પરિવારોના પરિશ્રમનું ધન છે. જો આ નાણાંનો ઉપયોગ માત્ર બજારનો ઈન્ડેક્સ જાળવી રાખવા અથવા ટૂંકાગાળાના ભાવોને ટેકો આપવા માટે થઈ રહ્યો હોય, તો તે લાંબા ગાળે જોખમી સાબિત થઈ શકે છે.

છેલ્લા દાયકાના આંકડાઓ પણ આ દિશામાં સ્પષ્ટ સંકેત આપે છે. મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય DIIની બજારમાં હોલ્ડિંગ આશરે ૪% જેટલી હતી, જે હવે વધીને લગભગ ૨૦-૨૧% સુધી પહોંચી ગઈ છે. બીજી તરફ FIIની હોલ્ડિંગ સતત ઘટીને લગભગ ૧૦-૧૨% જેટલી રહી ગઈ છે. એટલે બજારમાં નવી ખરીદીનો મુખ્ય ભાર DII પર જ આવ્યો છે. જો DII દ્વારા કરવામાં આવતું રોકાણ મજબૂત ફંડામેન્ટલ, યોગ્ય મૂલ્યાંકન, નફાકારકતા અને લાંબા ગાળાની ક્ષમતા ધરાવતા શેરોમાં થઈ રહ્યું હોય તો તે સ્વસ્થ બાબત છે. પરંતુ જો રોકાણ માત્ર "બજાર પડી ન જાય" અથવા "ઈન્ડેક્સ જળવાઈ રહે" તેવા દબાણ હેઠળ થઈ રહ્યું હોય, તો તે સમગ્ર નાણાકીય વ્યવસ્થાને જોખમમાં મૂકી શકે છે. આથી જરૂરી છે કે DIIના રોકાણના માપદંડ વધુ પારદર્શક બને, સામાન્ય રોકાણકારોને વાસ્તવિક જોખમોની માહિતી આપવામાં આવે, અને સંસ્થાગત રોકાણ માત્ર બજારનો ભાવ જાળવવા માટે નહીં પરંતુ મૂળભૂત આર્થિક મૂલ્યના આધારે કરવામાં આવે.

# ફીફા વર્લ્ડકપમાં મોટો ઉલટફેર : સ્પેન સાથે કેપ વર્ડેની મેચ ડ્રો

## ટૂર્નામેન્ટની શરૂઆતમાં જ ગ્રુપ એચની શરૂઆતની મેચ ફૂટબોલ ઇતિહાસમાં સૌથી મોટા અને સૌથી આઘાતજનક અપસેટમાંની એક

## ભવ્ય મંચ પર પોતાનું ડેબ્યૂ કરી રહેલા કેપ વર્ડેએ ટાઇટલના દાવેદાર અને યુરોપિયન ચેમ્પિયન સ્પેનને ૦-૦ થી ડ્રો કરીને ઇતિહાસ રચ્યો

(એજન્સી દ્વારા)

ન્યુયોર્ક : ફીફા વર્લ્ડ કપ ૨૦૨૬ના ગ્રુપ એચની શરૂઆતની મેચ ફૂટબોલ ઈતિહાસમાં સૌથી મોટા અને સૌથી આઘાતજનક અપસેટમાંની એક જોવા મળી હતી. ભવ્ય મંચ પર પોતાનું ડેબ્યૂ કરી રહેલા કેપ વર્ડેએ ટાઈટલના દાવેદાર અને યુરોપિયન ચેમ્પિયન સ્પેનને ૦-૦ થી ડ્રો કરીને ઈતિહાસ રચ્યો હતો. આ નાના આફ્રિકન રાષ્ટ્રએ વર્લ્ડ કપ ઈતિહાસમાં પોતાનો પ્રથમ પોઈન્ટ મેળવ્યો હતો. કેપ વર્ડેની સિદ્ધિ વિશ્વભરમાં ગુંજી ઉઠી કારણ કે તે ક્ષેત્રફળની દ્રષ્ટિએ ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થનાર સૌથી નાનો દેશ છે. જ્યારે વિશ્વમાં ૬૪મા ક્રમે રહેલી આ ટીમે ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન સ્પેન જેવી મજબૂત ટીમનો સામનો કર્યો, ત્યારે કોઈએ આવા પરિણામની કલ્પના પણ કરી ન હતી. આશરે ૫૦૦,૦૦૦ની વસ્તી ધરાવતા આ દેશના ખેલાડીઓ દ્વારા મેદાન પર પ્રદર્શિત લડાયક ભાવનાએ રમતગમત ચાહકોના દિલ જીતી લીધા હતા.

### ૪૦ વર્ષીય ગોલકીપર વોઝિન્હા દિવાલની જેમ ઉભો રહ્યો


એટલાન્ટાના મર્સિડીઝ-બેન્ઝ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં, સ્પેને શરૂઆતથી જ બોલ પર નિયંત્રણ જાળવી રાખ્યું હતું અને લગભગ ૭૦ ટકા સમય તેમનો કબજો હતો. જોકે, કેપ વર્ડેના ૪૦ વર્ષીય અનુભવી ગોલકીપર વોઝિન્હા સ્પેનિશ ફોરવર્ડ્સ સામે દિવાલની જેમ ઉભો રહ્યો. તેણે પહેલા હાફમાં ફેરન ટોરેસના ત્રણ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. સમગ્ર મેચ દરમિયાન, કેપ વર્ડેના ડિફેન્સે સ્પેનિશ આક્રમણને સંપૂર્ણપણે તટસ્થ કરી દીધું.



### લેમિન યામાલ અને નિકો વિલિયમ્સ પણ બિનઅસરકારક

મેચના નોંધપાત્ર સમયગાળા દરમિયાન સ્પેન કોઈ સફળતા મેળવવામાં નિષ્ફળ ગયા પછી, કોચે બીજા હાફની અંતિમ ૨૦ મિનિટમાં તેના યુવાન સંવેદનાઓ, લેમિન યામાલ અને નિકો વિલિયમ્સને મેદાનમાં રજૂ કર્યા. યામાલે આવતાની સાથે જ કેટલાક સારા પાસ બનાવ્યા, પરંતુ કેપ વર્ડેના ખેલાડીઓએ તેને કોઈ ફ્રી પ્લે આપ્યો નહીં. પરિણામે, બંને ટીમોને પોઈન્ટ વહેંચવા પડ્યા હતા.

## વૈભવ સૂર્યવંશી પર લાગશે પ્રતિબંધ? મળશે મોટી સજા!



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : વૈભવ સૂર્યવંશી તેના છગ્ગા, ચોગ્ગા અને તોફાની ઈનિંગને કારણે હેડલાઈન્સમાં રહે છે, પરંતુ શ્રીલંકામાં રમાઈ રહેલી ત્રિકોણીય શ્રેણીમાં તે એક ઝઘડાને કારણે સમાચારમાં છે. ઈન્ડિયા એ ની હાર બાદ વૈભવ સૂર્યવંશીનો શ્રીલંકા છ ખેલાડી સાથે ઝઘડો થયો હતો. મેચ જીત્યા પછી, શ્રીલંકા એ ના ખેલાડીઓએ આક્રમક રીતે ઉજવણી કરી અને વૈભવ સૂર્યવંશી સામે બૂમો પાડતા જોવા મળ્યા. આ બધું જોઈને વૈભવ સૂર્યવંશી ગુસ્સે થઈ ગયો અને શ્રીલંકાના એક ખેલાડીને ધક્કો માર્યો. જવાબમાં આ ખેલાડીએ પણ સૂર્યવંશીને ધક્કો માર્યો. તરત જ અન્ય ખેલાડીઓએ બંનેને અલગ કર્યા, પરંતુ હવે સૂર્યવંશીની મુશ્કેલીઓ વધી શકે છે.

## ક્રિકેટનો 'ટ્રિપલ ડોઝ'.. એક જ દિવસે ટીમ ઈન્ડિયાની ત્રણ મેચ, ભારત-અફઘાનિસ્તાન બે વાર ટકરાશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ ચાહકો માટે ૧૭ જૂન કોઈ મોટા ઉત્સવથી ઓછી નહીં હોય. એક જ દિવસે ત્રણ અલગ-અલગ ભારતીય ટીમો અલગ-અલગ મેદાન પર રમશે. પુરુષોની સિનિયર ટીમથી લઈને મહિલા ટીમ અને ઈન્ડિયા છ, બધી જ ટીમો એક્શનમાં હશે. આમાંથી બે મેચ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાશે.


ભારતની યુવા ટીમ ઈન્ડિયા એ ૧૭ જૂને દિવસની પહેલી મેચમાં મેદાનમાં ઉતરશે. શ્રીલંકામાં રમાઈ રહેલી ત્રિકોણીય શ્રેણીમાં ઈન્ડિયા એ નો મુકાબલો અફઘાનિસ્તાનની યુવા ટીમ સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે, જે ચાહકોને દિવસની શરૂઆતમાં ક્રિકેટનો ઉત્તમ ડોઝ આપશે.



બપોર સુધીમાં, સિનિયર પુરુષ ટીમ કમાન સંભાળશે. શુભમન ગિલના નેતૃત્વમાં ભારતીય ટીમ ત્રણ મેચની વન-ડે શ્રેણીની બીજી મેચમાં અફઘાનિસ્તાન સામે ટકરાશે. આ મહત્વપૂર્ણ મેચ લખનૌના અટલ બિહારી વાજપેયી એકાના સ્ટેડિયમ ખાતે રમાશે. મેચ બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થશે. ભારતીય દિગ્ગજ ખેલાડીઓ મેદાન પર પોતાની તાકાતનું પ્રદર્શન કરશે, તેમનો ઉદ્દેશ્ય શ્રેણીમાં અજેય લીડ મેળવવાનો છે. ટીમ ઈન્ડિયાએ પહેલી મેચ ૭ વિકેટથી જીતી હતી, જે વરસાદને કારણે ૨૫-૨૫ ઓવરની કરવામાં આવી હતી.

૧૭ જૂનની સાંજ મહિલા ક્રિકેટને સમર્પિત રહેશે. ભારતીય મહિલા ટીમ ઈંગ્લેન્ડમાં યોજાઈ રહેલા ૨૦૨૬ મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં પોતાની બીજી ગ્રુપ મેચ રમશે. આ મેચમાં ભારતનો મુકાબલો નેધરલેન્ડ્સ સામે થશે. લીડ્સના હેડિંગલી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાનારી આ મેચ ભારતીય સમય મુજબ સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ થશે. ટીમ ઈન્ડિયા પોતાની પહેલી મેચમાં પાકિસ્તાનને હરાવીને સતત બીજી જીત મેળવવાની કોશિશ કરશે.

## ૧૫૦ કિમી/કલાકની ઝડપે બોલિંગ કરનાર ખેલાડીની ઈન્ડિયા એ ટીમમાં એન્ટ્રી




(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ઈન્ડિયા એની ટીમ હાલમાં શ્રીલંકાના પ્રવાસ પર છે. જ્યાં વનડે ટ્રાય સીરિઝ રમાઈ રહી છે. આ સીરિઝમાં ભારતીય ટીમનું પ્રદર્શન અત્યારસુધી કાંઈ ખાસ રહ્યું નથી. ૩માંથી ૨ મેચ ગુમાવી ચુકી છે. ત્યારે હવેની મેચ ભારતીય ટીમ માટે કરો યા મરો જેવી રહેશે. આ મેચ પહેલા ઈન્ડિયા એના સ્કવોડમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ બીસીસીઆઈએ ઈજાગ્રસ્ત ખેલાડી યુદ્ધવીર સિંહના રિપ્લેસમેન્ટને પસંદ કર્યો છે. જે ટુંક સમયમાં શ્રીલંકા માટે રવાના થશે. પોતાની તોફાની સ્પીડથી ક્રિકેટ જગતમાં ધમાલ મચાવનાર ૨૩ વર્ષના ફાસ્ટ બોલર અશોક શર્માના કરિયરમાં એક નવો અધ્યાય શરુ થશે. ઘરેલું ક્રિકેટમાં રાજસ્થાન છોડી ગુજરાતમાં આવનાર આ યુવા સ્પીડસ્ટારને શ્રીલંકામાં રમાઈ રહેલી સીરિઝ માટે ઈન્ડિયા એ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. અશોકને આ તક ઈજાગ્રસ્ત યુદ્ધવીર સિંહના રિપ્લેસમેન્ટના રુપે મળી છે. રિપોર્ટ મુજબ અશોક શર્મા આજે સવારે કોલંબો માટે રવાના થયો છે. દાંબુલામાં ઈન્ડિયા એ ટીમ સાથે જોડાશે.

## વિરાટ કોહલીને કોની સાથે બેટિંગ કરવાની સૌથી વધુ મજા આવે છે?

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : એક ઈન્ટરવ્યુમાં જ્યારે વિરાટ કોહલીને પૂછવામાં આવ્યું કે તેને કયા ખેલાડી સાથે બેટિંગ કરવામાં સૌથી વધુ મજા આવે છે, ત્યારે તેને વિવિધ ફોર્મેટના આધારે જવાબ આપ્યો. તેને કહ્યું કે તેને ટેસ્ટ ક્રિકેટમાં અજિંક્ય રહાણે સાથે બેટિંગ કરવામાં સૌથી વધુ મજા આવે છે. વિરાટ કોહલીએ તમામ ફોર્મેટમાં તેના સૌથી વિશ્વસનીય સાથી ખેલાડીઓનો પણ ખુલાસો કર્યો.

વિરાટ કોહલીને પૂછવામાં આવ્યું કે, "તમને કોની સાથે બેટિંગ કરવામાં સૌથી વધુ મજા આવે છે?" તેને વિવિધ ફોર્મેટના આધારે આ પ્રશ્નનો જવાબ આપ્યો. તેમને કહ્યું કે "ટેસ્ટ ક્રિકેટમાં મને અજિંક્ય રહાણે સાથે બેટિંગ કરવામાં ખરેખર મજા આવી. અમારી સાથે કેટલીક શાનદાર પાર્ટનરશીપ થઈ."

વનડે ક્રિકેટ અંગે વિરાટ કોહલીએ કહ્યું કે તેને એમએસ ધોની અને રોહિત શર્મા સાથે બેટિંગ કરવાની ખરેખર મજા આવે છે. તમને જણાવી દઈએ કે વિરાટ કોહલીએ વનડે ક્રિકેટમાં આ બંને ખેલાડીઓ સાથે ઘણા રન બનાવ્યા છે. એમએસ ધોનીએ છેલ્લે ૨૦૧૯ માં વનડે ક્રિકેટ રમ્યું હતું અને



પછી ૨૦૨૦માં નિવૃત્તિ લીધી હતી. બીજી તરફ રોહિત શર્મા હજુ પણ રમી રહ્યો છે.

વિરાટ કોહલીએ આઈપીએલમાં કોઈ પણ ભારતીય ખેલાડીનું નામ લીધું હતું. તેમને કહ્યું કે તેમને આઈપીએલમાં એબી ડી વિલિયર્સ અને ક્રિસ ગેઈલ સાથે બેટિંગ કરવાનો સૌથી વધુ મજા આવી. તેમને કહ્યું કે તેમની વચ્ચેની કેમિસ્ટ્રી એવી હતી કે તેઓ એક પણ શબ્દ બોલ્યા વિના એકબીજાને સમજી ગયા.

## ૨૬ વર્ષથી જે નથી થયું તે હવે થશે, ભારત પહેલીવાર નેધરલેન્ડ સામે રમશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કટ્ટર હરીફ પાકિસ્તાનને હરાવીને મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં મજબૂત શરૂઆત કરનાર ભારતીય મહિલા ક્રિકેટ ટીમની હવે સતત બીજી જીત પર નજર છે. ટીમ ઈન્ડિયા ટુર્નામેન્ટના પોતાની બીજી ગ્રુપ મેચમાં નેધરલેન્ડ્સનો સામનો કરશે. લીડ્સના ઐતિહાસિક હેડિંગ્લી ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાનારી આ મેચ બંને ટીમો માટે ખાસ અને ઐતિહાસિક બનવાની છે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે ૭:૦૦ વાગ્યે શરૂ થશે.

ક્રિકેટ ઈતિહાસમાં આ પહેલીવાર બનશે, જ્યારે ભારત અને નેધરલેન્ડની મહિલા ટીમો ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં એકબીજાનો સામનો કરશે. આ ટૂંકા ફોર્મેટમાં બંને ટીમો પહેલા ક્યારેય ટકરાઈ નથી,





તેથી જ ચાહકો આ મેચને લઈને ખાસ ઉત્સાહિત છે. બંને ટીમો પહેલીવાર ટી૨૦ મેચ રમી રહી હોવા છતાં, વન-ડે ક્રિકેટમાં તેમનો લાંબો ઈતિહાસ છે. ભારત અને નેધરલેન્ડ્સે અત્યાર સુધીમાં કુલ ત્રણ વન-ડે મેચ રમી છે, અને ભારતીય ટીમે ત્રણેયમાં એકતરફી રીતે જીત મેળવી છે. રસપ્રદ વાત એ છે કે, ૨૦૦૦ પછી એટલે કે છેલ્લા ૨૬ વર્ષથી બંને ટીમો વચ્ચે કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ નથી.

## ઈંગ્લેન્ડે બીજી ટેસ્ટ માટે પ્લેઈંગ ૧૧માં કર્યો ફેરફાર : બે ખેલાડીઓ કરશે ડેબ્યૂ

(એજન્સી દ્વારા)

ઓવલ : ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની બીજી મેચ ઓવલ ખાતે રમાશે. આ મેચ ૧૭ જૂનથી શરૂ થશે. ઈંગ્લેન્ડે આ મેચ માટે પોતાની પ્લેઈંગ ઈલેવન જાહેર કરી છે. ઓવલ ટેસ્ટમાં ઈંગ્લેન્ડના બે ખેલાડીઓ ડેબ્યૂ કરશે.આ મેચમાં વિકેટકીપર-બેટ્સમેન જોર્ડન કોક્સ અને ફાસ્ટ બોલર સોની બેકર ઈંગ્લેન્ડ માટે ટેસ્ટ ડેબ્યૂ કરશે.લોર્ડ્સ ટેસ્ટ મેચ બાદ બેન સ્ટોક્સ અને ગુસ એટકિન્સનને સંડોવતા નાઈટક્લબ ઘટનાની તપાસ ચાલી રહી છે. આ તપાસને કારણે, ઈંગ્લેન્ડે પોતાની પ્લેઈંગ ઈલેવનમાં ચાર ફેરફાર કરવા પડ્યા છે. ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર ઈંગ્લેન્ડની પ્લેઈંગ ઈલેવનમાં પાછો ફર્યો છે. એટકિનસનની ગેરહાજરી



અને ઓલી રોબિન્સનને બાકાત રાખ્યા બાદ આર્ચરની હાજરીથી ઈંગ્લેન્ડના બોલિંગ આક્રમણને મજબૂત બનાવવામાં આવ્યું છે. ઘૂંટણની ઈજાને કારણે રોબિન્સનને આ મેચમાંથી બહાર કરવામાં આવ્યો છે. સ્પિનર શોએબ બશીરને પણ આ મેચમાંથી બહાર કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડે તેના સ્થાને ચાર ફાસ્ટ બોલરોને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. આ ફાસ્ટ બોલિંગ આક્રમણમાં સરેના ફાસ્ટ બોલર મેથ્યુ ફિશરનો પણ સમાવેશ થાય છે.

### ઈંગ્લેન્ડની પ્લેઈંગ ઈલેવન

જો રૂટ (કેપ્ટન), જોફ્રા આર્ચર, સોની બેકર, જેકબ બેથેલ, હેરી બ્રુક, જોર્ડન કોક્સ, બેન ડકેટ, મેથ્યુ ફિશર, એમિલિયો ગે, જેમી સ્મિથ (વિકેટકીપર), જોશ ટોંગે.

## વિદેશી યુવકના પ્રેમમાં મિથુન ચક્રવર્તીની દિકરી! બીચ પર કરી સગાઈ

(એજન્સી દ્વારા) મુંબઈ : મિથુન ચક્રવર્તીની પુત્રી દિશાની ચક્રવર્તીએ સગાઈ કરી લીધી છે. તેના બોયફ્રેન્ડ, માઈલ્સ મન્ટઝારીસે તેને પ્રપોઝ કર્યું હતું, અને આ ખાસ ક્ષણને કેદ કરતી સુંદર તસવીરો હાલમાં ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે. દિશાનીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સુંદર સગાઈના ફોટા શેર કર્યા છે. તસવીરો સાથે, તેણે તેના લગ્નની તારીખ પણ જાહેર કરી છે. દિશાની ચક્રવર્તી અને માઈલ્સ મન્ટઝારીસ ૬ ડિસેમ્બર, ૨૦૨૬ ના રોજ લગ્ન કરશે. દિશાની અને મિથુન બંનેના ચાહકો આ સમાચારથી ખુશ છે. ફોટામાં, દિશાની સફેદ ડ્રેસમાં સુંદર દેખાઈ રહી છે, જ્યારે માઈલ્સ કાળા પોશાકમાં સજ્જ છે.




## વિજય–રશ્મિકાની મોટી પહેલ !

(એજન્સી દ્વારા)

મુંબઈ : વિજય દેવેરાકોંડા અને રશ્મિકા મંદાના તેલંગાણામાં શિક્ષણ સુધારવાના તેમના વચનને પૂર્ણ કરવા માટે કામ કરી રહ્યા છે. આ જોડીએ મેરીટર્સ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં મદદ કરવા માટે શિષ્યવૃત્તિ પહેલ શરૂ કરી હતી.

રવિવારે, વિજય દેવેરાકોંડા, રશ્મિકા સાથે, તેલંગાણાના અચમ્પેટ મંડલના થુમ્મનપેટ ગામની મુલાકાત લીધી. ત્યાં, તેમણે આશાસ્પદ




વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાનું અને તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન તેમને ખૂબ પ્રેમ અને ટેકો આપનારા લોકોને પાછા આપવાનું પોતાનું સ્વપ્ન શેર કર્યું.

વિજયે ૮ ના રોજ શિષ્યવૃત્તિ માટે પસંદ કરાયેલા વિદ્યાર્થીઓની યાદી શેર કરી. તેમણે લખ્યું, "અમે થુમ્મનપેટ જઈ રહ્યા છીએ, તે નાનું ગામ જ્યાં મારા પિતાનો જન્મ થયો હતો. ફેબ્રુઆરીમાં, રશ્મિકાએ અને મેં એક નાનું સ્વપ્ન જોયું. અમારું લક્ષ્ય તેલંગાણાના અચમ્પેટ મંડળના મહેનતુ ૯મા અને ૧૦મા ધોરણના વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું હતું. અહીં ૧૮૦ બાળકોની યાદી છે જેમણે તેમના માતાપિતાને ગૌરવ અપાવ્યું છે." આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને સંબોધતા વિજયે કહ્યું, "આ શિષ્યવૃત્તિ એક નાની ભેટ છે, પરંતુ તે મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. હું તમારા જીવનનો એક ભાગ બનવા માંગુ છું. મારા પોતાના ગામથી શરૂઆત કરીને, હું ઈચ્છું છું કે આ પહેલ ધીમે ધીમે સમગ્ર તેલંગાણામાં ફેલાય; તે મારું સ્વપ્ન છે. હું વિદ્યાર્થીઓની મહેનત, શિસ્ત અને ધ્યાનની ઉજવણી કરવા માંગુ છું."

## કંગના રનૌતની ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' હરિયાણા અને દિલ્હીમાં ટેક્સ-ફ્રી

(એજન્સી દ્વારા)





મુંબઈ: બોલિવુડ ક્વીન કંગના રનૌતની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ચૂકી છે. રિલીઝ થતાની સાથે જ આ ફિલ્મ દેશભરમાં ભારે ચર્ચા જગાવી રહી છે અને તેને દર્શકો તરફથી શાનદાર પ્રતિસાદ મળી રહ્યો છે. આ દરમિયાન ફિલ્મની મજબૂત વાર્તા અને દેશભક્તિના સંદેશને ધ્યાનમાં રાખીને હરિયાણા અને દિલ્હી સરકાર દ્વારા આ ફિલ્મને 'ટેક્સ-ફ્રી' જાહેર કરવામાં આવી છે. શનિવારે ચંડીગઢ ખાતે ફિલ્મની સ્ટારકાસ્ટ અને મેકર્સ દ્વારા એક સ્પેશિયલ સ્ક્રીનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ વિશેષ હાજરી આપી હતી અને ફિલ્મ નિહાળી હતી. ફિલ્મ જોયા બાદ મીડિયા સાથે વાતચીત કરતા મુખ્ય પ્રધાન સૈની ભાવુક થયા હતા અને ફિલ્મના વખાણ કરતા જણાવ્યું કે, 'મેં આ ફિલ્મ જોઈ છે અને હું એટલું જ કહેવા માંગીશ કે આવી પ્રેરણાદાયી ફિલ્મો જે આપણને સાહસ, કરુણા, કર્તવ્ય અને માનવતાનો પાઠ ભણાવે છે તે આપણા સૌએ જોવી જોઈએ.



## શેપ કે ઉંમર ગમે તે હોય પણ ટ્રાવેલિંગ જરૂર કરો : મનીષા કોઇરાલા

(એજન્સી દ્વારા)

મુંબઈ : ૯૦ના દાયકાની લોકપ્રિય અભિનેત્રી મનીષા કોઈરાલા પંચાવન વર્ષની ઉંમરે પણ પોતાની ફિટનેસથી સૌને આશ્ચર્યચકિત કરી રહી છે. હાલમાં તેણે સોશ્યલ મીડિયા પર પોતાની કેટલીક તસવીરો શેર કરી હતી જેમાં તે દરિયાકિનારે વેકેશન માણતી જોવા મળે છે. આ તસવીરોમાં મનીષા હેટ પહેરીને વેસ્ટર્ન આઉટફિટમાં સ્ટાઈલિશ અને આત્મવિશ્વાસભર્યા અંદાજમાં પોઝ આપતી દેખાય છે. સમુદ્રનાં મનોહર દશ્યો અને કુદરતી સૌંદર્યે તસવીરોની સુંદરતા વધારી છે. મનીષાએ આ તસવીર સાથે લખ્યું હતું કે 'તમારો શેપ કે ઉંમર ગમે તે હોય અને તમે જીવનના કોઈ પણ તબક્કામાં હો પણ ટ્રાવેલિંગ જરૂર કરો, બીચ પર ચાલો, સ્વિમસૂટ પહેરો અને તસવીરો પડાવો. ત્વચા પર સૂર્યપ્રકાશનો સ્પર્શ અને પગ નીચેની રેતીનો અહેસાસ કરો. ડર અથવા લોકોના અભિપ્રાયને તમારા જીવન પર હાવી થવા ન દો. તમે જેવા છો એવા જ સ્વરૂપમાં જીવનને સંપૂર્ણ રીતે જીવવાનો તમને અધિકાર છે.'

## 'તારા સિંહ' માટે સની દેઓલ નહીં, આ સુપરસ્ટાર હતા પહેલી પસંદ!



(એજન્સી દ્વારા) મુંબઈ: ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ 'ગદરઃ એક પ્રેમ કથા'ને રિલીઝ થયે આજે પૂરા ૨૫ વર્ષ થઈ ગયા છે, પરંતુ આ ફિલ્મનો ક્રેઝ આજે પણ દેશવાસીઓમાં ઓછો થયો નથી. આ ઐતિહાસિક અવસર પર ફિલ્મના ડાયરેક્ટર અનિલ શર્માએ મીડિયા સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું કે, જ્યારે પહેલીવાર આ ફિલ્મની કહાણી તેમની પાસે આવી ત્યારે કેવો માહોલ હતો અને તારા સિંહના પાત્રને લઈને કયો ચોંકાવનારો નિર્ણય લેવાનો હતો. 'ગદર' ફિલ્મનું નામ લેતાની સાથે જ સની દેઓલનો હેન્ડપંપ ઉખાડતો ગુસ્સાવાળો ચહેરો નજર સામે આવી જાય છે. પરંતુ અનિલ શર્માએ ખુલાસો કર્યો છે કે, જ્યારે આ ફિલ્મની સ્ક્રિપ્ટ લખાઈ રહી હતી, ત્યારે તેમના મગજમાં સની દેઓલ નહીં પણ કોઈ અન્ય સુપરસ્ટાર હતા.અનિલ શર્માએ કહ્યું કે, 'જ્યારે અમે કહાણી પર કામ કરી રહ્યા હતા, ત્યારે અમારા મગજમાં એક એવું પાત્ર હતું જે થોડું નટખટ હોય, નાચતું-ગાતું હોય અને મ્યુઝિકલ ઈન્સ્ટ્રૂમેન્ટ વગાડતું હોય. તે સમયે મારો પહેલો વિચાર એ હતો કે કાશ આ રોલ માટે આપણને યુવાન ધર્મેન્દ્ર મળી જાય!

## સાત નવી ફિલ્મ પર ભારે પડી હોરર ફિલ્મ 'ઓબ્સેસન'



(એજન્સી દ્વારા) મુંબઈ: છેલ્લા કેટલાક સમયથી ઈંડિયન બોક્સ ઓફિસનો પ્રવાહ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યો છે, જ્યાં નવી ફિલ્મો કરતાં જૂની ફિલ્મો બોક્સ ઓફિસ પર વધુ ધમાલ મચાવી રહી છે. ગયા શુક્રવારે ભારતના સિનેમાઘરોમાં એકસાથે સાત નવી ફિલ્મો રિલીઝ થઈ હતી, જેમાં બોલિવૂડની ચાર અને હોલિવૂડની ત્રણ ફિલ્મો સામેલ હતી. જોકે આ તમામ સાતેય નવી ફિલ્મો પર ૧૫ દિવસ જૂની હોલિવૂડની હોરર ફિલ્મ 'ઓબ્સેસન'ભારે પડી છે. ૨૯ મેના રિલીઝ થયેલી આ ફિલ્મે તેના ત્રીજા વીકેન્ડમાં પણ પહેલા વીકેન્ડ કરતાં વધુ કલેક્શન કરીને ઈતિહાસ રચ્યો છે. નવાઈની વાત એ છે કે, ત્રીજા અઠવાડિયામાં પણ આ ફિલ્મનું દૈનિક કલેક્શન તેના ઓપનિંગ ડેના કલેક્શન કરતાં ઘણું વધારે ચાલી રહ્યું છે. જો બોક્સ ઓફિસના આંકડા પર નજર કરીએ તો, 'ઓબ્સેસન' ફિલ્મે ભારતમાં માત્ર ૧.૭૫ કરોડ રૂપિયા સાથે ઓપનિંગ કર્યું હતું અને તેના પ્રથમ વીકેન્ડમાં ૭.૭૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું, પરંતુ પોઝિટિવ રિવ્યુઝ અને શાનદાર માઉથ પબ્લિસિટીના કારણે આ ફિલ્મની લોકપ્રિયતા એટલી વધી ગઈ કે થિયેટરોએ તેના શો વધારવા પડ્યા હતા.

# સરહદી લખપતના ગામોમાં પાણી માટે ત્રાહિમામ

## તરસ્યા પશુધન વચ્ચે લોકોમાં રોષ, કાયમી ઉકેલની માંગ ઉગ્ર : બન્ની, પચ્છમ, હાજીપીર, લુડબાય અને મુરુ સહિતના વિસ્તારોમાં પાણીની ગંભીર અછત; રજૂઆતો છતાં પ્રશ્ન યથાવત

ભુજ - કચ્છ ઉદય : સરહદી લખપત તાલુકાના અંતરિયાળ અને છેવાડાના ગામોમાં પાણીની સમસ્યા દિવસેને દિવસે વધુ ગંભીર બનતી જઈ રહી છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પીવાના પાણીની અછત સર્જાતાં એક તરફ લોકોનું જનજીવન પ્રભાવિત થયું છે તો બીજીતરફ પશુધન માટે પણ જીવન - મરણ જેવી સ્થિતિ ઊભી થઈ છે. બન્ની, પચ્છમ, હાજીપીર, લુડબાય, મુરુ સહિતના વિસ્તારોમાં પાણીના પ્રશ્ને લોકોમાં ભારે ચિંતા અને અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે પાણીની સમસ્યા હવે નવી નથી રહી, પરંતુ દર વર્ષે ઉનાળાની ઋતુમાં આ વિસ્તારોના લોકો માટે સૌથી મોટો પ્રશ્ન બની

### પાણીનો પ્રશ્ન હવે માત્ર સુવિધાનો નહીં, અસ્તિત્વનો પ્રશ્ન

દયાપર - કચ્છ ઉદય : અંતરિયાળ ગામોમાં સર્જાયેલી સ્થિતિ સ્પષ્ટ દર્શાવે છે કે પાણીનો પ્રશ્ન હવે માત્ર સુવિધા પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ લોકો અને પશુધનના અસ્તિત્વ સાથે સીધો જોડાયેલો પ્રશ્ન બની ગયો છે. જો તંત્ર દ્વારા તાત્કાલિક અને અસરકારક પગલાં નહીં લેવાય તો આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ વિકટ બની શકે છે. તેથી સ્થાનિકો હવે આશ્વાસન નહીં, પરંતુ જમીન પર દેખાતી કાર્યવાહી અને પાણીની કાયમી વ્યવસ્થાની અપેક્ષા રાખી રહ્યા છે.

રહે છે. પાણી મેળવવા માટે ગ્રામજનોએ વારંવાર રજૂઆતો કરવી પડે છે, સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડે છે અને અનેક વખત રસ્તા પર ઉતરીને વિરોધ પણ નોંધાવવો પડે છે. તેમ છતાં સમસ્યાનો કાયમી ઉકેલ હજુ સુધી આવ્યો નથી.

વિસ્તારમાં વસતા માલધારીઓ માટે હાલની સ્થિતિ વધુ ચિંતાજનક બની છે. પાણીના અભાવે પશુઓને લાંબા અંતર સુધી ભટકવું પડે છે. અનેક સ્થળોએ પાણીના કુદરતી સ્ત્રોતો સૂકાઈ જતાં પશુઓ માટે પીવાના પાણીની ભારે તંગી સર્જાઈ છે. તાજેતરમાં પાણીની શોધમાં નીકળેલા એક ઘોડાને ઈજા પહોંચી હોવાની ઘટના સામે આવતાં પશુપાલકોમાં ચિંતા વધુ ઘેરી બની છે. સ્થાનિકોનું માનવું છે કે પાણીની અછતના કારણે માત્ર પશુઓનું આરોગ્ય જ નહીં પરંતુ સમગ્ર પશુપાલન આધારિત અર્થતંત્ર પણ અસરગ્રસ્ત બની રહ્યું છે.

આ મુદ્દે સામાજિક અગ્રણી યાકુબ મુતવાએ જવાબદાર તંત્રનું ધ્યાન દોરતાં જણાવ્યું છે કે લખપત અને બન્ની વિસ્તારના લોકો વર્ષોથી પાણી માટે સંઘર્ષ કરી રહ્યા છે. પાણી જેવી મૂળભૂત જરૂરિયાત માટે લોકોને વારંવાર અરજીઓ કરવી પડે અને છતાં પરિણામ ન મળે તે દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. તેમણે તાત્કાલિક અસરથી અસરગ્રસ્ત ગામોમાં પાણીના ટેક્રરો મોકલી રાહત પહોંચાડવાની માંગણી કરી છે.

સાથે જ તેમણે જણાવ્યું હતું કે માત્ર ટેક્રર આધારિત વ્યવસ્થા પૂરતી નથી. સરહદી અને અંતરિયાળ વિસ્તારોને ધ્યાનમાં રાખી લાંબા ગાળાની પાણી પુરવઠા યોજના અમલમાં મૂકવાની જરૂર છે. પાઈપલાઈન નેટવર્કને મજબૂત બનાવવું, જળસંગ્રહના નવા સ્ત્રોતો વિકસાવવા, ચેકડેમ અને તળાવોની ક્ષમતા વધારવા તથા નર્મદાના પાણીનો નિયમિત અને પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા જેવા પગલાં ભરવામાં આવે તો જ આ સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે. સ્થાનિકોમાં એવી પણ લાગણી છે કે વિકાસના અનેક દાવાઓ વચ્ચે આજે પણ સરહદી ગામોના લોકો પાણી જેવી મૂળભૂત સુવિધા માટે સંઘર્ષ કરી રહ્યા છે. એક તરફ કચ્છ વિકાસના નવા આયામો સર કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ છેવાડાના ગામોમાં પાણી માટેની હાકલ વાસ્તવિક સ્થિતિને ઉજાગર કરી રહી છે.

# સોમવંતી અમાસના કોડાય ગૌશાળા મધ્યે ગાયોને લાપસીનું જમણ કરાવાયું





અધિક માસ અને સોમવંતી અમાસના પવિત્ર દિવસે કોડાય ગૌશાળા મધ્યે ગાયોને લાપસીનું જમણ કરાવીને આશીર્વાદ મેળવ્યા હતા.

# મેહુલપાર્ક કોલોનીમાં હડકાયેલી ગાયને પકડી પાંજરાપોળમાં મોકલાવાઈ

### રહેવાસીઓએ વ્યક્ત કર્યો આભાર

ભુજ-કચ્છઉદય : ભુજ-મુંદરા રોડ સ્થિત મેહુલપાર્ક કોલોની, વોર્ડ નં. ૧૧ વિસ્તારમાં હડકાયેલી ગાય ફરી વળતાં સ્થાનિક રહેવાસીઓમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. ગાય આક્રમક બની રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ તરફ દોડી રહી હતી તેમજ લોકોને કરડવાનો પ્રયાસ કરતી હોવાનું સામે આવતાં વિસ્તારમાં ભયની લાગણી ફેલાઈ હતી.

આ અંગેની જાણ કષ્ટભંજન હનુમાનજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ મયુરસિંહ જાડેજા દ્વારા વોર્ડ નં. ૧૧ના કાઉન્સિલર ગીતાબેન અલ્પેશભાઈ પટેલને કરવામાં આવી હતી. ઘટનાની માહિતી મળતાની સાથે જ ગીતાબેન પટેલ તથા અલ્પેશભાઈ પટેલે મામલાની ગંભીરતા સમજી તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. નાગરિકોની સલામતીને પ્રાથમિકતા આપતાં સંબંધિત ટીમનો સંપર્ક કરી



હડકાયેલી ગાયને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ટીમે સમયસર પહોંચીને ગાયને સુરક્ષિત રીતે પકડી પાડી હતી અને ત્યારબાદ તેને પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવી હતી. જેના કારણે વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો અને રહેવાસીઓએ રાહત અનુભવી હતી.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે ગાયની આક્રમક હરકતોને કારણે બાળકો, વૃદ્ધો અને રાહદારીઓ માટે જોખમ ઊભું થયું હતું, પરંતુ સમયસર કરવામાં આવેલી કામગીરીથી સંભવિત અકસ્માત કે જાનહાનિ ટળી હતી. રહેવાસીઓએ કાઉન્સિલર ગીતાબેન અલ્પેશભાઈ પટેલ, અલ્પેશભાઈ પટેલ અને માહિતી આપનાર મયુરસિંહ જાડેજાનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે જનહિતના પ્રશ્ને ઝડપી પ્રતિસાદ આપવો પ્રશંસનીય બાબત છે.

વોર્ડ નં. ૧૧માં બનેલી આ ઘટનાએ રખડતા અને બીમાર પશુઓના પ્રશ્ને સાવચેતી રાખવાની જરૂરિયાત તરફ પણ ધ્યાન દોર્યું છે. સ્થાનિકોના મતે સમયસર લેવાયેલા પગલાંના કારણે વિસ્તારના લોકોની સુરક્ષા સુનિશ્ચિત બની શકી છે.

# ખાડાઓના સામ્રાજ્યમાં ફેરવાયો મોટી સિંધોડી-પિંગલેશ્વર માર્ગ

નલિયા - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના મોટી સિંધોડી ગામથી કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ પિંગલેશ્વર મહાદેવ મંદિરને જોડતો માર્ગ આજે પોતાની જ દુર્દશાની કહાની કહી રહ્યો છે. આશરે ત્રણ કિલોમીટર લાંબો આ માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસમાર હાલતમાં ધકેલાઈ ગયો છે, જેના કારણે સ્થાનિક ગ્રામજનો, વાહનચાલકો તેમજ યાત્રાળુઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તા પર ઠેરઠેર ઊંડા ખાડા, ઉખડેલું ડામર અને ધૂળના ગોટેગોટા વચ્ચે મુસાફરી કરવી જોખમકારક બની ગઈ છે.

સિંધોડી ચોકડીથી શરૂ થતો આ માર્ગ પિંગલેશ્વર મહાદેવ મંદિર સુધી પહોંચવાનો મુખ્ય માર્ગ છે. દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ આ માર્ગનો ઉપયોગ કરે છે, પરંતુ હાલની સ્થિતિ એવી બની ગઈ છે કે વાહનચાલકોને દરેક થોડા અંતરે ગતિ ધીમી કરવાની ફરજ પડે છે. સામાન્ય રીતે પાંચ મિનિટમાં પૂર્ણ થતો પ્રવાસ હવે વીસથી ત્રીસ મિનિટ સુધી લંબાઈ રહ્યો છે. ખાસ કરીને બાઈકચાલકો માટે આ માર્ગ

### યાત્રાધામ સુધી પહોંચવું બન્યું કસોટી સમાન

ધાર્મિક આસ્થા અને પ્રવાસનના કેન્દ્ર એવા પિંગલેશ્વર મહાદેવ સુધી પહોંચવા માટેનો માર્ગ જ જ્યારે જોખમોથી ભરેલો હોય ત્યારે યાત્રાળુઓમાં અસંતોષ ફેલાવવો સ્વાભાવિક છે. ચોમાસા પહેલાં માર્ગનું નવીનીકરણ કરવામાં આવે અને લોકોને સલામત તથા સુવિધાજનક મુસાફરી મળી રહે તે માટે હવે સ્થાનિક સ્તરે ઉગ્ર લોકમાંગ ઊભી થઈ છે.

અકસ્માતનું કારણ બની રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ રસ્તાની હાલતને કારણે નાના-મોટા અકસ્માતો હવે સામાન્ય બાબત બની ગયા છે. વાહનોના ટાયર, સસ્પેન્શન અને અન્ય ભાગોને પણ નુકસાન થઈ રહ્યું છે. અનેક વખત રજૂઆતો છતાં તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો જ આપવામાં આવ્યા હોવાનું ગ્રામજનોનું કહેવું છે.

સિંધોડી ગામના જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું કે માર્ગની સમસ્યા અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે હાલના ખાડાઓ વરસાદી પાણીથી ભરાઈ જશે અને માર્ગ વધુ જોખમી બની જશે. આવી સ્થિતિમાં કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં જ તાત્કાલિક સમારકામ કરવું જરૂરી છે. પિંગલેશ્વર મહાદેવ મંદિર કચ્છના અગ્રણી ધાર્મિક અને પ્રવાસન સ્થળોમાંનું એક હોવાથી આ માર્ગ માત્ર ગામનો નહીં પરંતુ સમગ્ર વિસ્તારના શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ માટે મહત્વનો છે. તેમ છતાં માર્ગની હાલત વિકાસના દાવાઓ સામે અનેક પ્રશ્નો ઉભા કરી રહી છે. સ્થાનિકો અને યાત્રાળુઓએ માર્ગનું તાત્કાલિક રિપેરિંગ, ખાડાઓનું પૂરકામ અને નવા ડામર રોડનું નિર્માણ કરવાની માંગ ઉઠાવી છે.

# અંધેરી કવિઓ સેવા સમાજ દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો



ભુજ-કચ્છઉદય : અંધેરી કચ્છી વિશા ઓશવાળ સેવા સમાજ દ્વારા અને કવિઓ સ્થાનક વાસી જૈન મહાજન મુંબઈના સથવારે તેમજ માતૃશ્રી પ્રભાવતી વલ્લભજી માલશી ગાલા પરિવાર પ્રેરિત મુનિસુવ્રત સ્વામી મેડિકલ ફંડના સહયોગથી મેડિકલ ચેકઅપ કેમ્પ જોશી જાગીર હોલ અંધેરી પૂર્વમાં રાખવામાં આવેલ જેમાં લગભગ ૩૨૫ લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પના ઉદઘાટક તરીકે વિજ્ઞેશ ભેદા, દિલીપ હરીઆ, રમણીકભાઈ ગાલા હતા. અતિથિ તરીકે સ્થાનકવાસી જૈન મહાજનના ઉપપ્રમુખ અનિલ ગંગર, સેક્રેટરી રાજન ધરોડ, કેતન સંઘવી, નગરસેવિકા કેશરબેન પટેલ, દિશા યાદવ, પ્રભાગ સમિતિ અધ્યક્ષ નગરસેવક પ્રકાશ મુસરે, દિલીપ રાભિયા, ગીરીશભાઈ શાહ, શંભુગીરી બેચરગીરી હાજર રહી કાર્યકરોની ધગશ તેમજ કાર્યક્રમને સુશોભિત કરેલ હતો. આવકાર તેમજ સંચાલન ચંદ્રકાંત રામજી ગાલાએ કરેલ અને કેતન કેનિઆએ આભારની લાગણી વ્યક્ત કરી હતી એવું અંધેરી કવિઓ સેવા સમાજના સેક્રેટરી રોનક ગાલાની યાદીમાં જણાવાયું હતું.

# માંડવીથી માત્ર ૨૦૫૦ કિ.મી. દૂર ઈરાનનું છુપાયેલું પરમાણુ રહસ્ય

### ખાડી જતા વહાણો માટે નવો ખતરો

ભુજ - કચ્છઉદય : કચ્છના કિનારેથી અરબી સમુદ્ર પાર કરતાં જ ભૌગોલિક રીતે ઈરાન ખૂબ નજીક આવી જાય છે અને હવે આ નજીકપણું એક નવા જોખમ સાથે જોડાયું છે. ઈરાને તાજેતરમાં પોતાના લગભગ અડધા ટન હાઈલી એનરિચ્ડ યુરેનિયમના જથ્થાને મધ્ય ઈરાનના ઈસ્ફાહાન પરમાણુ સંકુલની ભૂગર્ભ ટનલોમાં દફનાવી દીધો છે. ટનલોના પ્રવેશદ્વાર વિસ્ફોટ કરીને બંધ કરી દેવામાં આવ્યા છે અને ઉપર ખાણો પાથરી દેવામાં આવી છે. આ જથ્થો ૬૦ ટકા સુધી શુદ્ધ છે અને બોમ્બ બનાવવા માટે વાપરી શકાય તેટલો જોખમી માનવામાં આવે છે. નકશા પર જોઈએ તો કચ્છથી ઈસ્ફાહાનનું હવાઈ અંતર માત્ર ૨૦૫૦ કિલોમીટર જેટલું થાય છે. એટલે ભારતના પશ્ચિમી કિનારાથી ઈરાનનું આ ગુપ્ત પરમાણુ સ્થળ ખૂબ નજીક



છે.

ખતરાની વાત કરીએ તો જ્યાં સુધી આ સામગ્રી ટનલોમાં સુરક્ષિત છે ત્યાં સુધી બહાર રેડિયેશન લીક થવાની શક્યતા ઓછી છે. પરંતુ નિષ્ણાતો ચેતવે છે કે જો હુમલા કે ખોદકામ દરમિયાન યુરેનિયમ હેક્ઝાફ્લોરાઈડથી ભરેલા કેનિસ્ટર તૂટે તો ફ્લોરિન નામનો ઝેરી અને કાટ લગાડતો ગેસ બહાર નીકળી શકે છે. આ ગેસ ત્વચા, આંખ અને ફેફસાંને તાત્કાલિક નુકસાન પહોંચાડે છે. વધુ ચિંતાની વાત એ છે કેનિસ્ટરો નજીક - નજીક રાખવામાં આવ્યા હોય તો સ્વયંભૂ પરમાણુ પ્રતિક્રિયા થઈને મોટા પ્રમાણમાં કિરણોત્સર્ગ છૂટવાની પણ શક્યતા છે. એટલે સાઈટ પર કામ કરનારા અને નજીકના વિસ્તાર માટે ખતરો સૌથી વધુ છે.

આ ઘટનાની સીધી અસર કચ્છના માંડવી બંદરથી ઈરાન અને ખાડી દેશો જતા વહાણો પર પણ પડી છે. ઈરાને યુરેનિયમ અમેરિકાને સોંપવાની વાતચીત વચ્ચે જ આ જથ્થો છુપાવી દીધો હોવાથી અમેરિકા - ઈરાન વચ્ચે તણાવ વધવાની શક્યતા છે. માંડવીથી નીકળતા વેપારી વહાણો માટે સૌથી સંવેદનશીલ જગ્યા હોર્મુઝની સામુદ્રધુની છે જ્યાંથી વિશ્વના ૨૦ ટકા તેલનો વેપાર થાય છે. તણાવ વધે તો ઈરાન આ સમુદ્રી દરિયાઈ ખાણો પાથરી શકે, ડ્રોન કે મિસાઈલ હુમલા કરી શકે અથવા વહાણોની તપાસ કડક બનાવી શકે.

નિષ્ણાતોના મતે હાલમાં દરિયામાં રેડિયેશનનો સીધો ખતરો નથી, પરંતુ ભૂ-રાજકીય તણાવને કારણે વીમા પ્રીમિયમ વધવા, રૂટ બદલવાની ફરજ પડવા અને સુરક્ષા ખર્ચ વધવા જેવી મુશ્કેલીઓ માંડવીથી ખાડી દેશો તરફ જતા વહાણો માટે વધી શકે છે. એટલે ભૌગોલિક નજીકપણું હવે કચ્છ અને માંડવી માટે માત્ર વેપારની તક જ નહીં, પરંતુ નવી સુરક્ષા ચિંતાનું કારણ પણ બની રહ્યું છે.

# શેરડી અને આસપાસના ગામોમાં વીજ સમસ્યાનો દોર યથાવત

### ગ્રામજનોમાં અસંતોષ, તાત્કાલિક સુધારાની માંગ

ગઢશીશા - કચ્છ ઉદય : માંડવી તાલુકાના શેરડી ગામમાં છેલ્લા ત્રણથી ચાર વર્ષથી સતત ચાલતી વીજ પુરવઠાની સમસ્યાએ ગ્રામજનોને ભારે હાલાકીમાં મૂકી દીધા છે. ઉનાળો હોય કે ચોમાસું બન્ને ઋતુઓમાં વારંવાર વીજળી ખોરવાઈ જવાની સ્થિતિ યથાવત્ રહી છે, જેના કારણે દૈનિક જીવન પર ગંભીર અસર પડી રહી છે. સામાન્ય પવન કે હળવા વરસાદમાં પણ લાઈન ટ્રિપ થવાની ઘટના વારંવાર બનતી હોવાની ગ્રામજનોમાં ફરિયાદો ઉઠી રહી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ અચાનક વીજ પુરવઠો બંધ થઈ જવાથી અનેક વખત કલાકો સુધી અંધકારમાં રહેવું પડે છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં આ સમસ્યા વધુ કઠિન બની જાય છે, જ્યારે રાત્રિના સમયે વીજ કપાતના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસમાં વિક્ષેપ પડે છે અને વૃદ્ધો તથા મહિલાઓને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. લાંબા સમયથી ચાલતી આ પરિસ્થિતિએ ગ્રામ્ય વિસ્તારોમાં અસંતોષનું વાતાવરણ ઊભું કર્યું છે. ચોમાસાની ઋતુ દરમિયાન તો પરિસ્થિતિ વધુ ગંભીર બની જાય છે. સતત વરસાદ અને ટેકનિકલ ખામીઓના કારણે લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાઈ રહે છે, જેના કારણે ખેતી અને ઘરગથ્થુ બંને પ્રકારની પ્રવૃત્તિઓ પર સીધી અસર પડે છે. રોજિંદા જીવન વ્યવસ્થા ખોરવાઈ જવાથી ગ્રામજનોની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે.

શેરડી ગામનું સબ-સ્ટેશન ડોણ ગામ ખાતે આવેલ હોવાથી આ સમસ્યાનો પ્રભાવ માત્ર શેરડી ગામ પૂરતો સીમિત નથી રહેતો. ભાડઈ, ગંગાપર સહિત આસપાસના અનેક ગામોના રહેવાસીઓ પણ સમાન વીજ સમસ્યાનો સામનો કરી રહ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસ્થિરતા અને અસંતોષનું માહોલ સર્જાયો છે. સ્થાનિક લોકોની લાગણી અને જનહિતને ધ્યાનમાં રાખીને વીજ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી લાઈન ખામીઓનું મૂળ કારણ શોધી કાયમી અને અસરકારક ઉકેલ લાવવામાં આવે તેવી માંગ સામાજિક કાર્યકર જખુભાઈ સંઘારે દ્વારા કરવામાં આવી છે.

# મિત્ર પાસેથી લીધેલી રકમનો ચેક બાઉન્સ થતા આરોપીને દોઢ વર્ષની કેદ

### મુંદરા કોર્ટે રૂ. ૨.૭૫ લાખના ચેક પરત ફરવાના કેસમાં દોષિત ઠરાવી દંડ ફટકાર્યો

મુંદરા - કચ્છ ઉદય : ચેક પરત ફરવાના એક મહત્વપૂર્ણ કેસમાં મુંદરાની અદાલતે આરોપીને દોષિત ઠરાવી દંડ અને દોઢ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. મિત્રતાના સંબંધના આધારે લેવામાં આવેલી ઉછીની રકમ પરત ન ચૂકવતા અને આપવામાં આવેલો ચેક નામંજૂર થતાં આ કેસ અદાલત સુધી પહોંચ્યો હતો.

કેસની વિગતો અનુસાર મુંદરાના રહેવાસી શિવરાજસિંહ અનુપાસિંહ જાડેજાએ મિત્રતાના નાતે લલ્લુભાઈ દશરથભાઈ પટેલ, રહે. નાગોર (તા. ભુજ)ને રૂ. ૧૧ લાખની રકમ હાથ ઉછીની આપી હતી. આ રકમમાંથી ભાગરૂપે લલ્લુભાઈ પટેલે ફરિયાદીને રૂ. ૨ લાખ ૭૫ હજારનો ચેક આપ્યો હતો. જોકે બેંકમાં રજૂ કરાતા ચેક પરત ફરતા ફરિયાદી દ્વારા કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ મામલે ફરિયાદી દ્વારા મુંદરાની ન્યાયિક પ્રથમ વર્ગ મેજિસ્ટ્રેટ અદાલતમાં ચલણક્ષમ દસ્તાવેજ સંબંધિત કાયદાની જોગવાઈઓ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન રજૂ થયેલા પુરાવા અને દલીલોને આધારે અદાલતે આરોપી લલ્લુભાઈ દશરથભાઈ પટેલને દોષિત જાહેર કર્યો હતો. અદાલતે આરોપીને ચેકની રકમ મુજબનો દંડ ભરવાનો આદેશ આપ્યો હતો તેમજ દંડની સજા ઉપરાંત દોઢ વર્ષની સાદી કેદ પણ ફટકારી હતી. આ ચુકાદાને ચેક પરત ફરવાના કેસોમાં મહત્વપૂર્ણ નિર્ણય તરીકે જોવામાં આવી રહ્યો છે.ફરિયાદી પક્ષ તરફથી મુંદરાના વકીલ રૂપેશ પદ્મકાન્ત રાવલ તથા તેમના સહાયક વકીલ દીપા હરસુખભાઈ જંગમ અદાલતમાં હાજર રહી અસરકારક રજૂઆતો કરી હતી. અદાલતે તમામ પાસાઓનું મૂલ્યાંકન કર્યા બાદ ફરિયાદી પક્ષની રજૂઆતને માન્ય રાખી આરોપી સામે સજાનો હુકમ કર્યો હતો.

# જૈન આશ્રમ માંડવીના વડીલો માટે મોજ મજા કાર્યક્રમ યોજાયો

માંડવી - કચ્છઉદય : જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે તાજેતરમાં દાતાના સહયોગથી મેઘજી શોજપાલ જૈન આશ્રમ માંડવીના ૧૦૦ જેટલા વડીલોનો ખાલીપો દૂર કરવા માટે મોજ મજા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં તેમણે ભારે મોજ કરી હતી. જૈન આશ્રમના પ્રાંગણમાં સંસ્થાના પ્રમુખ વેલજીભાઈ ગણેશભાઈ



મહેતાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં આશ્રમના સંચાલક અનિલભાઈ ટાંકે દરેકને આવકાર્યા હતા અને નવકાર મહામંત્રના જાપ સાથે કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો.

આગળના ચરણમાં આશ્રમવાસી વડીલો માટે નવકાર ધૂન પ્રાર્થના ધાર્મિક અંતાક્ષરી પરમાત્માને ઓળખો વન મિનિટ ગેમ વિગેરે સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં દરેક આશ્રમવાસી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા અને ભારે મોજ કરી હતી. જેના વિજેતાઓને પુરસ્કૃત કરાયા હતા. સમારોહના અધ્યક્ષ સ્થાનેથી વી.જી મહેતાએ વડીલોને ઘરના મોભી અને પથદર્શક ગણાવી તેમનો ખાલીપો દૂર કરવા દર મહિને કાર્યક્રમ યોજવાની ઘોષણા કરી હતી. બાદમાં દરેકને મિષ્ઠાન નમકીન અને સાબુ ટોવેલ ની પ્રભાવના કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પ્રદીપભાઈ દોશી, શાંતિલાલ મોતા, મનીષ મહેતાએ જહેમત ઉઠાવી હતી. મીનાક્ષીબેન મોતા તથા ભાવનાબેન જોશીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. સંચાલન શાંતિલાલ મોતા અને આભાર વિધિ અનિલભાઈ ટાંકે કરી હતી.

# કોંગ્રેસના સેવાભાવી અગ્રણી બળવંતસિંહ ઝાલાનો આજે જન્મદિવસ

ભુજ -કચ્છઉદય : કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના પાયાના પથ્થર સમાન સેવાભાવી અગ્રણી અને જિલ્લા મંત્રી બળવંતસિંહ ઝાલાનો આજે જન્મદિવસ છે. એમના પર શુભેચ્છકો દ્વારા શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે. શ્રી ઝાલા સમાજમાં પણ મોટું યોગદાન ધરાવે છે. નાના મોટા સૌ કોઈને મદદ કરવા હંમેશા તત્પર રહે છે. શહેરો અને ગામડાના કાર્યકરો સાથે આત્મીયતા રાખી અને કોંગ્રેસને મજબૂત કરવા માટે એમના હંમેશા પ્રયાસો રહ્યા છે. ગાંધીધામ શહેર કોંગ્રેસ સમિતિના



ચેરમેન વાલજીભાઈ બળિયા અને કોંગ્રેસી આગેવાનોએ એમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમદાવાદમાં વિદેશ જેવી સુવિધા! પોશ વિસ્તારમાં શરૂ થયું શહેરનું પ્રથમ પેલિકન સિગ્નલ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ: શહેરમાં ૨૦30માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને લઈ તંત્ર દ્વારા અત્યારથી જ વિદેશ જેવી સુવિધાઓ ઉભી કરવાની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત વિદેશમાં રાહદારીઓને મળતી સુવિધા જેવી સુવિધા અમદાવાદમાં આપવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે. શહેરના હાર્દ સમા સી જી રોડ પર રાહદારીઓ માટે નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. રોડ ક્રોસ કરવા બટન દબાવતા લાલ સિગ્નલ ચાલુ થશે. જોકે કેટલા વાહનચાલકો પેલિકન સિગ્નલનું પાલન કરશે તે મોટો સવાલ છે.

મળતી વિગત પ્રમાણે, વિશ્વના અનેક દેશોમાં રાહદારીઓ અને સાયક્લિસ્ટોની સલામતી તેમજ સુવિધાને પ્રાયોરિટી આપવામાં આવે છે અને પગપાળા ચાલતાં લોકોને રોડ ક્રોસ કરવો હોય તો તેના માટે ચોક્કસ જગ્યાએ ઝીબ્રા ક્રોસિંગ દોરીને પેલિકન ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવે છે, તેવી જ રીતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સીજી રોડ ઉપર આ પ્રકારનું નવતર ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવ્યું છે. ૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી શહેરમાં પગપાળા ચાલતા જતા નાગરિકોને રોડ ક્રોસ કરવામાં પડતી તકલીફ દૂર કરવા માટે વિદેશમાં હોય છે તેવા પેલિકન ટ્રાફિક સિગ્નલ લગાવવા સૂચના આપવામાં આવી હતી. જેને લઈ સી જી રોડ પર જ્યાં નાગરિકો સૌથી વધુ રોડ ક્રોસ કરે છે તેવા મ્યુનિસિપલ માર્કેટ આગળ આ સિગ્નલ લગાવવામાં આવ્યું છે. પ્રાયોગિક ધોરણે લગાવાયેલાં ટ્રાફિક સિગ્નલનો હવાલો હાલ ટ્રાફિક પોલીસને સોંપવામાં આવ્યો છે અને નાગરિકો તેનો કેવો વપરાશ કરે છે તેનો અભ્યાસ કરાશે. જો આ ટ્રાયલ સફળ અને લોકોપયોગી જણાશે તો અન્ય ભીડભાડવાળા રોડ પર પણ પેલિકન સિગ્નલ લગાવવામાં આવશે.

# જસદણના પટારાનો વૈશ્વિક ડંકોઃ સદીઓ જૂની 'જસદણ પટારી'ને મળ્યો જીઆઈ ટેગ

(પ્રતિનિધિ દ્વારા)

જસદણ: ગુજરાતના સમૃદ્ધ અને પરંપરાગત હસ્તકલા વારસાને વૈશ્વિક સ્તરે વધુ એક મોટું ગૌરવ મળ્યું છે. રાજકોટ જિલ્લાના જસદણ શહેર અને તાલુકાની સદીઓ જૂની અને પ્રખ્યાત 'જસદણ પટારી'ની પરંપરાગત સુશોભિત પેટી/પટારાની હસ્તકલાને વર્ષ ૨૦૨૫-૨૬ માટે સત્તાવાર રીતે જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન રજિસ્ટ્રેશન મંજૂર કરવામાં આવ્યું છે. ભૌગોલિક ઓળખ આપતા આ જીઆઈ ટેગ મળવાને કારણે સ્થાનિક કારીગરો દ્વારા પેઢીઓથી જીવંત રાખવામાં આવેલી આ અનન્ય કલાને આંતરરાષ્ટ્રીય સ્તરે કાયદાકીય રક્ષણ અને લાંબા સમયથી પ્રતિક્ષિત ઓળખ પ્રાપ્ત થઈ છે, જે જસદણ પંથકના કારીગર સમુદાય માટે એક ઐતિહાસિક સીમાચિહ્ન સમાન છે. જસદણ પ્રદેશના આ અનોખા ક્રાફ્ટને મળેલી આ વૈશ્વિક ઓળખથી સ્થાનિક કારીગરોની ગ્રામીણ આજીવિકા મજબૂત બનશે અને તેની નકલ થતી અટકાવી શકાશે. રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક દ્વારા તેની 'ગ્રામ્ય વિકાસ નિધિ' યોજના હેઠળ આ કલાને જીઆઈ ટેગ અપાવવા માટે નાણાકીય અને વહીવટી ટેકો પૂરો પાડવામાં આવ્યો હતો. આ સમગ્ર નોંધણી પ્રક્રિયા દરમિયાન કારીગરોમાં જાગૃતિ લાવવા, કલાના ઐતિહાસિક દસ્તાવેજીકરણ તૈયાર કરવા અને અરજી કરવા સુધીની તમામ કામગીરી સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશનના માધ્યમથી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.

નાબાર્ડના સત્તાવાર પ્રતિનિધિએ આ મોટી સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જીઆઈ ટેગ એ માત્ર કોઈ પ્રોડક્ટની ઓળખ નથી, પરંતુ પેઢીઓથી આ પરંપરાગત કલાને સાચવી રાખનારા કારીગરોની કુશળતા, સમર્પણ અને મહેનતનું સન્માન છે. આનાથી કારીગરોની આર્થિક સ્થિતિ સુધરશે અને નવી પેઢીના યુવાનો પણ આ વારસાને આગળ ધપાવવા માટે પ્રેરિત થશે." નોંધનીય છે કે નાબાર્ડ અગાઉ પણ ગુજરાતના પ્રખ્યાત 'અજરખ બ્લોક પ્રિન્ટ' (કચ્છ) અને 'અમલસાડ ચીકુ' (નવસારી) ને સફળતાપૂર્વક જીઆઈ ટેગ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી ચૂક્યું છે.

# જયપુરમાં કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર પર હુમલો, અભિજીત દીપકેને યુવકે માર્યા લાફા

(એજન્સી દ્વારા)

જયપુર : રાજસ્થાનના જયપુરમાં કોકરોચ જનતા પાર્ટીના અભિજીત દીપકે પર હુમલો થયો છે. વિરોધ પ્રદર્શન દરમિયાન એક અજ્ઞાત યુવકે અભિજીત પર હુમલો કરી દીધો. યુવકે અભિજીતને એક પછી એક ઘણી થપ્પડ મારી. ત્યારબાદ અભિજીતના સમર્થકોએ યુવકને પકડીને ભારે માર માર્યો અને ત્યાં હંગામો મચી ગયો.

જયપુરમાં કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજીત દીપકે દ્વઈઈ પેપર લીક, શિક્ષણ વ્યવસ્થા અને બેરોજગારી જેવા મુદ્દાઓને લઈને જયપુરમાં વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન ભીડમાંથી એક યુવકે અભિજીત દીપકેને એક પછી એક ઘણી થપ્પડ જડી દીધી. ઉક્ત સંસ્થાપક દીપકેને થપ્પડ મારવાનો વીડિયો પણ સામે આવ્યો છે. માહિતી અનુસાર, ભીડની વચ્ચે ત્રણ લોકો એક સાથે પહોંચ્યા, જેમાંથી એકે આગળ વધીને અભિજીત દીપકેને તાબડતોડ ઘણી થપ્પડ જડી દીધી. બાદમાં તરત જ પોલીસે થપ્પડ મારનારને કસ્ટડીમાં લીધો અને વિધાયકપુરી પોલીસ સ્ટેશન લઈ ગઈ છે. કોકરોચ જનતા પાર્ટી તરફથી નીટ પેપર લીક, શિક્ષણ વ્યવસ્થામાં સુધાર, ભરતી પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને વધતી બેરોજગારી વિરુદ્ધ પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાનો, વાલીઓ અને મહિલાઓ સામેલ થયાં.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર અભિજીત દીપકેના શહીદ સ્મારક પહોંચવા પર સમર્થકોએ તેમને ખભા પર ઉઠાવી લીધા. આ દરમિયાન ભીડમાં હાજર એક યુવક તેમની પાસે પહોંચ્યો અને થપ્પડ મારી દીધી. ઘટના બાદ ત્યાં હાજર સમર્થકોમાં આક્રોશ ફેલાઈ ગયો અને તેમણે યુવકને પકડીને મારવાનું શરૂ કરી દીધું. બાદમાં પોલીસે પરિસ્થિતિ સંભાળી અને આરોપીને પોતાની સાથે લઈ ગઈ.

આ ઉપરાંત થપ્પડ કાંડ પહેલા પણ પ્રદર્શન સ્થળ પર કેટલાક યુવકો વચ્ચે વિવાદ થઈ ગયો હતો. નારાબાજી દરમિયાન શરૂ થયેલો વિવાદ ધક્કા-મુક્કી સુધી પહોંચી ગયો. માહોલ બગડતો જોઈ પોલીસે હસ્તક્ષેપ કર્યો અને એક યુવકને કસ્ટડીમાં લીધો. ત્યારબાદ સ્થિતિ સામાન્ય થઈ અને કાર્યક્રમ આગળ વધ્યો. ધરણાસ્થળ પર ભીડની વચ્ચે મોબાઈલ ચોરીની ઘટનાઓ પણ સામે આવી. ઘણા લોકોએ પોતાના ફોન ગાયબ થવાની ફરિયાદ કરી. ફરિયાદો વધવા પર મંચ પરથી આયોજકોએ લોકોને પોતાના મોબાઈલ અને કિંમતી સામાન સુરક્ષિત રાખવાની અપીલ કરી. સાથે જ ભીડમાં સક્રિય ચોરોથી સાવધ રહેવા માટે કહ્યું.

# બે અલગ કેસોમાં આરોપીઓને નિર્દોષ જાહેર

### ચેક બાઉન્સ અને માર્ગ અકસ્માતના કેસોમાં પુરાવાના અભાવે રાહત

માંડવી - કચ્છ ઉદય : માંડવીની અદાલતે બે ફોજદારી કેસોમાં આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. પ્રથમ કેસમાં રૂ. ૨.૫૨ લાખના ચેક બાઉન્સ મામલે ફરિયાદી હિતેન્દ્રસિંહ બાલુભા જાડેજા દ્વારા ખીમા રામાભાઈ રબારી (રહે. જિયાપર) વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ચેક બેંકમાં અપૂરતા ભંડોળના કારણે પરત ફર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો, પરંતુ કેસ દરમિયાન રજૂ થયેલા પુરાવાઓ આરોપ સામે પૂરતા ન હોવાનું અદાલતે માન્ય રાખતાં આરોપીને નિર્દોષ છોડવામાં આવ્યો હતો.

બીજા કેસમાં ફરિયાદી હુસેન ગાભા સુમરા પોતાની પ્લેઝર મોટરસાયકલ પર જઈ રહ્યા હતા ત્યારે ઈલિયાસ ઈસ્માઈલ કુંભાર (રહે. મોટા રેહા, તા. ભુજ) દ્વારા ઈકો કાર બેદરકારીપૂર્વક હંકારી અકસ્માત સર્જાયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અકસ્માતમાં ફરિયાદી તથા અન્ય વ્યક્તિને ઈજા પહોંચી હોવાનું જણાવાયું હતું. જોકે કેસ દરમિયાન ફરિયાદ પક્ષ આરોપ સાબિત કરવા માટે પૂરતા અને વિશ્વસનીય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ જતાં અદાલતે ઈલિયાસ કુંભારને પણ નિર્દોષ જાહેર કર્યો હતો.

બંને કેસોમાં આરોપી પક્ષ તરફથી એડવોકેટ અલ્તાફહુસેન આર. નારેજા, આરીફહુસેન આર. નારેજા, એ.આઈ. સુમરા, સેફઅલી પીંજારા અને ઓનઅલી નારેજા હાજર રહ્યા હતા. આ બંને ચુકાદાઓ કાનૂની પ્રક્રિયામાં પુરાવાના મહત્વને વધુ એક વખત ઉજાગર કરતા હોવાનું કાનૂની જાણકારોનું માનવું છે.

# કચ્છની વક્ફ સંસ્થાઓને નોંધણી માટે વધુ સમય આપવા માંગણી

### રાજ્ય વક્ફ ન્યાયાધિકરણ સમક્ષ ચાર મહિનાના સમયવધારા માટે અરજી રજૂ

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જિલ્લામાં આવેલી વક્ફ સંસ્થાઓ, દરગાહો, મસ્જિદો, કબ્રસ્તાનો તથા અન્ય વક્ફ મિલકતોની નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે વધુ સમય આપવામાં આવે તેવી માંગ સાથે ગુજરાત રાજ્ય વક્ફ ન્યાયાધિકરણ સમક્ષ અરજી રજૂ કરવામાં આવી છે.

કચ્છ જિલ્લા વક્ફ સુરક્ષા સમિતિના અધ્યક્ષ તથા એનાયતશાહ બાપુની દરગાહ અને તકિયા વક્ફ ટ્રસ્ટના મુતવલ્લી પીર સૈયદ કૌસરઅલીશાહ હાજી મખદુમઅલી બાપુ દ્વારા રજૂ કરાયેલી અરજીમાં વક્ફ સંસ્થાઓને કેન્દ્ર સરકારના આશાવાદી પ્રબંધન અને સશક્તિકરણ માહિતી દર્શન નામના પોર્ટલ પર નોંધણી તથા જરૂરી વિગતો ચઢાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે વધુ ચાર મહિનાનો સમય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

અરજીમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૦૧ના વિનાશક કચ્છ ભૂકંપ દરમિયાન અનેક વક્ફ સંસ્થાઓના મહત્વપૂર્ણ દસ્તાવેજો નષ્ટ થઈ ગયા હતા. માલિકીના પુરાવા, આવકના હિસાબ, નોંધણી સંબંધિત કાગળો, નકશા, જૂની નોંધપોથીઓ તેમજ ઐતિહાસિક માહિતી ધરાવતા અનેક રેકોર્ડ કાયમ માટે ગુમ થઈ જતા આજે પણ ઘણી સંસ્થાઓને પોતાની મિલકતો અંગેની માહિતી એકત્રિત કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

વધુમાં રજૂઆતમાં જણાવાયું છે કે કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં આવેલી અનેક વક્ફ સંસ્થાઓ પાસે જરૂરી તકનીકી સુવિધાઓ અને સાધનોનો અભાવ છે. જેના કારણે નિર્ધારિત સમયમર્યાદામાં તમામ માહિતી એકત્રિત કરી યોગ્ય રીતે નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવી મુશ્કેલ બની રહી છે. તેથી સમયવધારો આપવામાં આવે તો તમામ સંસ્થાઓ જરૂરી વિગતો સાથે નિયમિત રીતે નોંધણી પૂર્ણ કરી શકશે.

આ રજૂઆત દરમિયાન અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિના પ્રમુખ હાજી સલીમભાઈ જત, અબ્દુલભાઈ રાયમા તથા અન્ય આગેવાનોએ માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો. કચ્છની વક્ફ મિલકતો અને સંસ્થાઓના હિતને ધ્યાનમાં રાખીને રાજ્ય વક્ફ ન્યાયાધિકરણ દ્વારા સમયવધારાની માંગણી અંગે હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# બિદડા આરોગ્યધામમાં પાર્કિન્સન્સ નિદાન શિબિરને ઉત્સાહભેર પ્રતિસાદ

### નિષ્ણાત ન્યૂરોલોજિસ્ટોની ટીમે ૫૯થી વધુ દર્દીઓની તપાસ કરી; સારવાર, કાળજી અને જીવનશૈલી અંગે માર્ગદર્શન અપાયું

બિદડા - કચ્છ ઉદય : ગ્રામ્ય વિસ્તારમાં આધુનિક અને નિષ્ણાત આરોગ્યસેવાઓ ઉપલબ્ધ બને તેમજ મગજના વિવિધ રોગો અંગે લોકોમાં જાગૃતિ વધે તેવા ઉદ્દેશ્ય સાથે માંડવી તાલુકાના બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે.એમ. પટેલ આરોગ્યધામ ખાતે મગજના રોગો અને પાર્કિન્સન્સ (કંપવાની બીમારી) અંગે નિઃશુલ્ક નિદાન તથા જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરને દર્દીઓ અને તેમના પરિવારજનો તરફથી નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો હતો અને પ્રથમ જ દિવસે ૫૯થી વધુ દર્દીઓએ નિઃશુલ્ક તપાસ તથા તબીબી સલાહનો લાભ લીધો હતો.

શિબિરમાં અમદાવાદના જાણીતા ન્યૂરોલોજિસ્ટ ડો. હેલી શાહ (એમ.ડી., ડી.એમ.), ડો. ચેતસી શાહ (એમ.ડી., ડી.એમ.) અને ડો. મોનાલિસા (એમ.ડી., ડી.એમ.) સહિતની નિષ્ણાત તબીબોની ટીમે દર્દીઓની વિગતવાર તપાસ કરી હતી. મગજની બીમારીઓ, પાર્કિન્સન્સ, સતત માથાનો દુખાવો, સ્મૃતિભ્રંશ, ચક્કર આવવા, હાથ-પગમાં ધ્રુજારી સહિતની સમસ્યાઓ ધરાવતા દર્દીઓને વ્યક્તિગત માર્ગદર્શન અને સારવાર અંગે સલાહ આપવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલા વિશેષ સેમિનારમાં નિષ્ણાત તબીબોએ પાર્કિન્સન્સ રોગના લક્ષણો, તેના પ્રારંભિક નિદાનનું મહત્ત્વ, દવાઓના નિયમિત સેવન, શારીરિક વ્યાયામ, યોગ્ય આહાર અને માનસિક સ્વાસ્થ્ય જાળવવા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પાર્કિન્સન્સ અને અન્ય ન્યૂરોલોજીકલ રોગો અંગે જાગૃતિ અને સમયસર સારવાર દ્વારા દર્દીઓ સામાન્ય જીવન જીવી શકે છે.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મુંબઈ સ્થિત નાણાવટી હોસ્પિટલ સાથે સંકળાયેલા પુષ્કરભાઈ વિષ્ણુદાસ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ બિદડા સર્વોદય ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ છેડાના હસ્તે ડો. હેલી શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી હેમંતભાઈ રાંભિયા દ્વારા મુખ્ય મહેમાન પુષ્કરભાઈ વિષ્ણુદાસ મહેતાનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે આરોગ્યધામના ડાયરેક્ટર મુકેશભાઈ દોશીના હસ્તે ડો. ચેતસી શાહનું સન્માન કરાયું હતું. ઉપરાંત ડો. મોનાલિસા અને હેમંત મિશ્રાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

શિબિરમાં ઉપસ્થિત દર્દીઓ અને તેમના પરિવારજનોને દવાઓની નિયમિતતા જાળવવા, સકારાત્મક અભિગમ અપનાવવા અને જીવનશૈલીમાં જરૂરી ફેરફારો કરવા અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય જાગૃતિને લગતા વિવિધ પ્રશ્નોના નિષ્ણાત તબીબોએ સંતોષકારક જવાબો પણ આપ્યા હતા.

આ અવસરે બિદડા સર્વોદય ટ્રસ્ટના આગેવાનો, ટ્રસ્ટીઓ, આરોગ્યધામના તબીબી અને વહીવટી સ્ટાફ સહિત મોટી સંખ્યામાં દર્દીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં ગુણવત્તાસભર આરોગ્યસેવા અને આરોગ્ય જાગૃતિ પહોંચાડવાના બિદડા સર્વોદય ટ્રસ્ટના સતત પ્રયાસોમાં આ શિબિર એક મહત્વપૂર્ણ અને લોકોપયોગી પહેલ સાબિત થઈ હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું.

# દાનવીરોના સહયોગથી કેરા-કુંદનપર શિક્ષણ ટ્રસ્ટને નવી શક્તિ

### જિલ્લા કક્ષાના વિદ્યાર્થી સન્માન સમારંભમાં રૂ. ૧૫ લાખના નવા દાનની જાહેરાત; શિક્ષણ ક્ષેત્રે ટ્રસ્ટના કાર્યને વ્યાપક પ્રશંસા

ભુજ - કચ્છ ઉદય : ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણના પ્રસાર અને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે સતત કાર્યરત કેરા-કુંદનપર શિક્ષણ ટ્રસ્ટને વધુ એક વખત દાતાશ્રીઓનો નોંધપાત્ર સહયોગ પ્રાપ્ત થયો છે. અહીં યોજાયેલા જિલ્લા કક્ષાના એ-વન ગ્રેડ મેળવનાર છાત્ર-છાત્રાઓના ભવ્ય સન્માન સમારંભ દરમિયાન ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓ માટે કુલ રૂ. ૧૫ લાખના નવા દાનની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષણક્ષેત્રે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી સેવાઓને શિક્ષણમંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ બિરદાવી હતી.

કાર્યક્રમ દરમિયાન અગાઉ રૂ. ૬૦ લાખનું દાન આપી ચૂકેલા મોશી નિવાસી રવજીભાઈ ગોવિંદ વરસાણી દ્વારા વધુ રૂ. ૫ લાખનું યોગદાન જાહેર કરવામાં આવ્યું હતું. ઉપરાંત મૂળ સામત્રાના કે. કે. પટેલ દ્વારા તેમની પત્ની ધનુબેન વરસાણીના નામે સંસ્થાના બગીચાના નવસર્જન માટે રૂ. ૫ લાખનું દાન અપાયું હતું. બંને દાતાશ્રીઓએ ભવિષ્યમાં સંસ્થાની પ્રસ્તાવિત આઈ.ટી.આઈ. પ્રવૃત્તિઓ માટે પણ યથાશક્તિ સહયોગ આપવાની લાગણી વ્યક્ત કરી હતી.કેરા-કુંદનપર શિક્ષણ ટ્રસ્ટ છેલ્લા ચાર દાયકાથી ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણનું ઉત્તમ કાર્ય કરી રહ્યું છે. આજે આ સંસ્થા ૩૧ ગામોના ૧,૪૪૭થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ અને વિવિધ સુવિધાઓ પૂરી પાડી રહી છે. કાર્યક્રમમાં કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયાએ ટ્રસ્ટના સેવાકાર્યોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણના ક્ષેત્રે સંસ્થાએ એક પ્રેરણાદાયી મોડેલ ઉભું કર્યું છે. આ પ્રસંગે ટ્રસ્ટના આઈ.ટી.આઈ. સંકુલના નામકરણ માટે દાતા બનેલા મૂળજીભાઈ લાલજી પિંડોરિયાના પુત્રો કિશોરભાઈ અને ભરતભાઈ પિંડોરિયા દ્વારા અગાઉ જાહેર કરાયેલ રૂ. ૩ કરોડના યોગદાનનો પણ ઉલ્લેખ થયો હતો, જેને ઉપસ્થિતોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.

વિદેશમાં વસતા કચ્છી દાતાશ્રીઓનો પણ સંસ્થાને સતત સહયોગ મળી રહ્યો છે. મૂળ બળદિયાના અને હાલ લંડન નિવાસી કે. કે. જેસાણી પરિવાર દ્વારા અગાઉ રૂ. ૫૧ લાખનું દાન આપવામાં આવ્યું હતું. ઉપરાંત જરૂરિયાતમંદ અને પ્રતિભાશાળી ગ્રામ્ય વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય આપવા માટે પણ તેમણે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તે જ રીતે મૂળ માધાપરના અને હાલ લંડન નિવાસી સામજીભાઈ શિવજી દબાસિયા દ્વારા સંસ્થામાં ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન મળે તે માટે મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. કાર્યક્રમ દરમિયાન અરજણભાઈ પિંડોરિયા તથા પૂર્વ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયાએ ટ્રસ્ટના કાર્યને સમાજ માટે આશીર્વાદરૂપ ગણાવ્યું હતું.

કાર્યક્રમના અંતે ટ્રસ્ટના સભ્યો અને ઉપસ્થિત આગેવાનો દ્વારા જિલ્લાભરની શાળાઓને આવરી લેતો આ પ્રકારનો વિશાળ વિદ્યાર્થી સન્માન સમારંભ કેરામાં યોજવા બદલ આયોજકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. રાજ્યના શિક્ષણમંત્રીએ પણ શિક્ષણ ક્ષેત્રે ટ્રસ્ટ દ્વારા સર્જાયેલા ઉત્કૃષ્ટ માપદંડોને રાજ્ય માટે પ્રેરણારૂપ ગણાવી અભિનંદન વ્યક્ત કર્યા હતા.

# કિસાન હિતના પ્રશ્નોને મળશે મજબૂત અવાજ



### રાષ્ટ્રીય કિસાન પરિષદ કચ્છના મહામંત્રી તરીકે યોગેશભાઈ પોકારની નિમણૂક

ભુજ - કચ્છ ઉદય : કચ્છના ખેડૂતોના હિત અને કૃષિ ક્ષેત્રના વિવિધ પ્રશ્નોને સંગઠિત રીતે ઉઠાવવા માટે રાષ્ટ્રીય કિસાન પરિષદ દ્વારા મહત્વપૂર્ણ નિમણૂક કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણભાઈ તોગડિયા તથા રાષ્ટ્રીય મહામંત્રી જયંતીભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત પ્રદેશ મહામંત્રી શશિકાંત પટેલ અને રાષ્ટ્રીય કિસાન પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ સી.કે. પટેલની ભલામણથી યોગેશભાઈ પોકારને રાષ્ટ્રીય કિસાન પરિષદ, કચ્છના મહામંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ નિમણૂકથી કચ્છના ખેડૂતોને સંગઠનાત્મક સ્તરે વધુ મજબૂત પ્રતિનિધિત્વ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. કચ્છમાં ખેડૂતોને અસર કરતા વિવિધ પ્રશ્નો જેમ કે નર્મદાના પાણીની ઉપલબ્ધતા, ગૌ અને ગૌચર જમીનનું સંરક્ષણ, વીજલાઈનના થાંભલાઓથી થતી મુશ્કેલીઓ, જમીન સંપાદન સામે અપૂરતું વળતર, કૃષિ પાકોના યોગ્ય ભાવનો અભાવ, ડીઝલ અને રાસાયણિક ખાતરના વધતા ભાવ, તેમજ ડ્રીપ સિંચાઈ સાધનો અને ખાતરની સમયસર ઉપલબ્ધતા જેવા મુદ્દાઓને પ્રાથમિકતા આપીને કામગીરી કરવામાં આવશે.

સંગઠનના આગેવાનોના જણાવ્યા મુજબ, યોગેશભાઈ પોકાર ખેડૂતોના પ્રશ્નોને સરકાર અને સંબંધિત વિભાગો સુધી અસરકારક રીતે પહોંચાડી શકશે તથા કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં રાષ્ટ્રીય કિસાન પરિષદના સંગઠનને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેમની નિમણૂકથી ખેડૂતોના હક્ક અને હિત માટેના આંદોલનને નવી દિશા અને ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# હિમાલય સર કરનાર કચ્છના સાહસવીરો

ભુજ - કચ્છ ઉદય : કચ્છના યુવાનોની સાહસિકતા ફરી એકવાર હિમાલયની ઊંચાઈઓ સુધી પહોંચી છે. હિમાચલ પ્રદેશની પીર પંજાલ પર્વતમાળામાં આવેલા ૧૭,૩૫૦ ફૂટ ઊંચા માઉન્ટ ફ્રેન્ડશિપ પર યોજાયેલા પર્વતારોહણ અભિયાનમાં કચ્છના ત્રણ યુવાનોએ નોંધપાત્ર પ્રદર્શન કરીને જિલ્લાનું નામ રોશન કર્યું છે.મુંદરાના પ્રિયાંશ જેઠવાએ તમામ પડકારોને પાર કરીને માઉન્ટ ફ્રેન્ડશિપના શિખર પર સફળ સમિટ પૂર્ણ કરી હતી. જ્યારે અંજારના રાજન જેઠવા અને પરાગ ટાંકે આશરે ૧૭ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચીને પોતાના સાહસ, ધૈર્ય અને મક્કમ મનોબળનો પરિચય આપ્યો હતો. બરફથી આચ્છાદિત માર્ગો, સતત બદલાતી આબોહવા, હાડ થીજાવતી ઠંડી અને ઓક્સિજનની ઓછી માત્રા જેવી વિકટ પરિસ્થિતિઓ વચ્ચે આ સિદ્ધિ હાંસલ કરવી અત્યંત પડકારજનક માનવામાં આવે છે.

ગુજરાતના ૧૯ યુવા પર્વતારોહકોની ટીમે આ અભિયાનમાં ભાગ લીધો હતો. અભિયાન પૂર્વે તમામ સહભાગીઓને બે મહિનાથી વધુ સમય સુધી વિશેષ તાલીમ આપવામાં આવી હતી. શારીરિક ક્ષમતા, માનસિક સજ્જતા અને પર્વતારોહણની કૌશલ્ય કસોટીઓ બાદ ટીમની પસંદગી કરવામાં આવી હતી. ૨૫ મે, ૨૦૨૬ના રોજ શરૂ થયેલા આ અભિયાનનો સમિટ પુશ ૩૦ મેની વહેલી સવારે સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો. અભિયાન દરમિયાન ટીમે માત્ર શિખર સર કરવાનું જ લક્ષ્ય રાખ્યું નહોતું, પરંતુ યુવાનોમાં સાહસિક પ્રવૃત્તિઓ પ્રત્યે જાગૃતિ લાવવા તેમજ પ્રકૃતિ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ પ્રસારિત કર્યો હતો. સમગ્ર અભિયાન દરમિયાન ટીમના સભ્યોએ એકતા, શિસ્ત અને સંકલ્પબળનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.આ અભિયાનમાં ઉત્સવ પહવા, બંસરી પટેલ, જૈનિલ શિંદે, રાજ રતન દાસ, હાર્દ શાહ, શુભમ ઘોઘારી, મૌલિક દેસાણી, હેત પ્રજાપતિ, રચના વ્યાસ, યશ ભીમાણી, પ્રિયાંશ જેઠવા, ઉમંગ પુરોહિત, અવિ ચૌહાણ, ફાલ્ગુની પટેલ, ઝહીર મન્સુરી, યશ કલારિયા, રાજન જેઠવા, પરાગ ટાંક અને કમલ દેસાઈ સહિત કુલ ૧૯ પર્વતારોહકોએ ભાગ લીધો હતો. કચ્છના યુવાનોની આ સિદ્ધિએ સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી પ્રસરી છે. હિમાલયના કઠિન શિખરો વચ્ચે દર્શાવેલી તેમની હિંમત અને સંકલ્પશક્તિ અન્ય યુવાનો માટે પ્રેરણારૂપ બની છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પૂર્વે કચ્છમાં વ્યાપક જનજાગૃતિ

### ૨૧ જૂનના મહા આયોજન માટે જિલ્લાભરમાં પ્રશિક્ષણ શિબિરો, હજારો લોકો યોગાભ્યાસ સાથે જોડાયા

ગાંધીધામ - કચ્છ ઉદય : વિશ્વભરમાં ૨૧ જૂને ઉજવાતા ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને કચ્છ જિલ્લામાં ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને યોગઋષિ સ્વામી રામદેવજી મહારાજની પ્રેરણાથી પતંજલિ યોગ સમિતિ તથા પતંજલિ પરિવાર દ્વારા જિલ્લાભરમાં યોગને જનઆંદોલનનું સ્વરૂપ આપવા માટે સઘન તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. શહેરોથી લઈને અંતરિયાળ ગામડાઓ સુધી યોગ પ્રત્યે જાગૃતિ લાવવા અને વધુમાં વધુ લોકોને યોગ સાથે જોડવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ 'યોગા ફોર હેલ્થી એજિંગ' રાખવામાં આવી છે, જે જીવનના દરેક તબક્કે યોગના મહત્ત્વને ઉજાગર કરે છે. વધતી ઉંમરમાં પણ શરીર અને મનને તંદુરસ્ત રાખવામાં યોગની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. આ થીમને કેન્દ્રમાં રાખીને કચ્છના વિવિધ વિસ્તારોમાં વિશેષ પ્રશિક્ષણ સત્રો અને માર્ગદર્શન કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

જિલ્લામાં હાલ કોમન યોગ પ્રોટોકોલનો નિયમિત અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. યોગ પ્રશિક્ષકો દ્વારા નમસ્કાર આસન, તાડાસન, ભુજંગાસન, વજ્રાસન સહિતના વિવિધ યોગાસનોનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. સાથે સાથે અનુલોમ-વિલોમ, કપાલભાતિ, ભ્રામરી પ્રાણાયામ અને ધ્યાન સાધના જેવી આરોગ્યપ્રદ પદ્ધતિઓની પણ તાલીમ આપવામાં આવી રહી છે. આ કાર્યક્રમોમાં મહિલાઓ, યુવાનો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને વરિષ્ઠ નાગરિકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. પતંજલિ પરિવારના કાર્યકરો દ્વારા શાળાઓ, કોલેજો, સામાજિક સંસ્થાઓ અને જાહેર સ્થળોએ જઈને યોગના લાભો અંગે લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. યોગ દિવસના મુખ્ય કાર્યક્રમમાં મહત્તમ જનભાગીદારી સુનિશ્ચિત થાય તે માટે સતત સંપર્ક અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે.

યોગ નિષ્ણાતોના જણાવ્યા મુજબ યોગ માત્ર શરીરને ફિટ રાખવાની પ્રક્રિયા નથી, પરંતુ તે મનને શાંતિ, વિચારોમાં સકારાત્મકતા અને જીવનમાં સંતુલન પ્રદાન કરતું વિજ્ઞાન છે. આજના ઝડપી અને તણાવભર્યા જીવનમાં યોગ વ્યક્તિને શારીરિક અને માનસિક રીતે મજબૂત બનાવે છે. નિયમિત યોગાભ્યાસથી અનેક જીવનશૈલીજન્ય રોગોથી બચી શકાય છે તેમજ આરોગ્યપ્રદ જીવન જીવવું સરળ બને છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને માત્ર એક દિવસની ઉજવણી નહીં પરંતુ સ્વસ્થ જીવનશૈલીના મહાઅભિયાન તરીકે જોવામાં આવી રહ્યો છે. કચ્છ જિલ્લામાં ચાલી રહેલી તૈયારીઓ દર્શાવે છે કે યોગ હવે માત્ર એક કસરત નહીં પરંતુ લોકોના જીવનનો મહત્વપૂર્ણ ભાગ બની રહ્યો છે. ૨૧ જૂને યોજાનારા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લોકો જોડાઈને યોગ દ્વારા સ્વસ્થ અને સશક્ત સમાજના નિર્માણનો સંકલ્પ લેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### કચ્છમાં સચરાચર મેઘવર્ષાની પ્રાર્થના સાથે

# માતાનામઢે બીજના જિલ્લા ભાજપના અગ્રણીએ ધજા ચડાવી







## મંદિર પરિસર જય માતાજીના નાદથી ગુંજી ઉઠ્યો : ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા





નખત્રાણા - કચ્છ ઉદય : તીર્થધામ માતાનામઢે મા આશાપુરા મંદિરે જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખંડોલ દ્વારા આજે ચંદ્રદર્શન બીજ નિમિત્તે ધજા ચડાવાઈ હતી અને તે સાથે સમગ્ર કચ્છ પર વહેલાસર સચરાચર વરસાદ આવે તેવી માતાજી પાસે વંદના કરાઈ હતી.

ધજા ચડાવાયા બાદ ભાજપના મોભીઓ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના આશીર્વાદ લીધા હતા.

ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ દિલીપભાઈ ત્રિવેદી, નખત્રાણા નગરપતિ વસંતભાઈ વેલજી વાઘેલા, તા.પં. પૂર્વ પ્રમુખ નખત્રાણાના ભરતભાઈ જીવરાજ સોમજિયાણી, ડાયાલાલ સેંઘાણી, કાનજીદાદા કાપડી, સુરેન્દ્રસિંહ જાડેજા, જશુભા જાડેજા, દાદુભા ચૌહાણ, કુલદીપસિંહ ડી. ચૌહાણ, નીતિન પટેલ, દીપકભાઈ ડાંગર, રાણાભાઈ ડાંગર, ગિરધરસિંહ ધર્મેન્દ્રસિંહ જાડેજા, રાજેશ ઠક્કર, મયૂરસિંહ જાડેજા સહિત ભાજપના હોદ્દેદારો - કાર્યકરો જોડાયા હતા.

# ખાવડામાં પેટ્રોલ સંકટથી વાહન ચાલકો પરેશાન

ભુજ - કચ્છઉદય : સરહદી વિસ્તાર ખાવડા અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી પેટ્રોલની અછત સર્જાતા સ્થાનિક લોકો, પ્રવાસીઓ તેમજ બહારથી આવતા વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હોવાનું જાણવા મળ્યું છે. ખાવડા ગામના પેટ્રોલપંપો પર પેટ્રોલનો જથ્થો ખૂટી જતાં અનેક ફોર વ્હીલર અને ટુ વ્હીલર વાહનો રસ્તા પર અટવાઈ ગયા હોવાની સ્થિતિ સર્જાઈ છે. મળતી વિગતો મુજબ, ખાવડા વિસ્તારમાં આવેલા ત્રણેય પેટ્રોલ પંપો પર પેટ્રોલ ઉપલબ્ધ ન હોવાથી સવારથી જ વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. પેટ્રોલ મેળવવાની આશાએ અનેક વાહન ચાલકો પંપો પર પહોંચ્યા હતા, પરંતુ ઈંધણ ઉપલબ્ધ ન

**હાઈવે પર બ્લેકમાં વેચાણના આક્ષેપ : પુરવઠા વિભાગનો દાવો કચ્છમાં અછત નથી પણ વાસ્તવિક ચિત્ર એસી ચેમ્બરમાં બેઠેલા અધિકારીઓને કેમ ખબર પડે ?**




હોવાથી તેઓને નિરાશ થઈ પરત ફરવું પડ્યું હતું. કેટલાક વાહનો તો પેટ્રોલ ખૂટી જતાં ખાવડા રોડ પર જ ઊભા રહી ગયા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. ખાસ કરીને તાત્કાલિક સારવાર માટે ખાનગી વાહનોમાં દર્દીઓને લઈ જવાના સંજોગોમાં ઈંધણ ન મળવાથી ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ શકે તેવી ચિંતા લોકો વ્યક્ત કરી રહ્યા છે.

સ્થાનિકોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે હાઈવે પર કેટલાક લોકો દ્વારા પેટ્રોલનું બ્લેક માર્કેટિંગ કરવામાં આવી રહ્યું છે અને પ્રતિ લિટર આશરે ૧૨૫ના ભાવે વેચાણ થતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જોકે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સ્થાનિક નાગરિકોએ જિલ્લા તંત્ર અને સંબંધિત પેટ્રોલિયમ કંપનીઓને તાત્કાલિક ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા માંગ કરી છે. મહત્વનું છે કે, ખાવડા વિસ્તારમાં આરઈ પાર્કના કારણે મોટી સંખ્યામાં ટ્રાન્સપોર્ટ તેમજ અન્ય વાહનોની અવર જવર હોય છે. કચ્છનું તંત્ર સરકારના ગુણગાન ગાઈ અછત ન હોવાનો દાવો કરે છે, પરંતુ વાસ્તવિક ચીત્ર અલગ છે. જો ઈંધણ મળતું હોય તો લોકો લાઈન શું કરવા લગાવે. આજે સમય ઝડપી છે. લોકોને તાત્કાલિક સુવિધાઓ જોઈએ, કોઈને લાઈનમાં ઉભું રહેવાનો શોખ નથી, પરંતુ એસી ચેમ્બરમાં બેઠેલા અધિકારીઓ જ્યારે તડકામાં બહાર નિકળશે ત્યારે વાસ્તવિક સ્થિતિનો અંદાજો આવશે.

# જાત મહેનત ઝીંદાબાદ : ભીરંડિયારામાં ગામના યુવાનોએ પાઈપ સાફ કરતાં ૧૬ દિવસે પાણી આવ્યું





ભુજ - કચ્છઉદય : છેલ્લા ઘણા દિવસથી બન્ની વિસ્તારના મુખ્ય મથક ભીરંડીયારામાં રામદેવપીર મંદિર પાસેની મારવાડા વાસ ખાતે પાણીની તકલીફ સર્જાઈ હતી. સરપંચ ખાનમામદ રાયશી દ્વારા વારંવાર રજૂઆત કરાઈ હતી. ગામના જાગૃત નાગરિકો દ્વારા પાણી ન આવવાનું કારણ શું એના માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. મારવાડા સમાજના યુવાનો અને પૂર્વ સરપંચ દેવાભાઈ મારવાડાએ

**નલ સે જલના પાણી પુરવઠાના દાવા વચ્ચે આજે પણ છેવાડાના ગામોમાં તંત્રના અધિકારીઓ ફરકતા નથી**

મહેનત કરીને ગામમાં વર્ષોથી લાઈનો નાખવામાં આવી છે, તે લાઈનોને સાફ કરવામાં આવી નથી, જેથી યુવાનો દ્વારા લાઈનો ખોદીને સફાઈ કરવામાં આવી હતી. ત્યારે સામે આવ્યું હતું કે, વર્ષો જુની લાઈનમાં સેવાડોનો ડુચો બની ગયો હતો. જે યુવાનો દ્વારા સેવાળનો ડુચો બહાર કાઢતા જ પાણીના પ્રવાહમાં વધારો થઈ ગયો હતો. જેથી પૂર્વ સરપંચ દ્વારા યુવાનોની મહેનત બદલ અભિનંદન પાઠવ્યા હતા. ૧૬ દિવસ પછી પાણી આવતા મારવાડા વાસના લોકોએ ખુશી વ્યક્ત કરી હતી અને યુવાનોની મહેનતને બિરદાવી હતી.

# કોલેજોમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ૧ જુલાઈથી શૈક્ષણિક સત્ર શરૂ થશે

ભુજ - કચ્છ ઉદય : કચ્છ સહિત રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે ત્યારે ઉચ્ચ શિક્ષણ વિભાગે કોમન એકેડેમીક કેલેન્ડર જાહેર કર્યું છે. શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટી માટે મેડિકલ ઈજનેરી ફાર્મસી અને પ્રોફેશનલ કોર્સ સિવાયના અભ્યાસક્રમો માટે યુજીસીના નિયમો મુજબ શૈક્ષણિક કેલેન્ડર દર વર્ષે નિયત કરવામાં આવે છે તે અંતર્ગત જાહેર કરાયેલા આ કેલેન્ડરમાં સનાતક સેમેસ્ટર ત્રણ અને પાંચ તથા અનુસ્નાતક સેમેસ્ટર ત્રણનુ પ્રથમ સત્ર ૧૫મી જૂનથી શરૂ થઈ ગયું છે જે ૧૨ મી ડિસેમ્બર સુધી રહેશે જેમાં પાંચમી નવેમ્બરથી ૨૫મી નવેમ્બર સુધી

**કચ્છ સહિત રાજ્યની યુનિવર્સિટીઓ માટે એકેડેમીક કેલેન્ડર જાહેર કરાયું**

દિવાળી વેકેશન રહેશે. આવી રીતે પહેલું શૈક્ષણિક સત્ર ૧૨૦ દિવસનું રહેશે. યુનિવર્સીટીની આંતરિક મૂલ્યાંકનની પરીક્ષાઓ આઠમી ઓક્ટોબરથી બીજી ડિસેમ્બર દરમિયાન પૂરી કરવાની રહેશે પાંચમી નવેમ્બર થી ૨૫ મી નવેમ્બર સુધી દિવાળી વેકેશન રહેશે.સ્નાતક કક્ષાનું સેમેસ્ટર બે ,ચાર છ અને આઠ તથા અનુસ્નાતક સેમેસ્ટર બે અને ચાર નું દ્વિતીય સત્ર તારીખ ત્રીજી ડિસેમ્બર થી ૨૬ એપ્રિલ ૨૦૨૭સુધી રહેશે. બીજા સત્રની આંતરિક મૂલ્યાંકન યુનિવર્સિટી પરીક્ષાઓ ૨૫ મી માર્ચથી ૨૬ એપ્રિલ ૨૦૨૭ સુધીમાં પૂરી કરવાની રહેશે આ રીતે દ્વિતીય સત્રની સમાપ્તિ ૨૬ એપ્રિલ સુધીમાં થશે અને ઉનાળુ વેકેશન કોલેજો માટે ૨૭મી એપ્રિલ થી ૧૪મી જૂન એમ ૪૯ દિવસો માટે રહેશે જ્યારે યુનિવર્સિટીના સ્ટાફ માટે ૧૧મી મે ૨૦૧૭ ૨૦ થી ૧૪મી જુન ૨૦૨૭ સુધી રહેશે આના પછી નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૭-૨૮ નું નવું શૈક્ષણિક સત્ર ૧૫મી જુન ૨૦૨૭ થી શરૂ થશે.

# નર્મદાનું પાણી પુરતા પ્રેસરથી આજે કચ્છ પહોંચશે

ભુજ - કચ્છઉદય : નર્મદાની લાઈનમાં ભંગાણ થતા અને કેટલોક તાંત્રિક પ્રશ્નો ઉભો થતાં માંડવી શહેર અને તાલુકામાં પાણી વિતરણમાં વિક્ષેપ સર્જાયો હતો. જેથી પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી અને માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે દ્વારા નર્મદાનું પાણી જલ્દી પૂરતા દબાણ સાથે ફરીથી કચ્છને નિયમિત મળતું થઈ જાય તે માટે યોગ્ય રજૂઆતો કરી હતી, જેથી તાત્કાલિક પાણી પુરવઠા વિભાગ દ્વારા તાત્કાલિક પાઈપલાઈનનું ભંગાણ દૂર કરવા માટે

**માંડવીના ધારાસભ્યએ વિભાગમાં રજૂઆત કરતા ત્વરીત પગલાં લેવાતા માંડવી શહેર અને તાલુકામાં પાણી વિતરણ કરાશે**

કાર્યવાહી કરવામાં આવી હતી. જેથી આજથી પાણી નિયમિત અને પૂરતા દબાણથી વિતરણ થાય તે માટે યુદ્ધના ધોરણે પ્રયાસો ચાલુ કરાયા હતા તેના પગલે હવે આજથી માંડવી શહેર અને તાલુકામાં પૂરતા દબાણ સાથે નર્મદાનું પાણી પૂર્વવત થઈ જશે.

# અબડાસા વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર અછત

નખત્રાણા - કચ્છઉદય : ચાલુ વર્ષે ઉનાળાની આકરી અને અસહ્ય ગરમીના કારણે અબડાસા વિધાનસભા મતવિસ્તારના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં પીવાના પાણીની ગંભીર અછત સર્જાઈ છે. આ અંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા અગાઉ પણ પાણી પુરવઠા વિભાગ અને સરકારમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજી સુધી આ વિસ્તારોમાં પીવાના પાણીનો પુરવઠો નિયમિત રીતે ઉપલબ્ધ થઈ શક્યો નથી.

છેલ્લા આશરે પંદર દિવસથી આ પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની ભારે તંગી પ્રવર્તી રહી છે. અબડાસા પંથક એ મુખ્યત્વે પશુપાલન આધારિત વિસ્તાર હોવાથી અહીં પશુધનની સંખ્યા ખૂબ જ નોંધપાત્ર છે. પાણીની



**ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ મુખ્યમંત્રી અને પાણી પુરવઠા મંત્રીને રજૂઆત કરી તાકીદે યોગ્ય પગલાં લેવા કરી માંગ**

આ વિકટ સમસ્યાના કારણે સામાન્ય નાગરિકો ઉપરાંત પશુપાલકો અને પશુધનને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વારંવારની રજૂઆતો કરવા છતાં આ પ્રશ્નનું કોઈ અસરકારક અને કાયમી નિરાકરણ ન આવતાં સ્થાનિક જનતામાં વ્યાપક અસંતોષની લાગણી જોવા મળી રહી છે.

આ સમગ્ર ગંભીર બાબતને ધ્યાને લઈને ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ તેમજ કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી કાંતિલાલભાઈ અમૃતિયાને રજુઆત કરી છે. તેમણે આ પ્રશ્નને અત્યંત તાકીદનો ગણી નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં પીવાના પાણીનો પૂરતો અને નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે જરૂરી વહીવટી કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે.

# ગોડઝિલા એલ નીનોનો ગુજરાત અને કચ્છ માટે મોટો પડકાર

**કચ્છમાં સામાન્ય રીતે ૩૦૦-૩૫૦ મિમી વરસાદ પડે છે પણ એલ નીનોના કારણે આ વર્ષે ૨૫૦ મિમીની નીચે રહેવાની સંભાવના : ભુજ, અંજાર, માંડવી અને રાપરમાં બાજરી અને જુવાર જેવા ઓછા પાણી માગતા પાક પણ જોખમ : કચ્છના પશુપાલકો માટે ઘાસચારાની બેંક બનાવવાની તૈયારી ચાલી રહી છે અને ખેડૂતોને વહેલી વાવણી તથા ટૂંકા ગાળાના બિયારણ વાપરવાની સલાહ અપાઈ**

ભુજ - કચ્છઉદય : પેસિફિક મહાસાગરમાં જે હવામાનની ઘટના દાયકાઓમાં માત્ર છઠ્ઠીવાર બને છે તે હવે સત્તાવાર રીતે કન્ફર્મ થઈ ગઈ છે. જૂન ૨૦૨૬માં ન્યુટ્રલ રહેલી સ્થિતિ બદલાઈને હવે ગોડઝિલા એલ નીનોમાં ફેરવાઈ રહી છે. હવામાન વિજ્ઞાનીઓ આને ગોડઝિલા એલ નીનો કહે છે કારણ કે નીનો ૩.૪ ક્ષેત્રમાં સમુદ્રની સપાટીનું તાપમાન ૦.૫ સે.ની મર્યાદા ક્રોસ કરીને +૨.૧ સેલ્સ. સુધી પહોંચી રહ્યું છે. ૧૯૯૭ અને ૨૦૧૫ પછી આટલો જોરદાર એલ નીનો બન્યો છે અને તેની અસર સીધી ભારતના ચોમાસા પર પડી રહી છે. આઈએમડીના તાજા અહેવાલ મુજબ આ ગોડઝિલા એલ નીનો સપ્ટેમ્બરના અંત સુધીમાં પોતાની ટોચ પર પહોંચશે અને ચોમાસાના છેલ્લા મહિને તેનું જોર સૌથી વધુ દેખાશે.

ગુજરાત માટે આ સમાચાર ચિંતા વધારનારા છે. આઈએમડીએ ચોમાસાની વરસાદની આગાહી ૯૦% એલઆરપી પર લાવી દીધી છે. એટલે કે સામાન્ય કરતાં ૧૦% ઓછો વરસાદ પડી રહ્યો છે. આ ઘટાડો ખાસ કરીને ગુજરાતના ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભાગમાં દેખાઈ રહ્યો છે. ઝઘડિયા, ભરૂચ, વડોદરા અને અમદાવાદના ખેડૂતો માટે કપાસ, મગફળી અને તુવેરના પાક પર અસર થઈ રહી છે.

કચ્છની વાત કરીએ તો સ્થિતિ વધુ કઠિન બની રહી છે. કચ્છમાં સામાન્ય રીતે ૩૦૦-૩૫૦ મિમી વરસાદ પડે છે પણ ગોડઝિલા એલ નીનોના વર્ષે તે ૨૫૦ મિમીની નીચે જઈ રહ્યો છે. ભુજ, અંજાર, માંડવી અને રાપરમાં બાજરી અને જુવાર જેવા ઓછા પાણી માગતા પાક પણ જોખમમાં આવી રહ્યા છે. ગરમી પણ અસામાન્ય રહી રહી છે. કચ્છના રણમાં જૂન-જુલાઈમાં ૪૪-૪૬ મહતમ તાપમા સુધી તાપમાન નોંધાઈ રહ્યું છે અને હવામાન વિભાગે હીટવેવનો રેડ એલર્ટ આપ્યો છે. આટલી ગરમીથી જમીનનો ભેજ ઝડપથી ઉડી જઈ રહ્યો છે અને ખારાશની સમસ્યા વધુ વકરી રહી છે. દરિયાકાંઠે માછીમારી પર પણ અસર પડી રહી છે કારણ કે દરિયાનું પાણી ગરમ થવાથી માછલીની હિલચાલ બદલાઈ રહી છે.

આ વખતે ગોડઝિલા એલ નીનોની અસર વધુ તીવ્ર બનવાનું કારણ એ છે કે ઈન્ડિયન ઓશન ડાયપોલ ન્યુટ્રલ ફેઝમાં છે. સામાન્ય રીતે પોઝિટિવ આઈઓડી એલ નીનોની ખરાબ અસરને થોડી સંતુલિત કરે છે પણ આ વખતે એવું કોઈ મદદરૂપ પરિબળ નથી એટલે જ ચોમાસાની શરૂઆત મોડી થઈ અને જૂનનો વરસાદ પણ નીચે રહ્યો.

આર્થિક રીતે પણ અસર દેખાઈ રહી છે. બ્રોકરેજ રિપોર્ટ કહે છે કે એલ નીનો અને જિયોપોલિટિકલ તણાવને કારણે ૨૦૨૬-૨૭ના અંતમાં ખાદ્ય મોંઘવારી આરબીઆઈના ૬%ના ઉપલા બેન્ડને વટાવી રહી છે. દાળ અને ખાદ્ય તેલના ભાવ વધી રહ્યા છે. પણ આ બધાની વચ્ચે રાહતની વાત એ છે કે સરકાર અને હવામાન વિભાગ તૈયારી સાથે છે. આઈએમડીના ડાયરેક્ટર જનરલ ડો. મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે ગભરાવાની જરૂર નથી કારણ કે આગોતરી માહિતી મળી ગઈ છે. દેશના ૫૫% ખેતી વિસ્તાર હવે સિંચિત છે અને જળાશયોમાં પાણીનો સંગ્રહ સારો છે. કેન્દ્ર સરકારે ઓછા વરસાદવાળા જિલ્લાઓ માટે ખાસ મોનિટરિંગ શરૂ કર્યું છે. ખેતીવાડી વિભાગે બિયારણ, ભેજ સંરક્ષણ અને વૈકલ્પિક પાકની યોજના બનાવી રહ્યું છે.

કચ્છના પશુપાલકો માટે ઘાસચારાની બેંક બનાવવાની તૈયારી ચાલી રહી છે અને ખેડૂતોને વહેલી વાવણી તથા ટૂંકા ગાળાના બિયારણ વાપરવાની સલાહ અપાઈ રહી છે. ટૂંકમાં ગોડઝિલા એલ નીનો ગુજરાત અને કચ્છ માટે પડકાર છે. વરસાદ ઓછો અને ગરમી વધુ રહી રહી છે પણ આયોજનથી નુકસાન ઓછું કરી શકાય છે.

# ધો.૧૦ ગુજરાતીની પૂરક પરીક્ષામાં ૩૭૧ વિદ્યાર્થીઓ રહ્યા ગેરહાજર

ભુજ - કચ્છઉદય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાઓમાં આજે સવારના સત્રમાં વિવિધ વિષયોની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવામાં આવી હતી, ધોરણ ૧૦ ગુજરાતી પ્રથમ ભાષાના પેપરમાં નોંધાયેલા કુલ ૭૯૪ વિદ્યાર્થીઓમાંથી ૪૨૩ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જ્યારે ૩૭૧ વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. હિન્દી પ્રથમ ભાષાની પરીક્ષામાં કુલ ૩૩ વિદ્યાર્થીઓમાંથી ૧૮ હાજર અને ૧૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત, અંગ્રેજી પ્રથમ ભાષાના પેપરમાં કુલ ૭૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૪૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૨૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સવારના સત્રમાં નામાંના મૂળતત્વો વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. આ વિષયમાં કુલ ૩૧૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૨૪૯ વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર હાજર રહ્યા હતા અને ૬૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

# મહિલા કારીગરો માટે સ્વરોજગારની સુવર્ણ તક

ભુજ - કચ્છઉદય : રાજ્યની મહિલા કારીગરોને પોતાના ઉત્પાદનો માટે વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવા અને તેમને આર્થિક રીતે વધુ સશક્ત બનાવવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ દ્વારા વિવિધ શહેરોમાં પ્રદર્શન સહ-વેચાણ મેળાઓનું આયોજન કરવામાં આવનાર છે. આ મેળાઓમાં મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવતી હસ્તકલા, પરંપરાગત કળાકૃતિઓ, ઘરગથ્થુ ઉપયોગની વસ્તુઓ તથા અન્ય સ્વનિર્મિત ઉત્પાદનોને પ્રદર્શિત અને વેચાણ કરવાની તક મળશે. મહિલા કારીગરોને ગ્રાહકો સાથે સીધું જોડાણ મળે અને તેમના ઉત્પાદનોને રાજ્યભરમાં ઓળખ મળે તે હેતુથી નિગમે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ કરી છે. પાત્ર મહિલા કારીગરોએ પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. નોંધણી બાદ તેની જાણ જિલ્લા મહિલા અને બાળ કચેરીને કરવાની રહેશે. જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન દવે દ્વારા કચ્છ જિલ્લાની તમામ પાત્ર મહિલા કારીગરોને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે જિલ્લા સેવા સદન, મુન્દ્રા રોડ, ભુજ સ્થિત કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

# અબડાસામાં ફ્લાઈંગ સ્ક્વોડનું મેગા ઓપરેશન : નુંધાતડ પટ્ટામાં મોટી ખનીજ ચોરીનો ભાંડો ફૂટવાની શક્યતા

**મેહુલ શાહની ટીમે મધરાતથી બપોર સુધી ચલાવ્યું ઓપરેશન : ખનીજ માફિયાઓમાં ફફડાટ : રોયલ્ટી ચોરી અને ગેરકાયદે ખનનના મોટા રેકેટના ખુલાસાની શક્યતા, કાયદાકીય કાર્યવાહી માટે તંત્ર સજ્જ: નુંધાતડ વિસ્તારમાં સીધી રેડથી ખનીજચોરોમાં દોડધામ, મશીનો લીઝ વિસ્તારની અંદર ખસેડવાની પેરવી કરી હોવાના આક્ષેપો**

**નુંધાતડ વિસ્તારમાં ખનીજ માફીયાઓ સામે આંખ પણ ઉંચી કરવાની કોઈ હિમંત નથી કરતુ, દરોડો પાડવો કે સ્થળ પર જઈને કાર્યવાહી કરવાની તો વાત જ કયાં આવી? આવામાં ફલાઈટ સ્કવોર્ડની ટીમ મેહુલ શાહે દર્શાવેલી બહાદુરીએ સાબિત કર્યુ છે કે, શેરના માથે સવાસેર હોય જ છે..!**

## ફ્લાઈંગની ટીમ ત્રાટકી તો સ્થાનિક તંત્ર, ખનીજ, પોલીસ કેમ નિંદ્રામાં?

**હવે તપાસ આગળ વધતાં માત્ર ખનીજ ચોરી જ નહીં પરંતુ તેના પાછળ કાર્યરત સમગ્ર નેટવર્ક અને તેની સામે જવાબદાર વિભાગોની ભૂમિકા અંગે પણ અનેક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવે તેવી શક્યતા**

ગાંધીધામ : આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટો સવાલ વિવિધ સરકારી વિભાગોની જવાબદારીને લઈને ઊભો થયો છે. પશ્ચિમ કચ્છ ખાણ અને ખનીજ વિભાગની પ્રાથમિક જવાબદારી ગેરકાયદે ખનન, રોયલ્ટી ચોરી અને લીઝ શરતોના ભંગ સામે કાર્યવાહી કરવાની છે. જો લાંબા સમયથી ગેરકાયદે ખનન ચાલતું હોય તો તેની નિયમિત દેખરેખ અને ચકાસણી અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.મહેસૂલ વિભાગની જવાબદારી સરકારી જમીનો, તળાવ અને અન્ય જાહેર મિલકતો પર થતી ગેરકાયદે પ્રવૃત્તિઓ પર નજર રાખવાની છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા મંજૂર થયેલા કામો અને સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ વચ્ચે સુસંગતતા જળવાઈ રહી છે કે નહીં તેની ચકાસણી કરવી જરૂરી બને છે. જો મંજૂરીની આડમાં ખનીજનું ગેરકાયદે ઉત્ખનન થતું હોય તો તેની જવાબદારી નક્કી કરવાની માંગ પણ ઉઠી રહી છે.પોલીસ વિભાગની ભૂમિકા પણ એટલી જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ગેરકાયદે ખનન, ખનીજના બિનઅધિકૃત પરિવહન અને સરકારી આવકને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવી પોલીસની ફરજ છે. જો ખનીજ ચોરીનું સંગઠિત નેટવર્ક કાર્યરત હોય તો તેમાં સંકળાયેલા તમામ તત્વો સામે ગુનાહિત કાર્યવાહી કરવી જરૂરી બને છે.ફ્લાઈંગ સ્ક્વોડની આ કાર્યવાહીથી નોંધાતળ સહિત સમગ્ર વિસ્તારમાં ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. હવે તપાસ આગળ વધતાં માત્ર ખનીજ ચોરી જ નહીં પરંતુ તેના પાછળ કાર્યરત સમગ્ર નેટવર્ક અને તેની સામે જવાબદાર વિભાગોની ભૂમિકા અંગે પણ અનેક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગાંધીધામ :અબડાસા તાલુકાના નુંધાતડ ખનીજ પટ્ટામાં રાજ્ય સરકારની ફ્લાઈંગ સ્ક્વોડ ટીમ દ્વારા હાથ ધરાયેલ મેગા ઓપરેશનથી ખનીજ માફિયાઓમાં ભારે દોડધામ મચી ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ફ્લાઈંગ સ્ક્વોડના મેહુલ શાહની આગેવાની હેઠળની ટીમે રાત્રીના ૧૨ વાગ્યાથી લઈને બપોર સુધી સતત કાર્યવાહી ચલાવી ખનીજ ચોરી સામે કડક વલણ અપનાવ્યું હતું.ચર્ચા મુજબ, અગાઉ પણ ખનીજ ચોરીના અનેક પ્રકરણોમાં જે મશીનો ઝડપાઈ ચૂક્યા છે અને જે કેસો હાલમાં કોર્ટમાં વિચારાધીન છે, તે જ જૂથ સાથે સંકળાયેલા મશીનો ફરી એકવાર નોંધાતળ વિસ્તારમાં શંકાસ્પદ સ્થિતિમાં જોવા મળ્યા હતા. ફ્લાઈંગ સ્ક્વોડની ટીમ બાજ નજર રાખીને ખનીજ ચોરી પકડવા માટે સ્થળ પર ધસી જતા સંકળાયેલા તત્વોએ ઉતાવળમાં પોતાના મશીનો હટાવી કેટલાક સાધનો લીઝ વિસ્તારની અંદર ખસેડવાની પેરવી કરી હોવાની ચર્ચા ચાલી રહી છે.નોંધનીય છે કે નોંધાતળ જેવા સંવેદનશીલ વિસ્તારમાં સ્થળ પર પહોંચી સીધી રેડ પાડવાની હિંમત અત્યાર સુધી બહુ ઓછી એજન્સીઓએ કરી છે. ત્યારે ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહી ખનીજ ચોરી અને રોયલ્ટી ચોરીના ગેરકાયદે કારોબાર સામે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.સૂત્રોના જણાવ્યા મુજબ ભુજ વિસ્તાર સાથે સંકળાયેલા કેટલાક જૂના ખનીજચોરોના નેટવર્કની પણ તપાસ ચાલી રહી છે અને લાંબા સમયથી ચાલી આવતી ખનીજ ચોરી તથા રોયલ્ટી ચોરીના મોટા કૌભાંડનો પર્દાફાશ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલે સંબંધિત તત્વો સામે કાયદાકીય કાર્યવાહી માટે પણ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.ખનીજ વિભાગ અને ફ્લાઈંગ સ્ક્વોડની આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે, જ્યારે સાંજ સુધીમાં વધુ ચોંકાવનારા ખુલાસાઓ સામે આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ખીરસરા-વિંજાણ પટ્ટામાં તળાવના નામે ખનીજ ચોરીની ચર્ચા ગરમ

**જે સ્થળોએ તળાવ માટે મંજૂરી આપવામાં આવી હોવાનું દર્શાવવામાં આવે છે, ત્યાં હજુ સુધી જરૂરી જમીનની કેજીપી (KGP) સહિતની પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ન હોવા છતાં મોટા પ્રમાણમાં ખનીજનું ઉત્ખનન અને પરિવહન કરવામાં આવી રહ્યું હોવાના આક્ષેપા**

ગાંધીધામ : અબડાસા તાલુકાના ખીરસરા-વિંજાણ પટ્ટામાં તળાવ ખોદકામના નામે મોટા પાયે ખનીજ ચોરી ચાલી રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ જે સ્થળોએ તળાવ માટે મંજૂરી આપવામાં આવી હોવાનું દર્શાવવામાં આવે છે, ત્યાં હજુ સુધી જરૂરી જમીનની કેજીપી (KGP) સહિતની પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ન હોવા છતાં મોટા પ્રમાણમાં ખનીજનું ઉત્ખનન અને પરિવહન કરવામાં આવી રહ્યું હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.સ્થાનિક વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે તળાવ વિકાસની આડમાં કિંમતી ખનીજનું ગેરકાયદે ખનન કરીને સરકારી રોયલ્ટીને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. જો ખનિજ વિભાગ, ફ્લાઈંગ સ્ક્વોડ અને જિલ્લા તંત્ર દ્વારા સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો ખનીજ ચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ થવાની અને અનેક ચોંકાવનારા ખુલાસા સામે આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ખનીજચોરો કેવા માથાભારે બની ગયા છે જુઓ તો ખરા?

**શું ખનીજ માફિયાઓ એટલા પ્રભાવશાળી બની ગયા છે કે તેઓ કાર્યવાહી પહેલાં જ પુરાવા હટાવી દેવાની સ્થિતિમાં છે?**

ગાંધીધામ : નોંધાતળ વિસ્તારમાં ફ્લાઈંગ સ્ક્વોડની કાર્યવાહી દરમિયાન સામે આવેલી વિગતો અનેક સવાલો ઊભા કરી રહી છે. ચર્ચા મુજબ, રાજકોટથી આવેલી ફ્લાઈંગ સ્ક્વોડ જેવી અનુભવી ટીમ ખનીજ ચોરી પકડવા માટે સ્થળ તરફ આગળ વધી રહી હોવાની જાણકારી ખનીજ ચોરોને અગાઉથી જ મળી ગઈ હતી. પરિણામે ટીમ સ્થળ પર પહોંચે તે પહેલાં જ સંકળાયેલા તત્વોએ પોતાના મશીનો દોડાવીને ત્યાંથી હટાવી દીધા અને કેટલાક મશીનોને પોતાની મંજૂર લીઝ વિસ્તાર તરફ ખસેડવાની પેરવી કરી હોવાની ચર્ચા ચાલી રહી છે.જો આ ચર્ચાઓમાં સત્યતા હોય તો સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે સરકારી ટીમની હિલચાલની માહિતી ખનીજ ચોરો સુધી અગાઉથી કેવી રીતે પહોંચી? શું ખનીજ માફિયાઓ એટલા પ્રભાવશાળી બની ગયા છે કે તેઓ કાર્યવાહી પહેલાં જ પુરાવા હટાવી દેવાની સ્થિતિમાં છે? સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે આવા માથાભારે અને સંગઠિત ખનીજ ચોરો સામે સમયસર અને કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો ભવિષ્યમાં ખનીજ માફિયાઓ વધુ બેફામ બની શકે છે. સરકારી તંત્રની કામગીરીને પડકારતી આવી પ્રવૃત્તિઓ માત્ર રોયલ્ટી ચોરી પૂરતી મર્યાદિત નથી, પરંતુ કાયદા અને શાસનની અસરકારકતા સામે પણ ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. હવે તપાસ એ દિશામાં પણ થવી જરૂરી બની છે કે કાર્યવાહી અંગેની માહિતી લીક ક્યાંથી થઈ અને તેના માટે જવાબદાર કોણ છે.

## ભચાઉમાં એસઓજીનો સપાટો : ૧૮.૫૫ લાખના ૩૭ કિલો ગાંજા સાથે બે આરોપી ઝડપાયા

ગાંધીધામ : પૂર્વ કચ્છ પોલીસના "NO DRUGS IN EAST KUTCH CAMPAIGN" અંતર્ગત એસઓજી ગાંધીધામની ટીમે ભચાઉ નજીક નંદગામ વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી ૩૭.૧૦૦ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. ખાનગી બાતમીના આધારે રામદેવ હોટલ પાસે કરાયેલી તપાસ દરમિયાન આરોપીઓના કબજામાંથી અંદાજિત ૧૮.૫૫ લાખનો ગાંજો મળી આવ્યો હતો.ઝડપાયેલા આરોપીઓની ઓળખ રૂદ્રપ્રધાન બાબુલાલ પ્રધાન અને પિન્ટુદાસ બંસીધરદાસ તરીકે થઈ છે, જે બંને ઓડિશા રાજ્યના રહેવાસી છે. પોલીસે ગાંજા ઉપરાંત મોબાઈલ ફોન, રોકડ રકમ અને અન્ય સામગ્રી સહિત કુલ ૧૮.૬૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.આ મામલે આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ માટે ભચાઉ પોલીસને સોંપવામાં આવ્યો છે. કાર્યવાહી એસઓજીના ઈન્ચાર્જ પી.આઈ. બી.વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી.






## રેડ ક્રોસની સેવાઓ અને કામગીરીને વંદન

**"માનવતા એજ સાચો ધર્મ છે"** એ મંત્ર પર નિષ્પક્ષ અને તટસ્થ રહી લોકોની સ્વૈચ્છિક સેવા દ્વારા સ્વતંત્ર રીતે સમગ્ર સમાજ માટે કાર્ય કરતી અને વૈશ્વિક ઓળખ ધરાવતી તથા **સમગ્ર ભારતમાં સર્વ શ્રેષ્ઠ રાજ્ય શાખાનો એવોર્ડ જીતનાર ગુજરાત રેડ ક્રોસના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ અને સર્વ શ્રેષ્ઠ બ્લડ સેન્ટરનો એવોર્ડ જીતનારી અમદાવાદ રેડ ક્રોસ સંસ્થાના ચેરમેન એમિરેટ્સ શ્રી મુકેશભાઈ પટેલ અને સમગ્ર રેડ ક્રોસ ટીમ**ને વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન.



ભારતનું સૌથી વિશાળ અને અદ્યતન બ્લડ સેન્ટર

**રેડ ક્રોસ-અમદાવાદ**

- **100 % સ્વૈચ્છિક રક્તદાન**
- રક્તની અવેજીમાં રક્ત જમા કરાવ્યા વિના રક્ત
- સર્વોચ્ચ ગુણવત્તા વાળુ NAT ટેસ્ટિંગ રક્ત
- ગુજરાતનું સર્વ પ્રથમ એક્સરે ઈરેડિયેશન ધરાવતું બ્લડ સેન્ટર
- AABB 2.0 એક્રેડિટેશન ધરાવતી વિશ્વનું સર્વ પ્રથમ બ્લડ સેન્ટર
- થેલેસેમિયા સિકલસેલ એનેમીયા અને ગરીબ દર્દીઓને નિઃશુલ્ક રક્ત
- સેન્ચુરીયન ડોનર ક્લબમાં 146 શતકવીર રક્તદાતાઓ
- 5 મહિલા શતકવીર રક્તદાતા
- 2 સેન્ચુરીયન રક્તદાતા દંપતી
- 3 ડબલ સેન્ચુરીયન રક્તદાતા
- થેલેસેમિયા મેજર 1250 થી વધુ બાળકોની સંભાળ

**રેડ ક્રોસ - ગુજરાત**

- 33 જિલ્લા અને 98 તાલુકા શાખા
- 26 બ્લડ સેન્ટર
- વર્ષ 2025-26માં 200000થી વધુ સ્વૈચ્છિક રક્તદાન સમગ્ર ગુજરાતના 20% રક્ત રેડ ક્રોસ દ્વારા એકત્રિત કરાયું
- 75 બ્લડ સ્ટોરેજ સેન્ટર
- બ્લડ મોબાઈલ વેન
- થેલેસેમિયા અને સિકલસેલ પ્રિવેન્શન પ્રોગ્રામ હેઠળ 42 લાખ થી વિદ્યાર્થીઓની તપાસ
- સર્વાઈકલ કેન્સર અને સ્તન કેન્સર માટે 20,000 કરતા વધુ મહિલાઓની તપાસ
- 88 પ્રધાન મંત્રી જન ઔષધિ કેન્દ્રો
- 17 ફિઝિયોથેરાપી સેન્ટર
- 12 ડેન્ટલ ક્લિનિક
- 15 રાહત દરે પેથોલોજી લેબોરેટરી
- 34000 ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્વયંસેવકો
- 500000 થી વધુ ફર્સ્ટ એડ ટ્રેઈનિંગ
- 400000 થી વધુ જુનિયર રેડ ક્રોસ અને યુથ રેડ ક્રોસ મેમ્બર્સ
- વાત્સલ્ય સિનિયર સીટીઝન હોમ
- આર્ટીફીસીયલ લિમ્બ સેન્ટર
- 5000 થી વધુ થેલેસેમિયા બાળકો ની સારવાર

**•15 બ્લડ સેન્ટર NABH એક્રેડિટેશન**

**છેલ્લા 63 વર્ષમાં અમદાવાદ માં 63.05 લાખ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું**

INDIAN RED CROSS SOCIETY
GUJARAT STATE BRANCH
Blood Bank and Much More

Red Cross Bhavan, Near Khadi Gram Udhyog Board,
Ashram Road, Old Wadaj, Ahmedabad - 380013.


## કચ્છમાં જળસંચયના નામે કરોડોનું 'ખનીજ કૌભાંડ'

**કરોડોના જળસંચયના કામો તળાવ અને ડેમ માત્ર ખનીજવાળી જમીનો પર જ કેમ મંજૂર થાય છે? : કચ્છના પ્રબુદ્ધ નાગરિકોનો વેદક સવાલ**

**અબડાસાના ખીરસરા વિઝાણ ગામે બેન્ટોનાઇટ ચોરીની નવી 'સફેદ મોડસ ઓપરેન્ડી'નો પર્દાફાશ : સરકારી રોયલ્ટીના ઓથા હેઠળ દસ ગણો માલ બારોબાર સગેવગે કરવાનું ઉપરથી નીચે સુધીનું મિલીભગતનું મોટું નેટવર્ક સક્રિય : અમુક ગામોમાં સાથરી જમીન બેઠી નથી અને ખનનની મંજુરી કેવી રીતે મળી..? અબડાસા પ્રાત અને કચ્છ કલેક્ટર તપાસ કરાવશે..?**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં પાણીની અછત અને જળસંચયના પવિત્ર નામે ખનીજ માફિયાઓ દ્વારા આચરવામાં આવી રહેલું કરોડો રૂપિયાનું આયોજનબદ્ધ કૌભાંડ હવે ચર્ચાનો વિષય બન્યું છે. સમગ્ર જિલ્લામાં એક ચોંકાવનારો સવાલ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે કે, કચ્છમાં સરકારી તળાવો અને ડેમ માત્ર એવા જ વિસ્તારો કે ગામોમાં કેમ મંજૂર થાય છે જ્યાં વિપુલ પ્રમાણમાં કિંમતી ખનીજ ભરેલું હોય? જે ગામો ખરેખર પાણીની તંગીનો સામનો કરી રહ્યા છે પરંતુ ત્યાં જમીનની અંદર કોઈ ખનીજ નથી, તેવા ગામોમાં તળાવો કે ડેમ મંજૂર કરાવવા માટે વર્ષો સુધી ધક્કા ખાવા પડે છે, જ્યારે ખનીજથી સમૃદ્ધ જમીનો પર રાતોરાત તળાવ ખોદવાની મંજૂરીઓ મળી જાય છે. આ કોઈ સંયોગ નથી, પરંતુ ખનીજ માફિયાઓ દ્વારા જનતા અને સરકારની આંખોમાં ધૂળ નાખીને આચરવામાં આવી રહેલી ખનીજ ચોરીની એક અત્યંત ચાલાકીભરી 'સફેદ મોડસ ઓપરેન્ડી' છે. પવન ચકકી કે અન્ય કોઈ કામ ખાનગી કે સરકારી કામ થતા હોય તો ખાણ ખનીજ એનઓસી લેવામાં આવે છે કે નીચ ખનીજ નથી તો પછી તળાવમાં આ ઓનઓસી નહી લેવામાં આવતી હશે..? કે પછી અન્ય કોઈ કારણ હશે..?

આ સમગ્ર કૌભાંડની શૈલી સમજવા જેવી છે. ખનીજ માફિયાઓ તંત્ર સાથે મિલીભગત કરીને જે તે ગામમાં તળાવ કે ડેમ ઊંડો કરવાનો અથવા નવો બનાવવાનો પ્રસ્તાવ પાસ કરાવી લે છે. એકવાર તળાવ મંજૂર થઈ જાય એટલે નિયમ મુજબ ખનીજ ખોદવાની અને તેના પરિવહનની સરકારી રોયલ્ટી મળી જાય છે. આ રોયલ્ટી મળવાને કારણે કાયદાકીય રીતે કોઈ તેમને નડી શકતું નથી. પરંતુ આ રોયલ્ટી તો માત્ર દેખાડવા પૂરતી હોય છે. વાસ્તવિકતા એ છે કે ડેમ કે તળાવના નામે જેટલા ટન માલની સત્તાવાર રોયલ્ટી ચૂકવવામાં આવે છે, તેનાથી દસ ગણો કિંમતી માલ કોઈપણ જાતની પરવાનગી વગર બારોબાર કાઢીને ગેરકાયદેસર રીતે વહન કરી વેચી મારવામાં આવે છે. સૌથી ગંભીર બાબત એ છે કે, ડેમ મંજૂર કર્યા પછી તંત્ર દ્વારા ક્યારેય એ માપણી કરવામાં આવતી નથી કે સ્થળ પરથી કેટલા ટન માલ કાઢવામાં આવ્યો અને કેટલી રોયલ્ટી ચૂકવાઈ. કેટલું ઉવર બરડન હતો તે ક્યાં છે. આ ખુલ્લેઆમ થતી લૂંટમાં ઉપરથી નીચે સુધીના અધિકારીઓની મિલીભગત અને આશીર્વાદ હોવાના કારણે કરોડો રૂપિયાનું કૌભાંડ બેરોકટોક ચાલી રહ્યું છે.

તાજેતરમાં જ લખપત - અબડાસા અને માંડવી તાલુકાના કેટલાક ગામોમાં જળસ્રાવ, સિંચાઈ, તળાવ, ડેમો સહિત અનેક યોજનાઓના નામે ખનીજનું ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે. તો બીજી તરફ અબડાસાના ખીરસરા વિઝાણ ગામે આ જ પેંતરા હેઠળ બેન્ટોનાઈટ ખનીજની ચોરી કરવા માટે તળાવો મંજૂર કરાવી લેવાયા હોવાનો પર્દાફાશ થયો છે. કેટલાક ગામોમાં સાથરીની જમીન બેડેલી નથી તો ત્યાં તળાવ પાસ થઈ ગયા..? તે કેવી રીતે..? તેની પણ તપાસ થાય તેવી લોકા ઈચ્છી રહ્યા છે. આવા અનેક ગામોમાં પાણી સંગ્રહ કરવાનો હેતુ ગૌણ છે અને જમીનના પેટાળમાં રહેલું કિંમતી બેન્ટોનાઈટ ખનીજ બારોબાર સગેવગે કરવાનો ઈરાદો મુખ્ય છે. આટલું જ નહીં, હજુ પણ આવી અનેક શંકાસ્પદ ફાઈલો મંજૂરી મેળવવા માટે લાઈનમાં પડી હોવાની આધારભૂત વિગતો મળી રહી છે. આ ખનીજ માફિયાઓ એટલા ચાલાક છે કે તેઓ જમીનના કાગળોમાં પણ ગેરરીતિ આચરે છે. ખનીજવાળી સરકારી જમીન કે ગૌચરની જમીન પચાવી પાડવા માટે ૭/૧૨ ના દસ્તાવેજો કોઈ અન્ય જગ્યાના બતાવીને, મંજૂરી કોઈ બીજી જ ખનીજ સમૃદ્ધ જગ્યા પર મેળવી લેવામાં આવતી હોવાની પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે. આવા સંજોગોમાં જે તે ગામના જાગૃત નાગરિકોએ આગળ આવીને પોતાના ગામની ગૌચર જમીન બચાવવા અને આવા બોગસ કામો પર કડક નજર રાખવી અનિવાર્ય બની ગઈ છે.

જો તંત્ર ખરેખર પ્રમાણિક હોય તો આ લૂંટ રોકી શકાય તેમ છે. આવા ડેમ કે તળાવમાંથી નીકળતા કિંમતી ખનીજ પર સરકારી તંત્રએ પોતાની બાજ નજર રાખવી જોઈએ અને આ ખનીજ માફિયાઓને પધરાવી દેવાને બદલે સરકાર હસ્તક લઈને તેની ખુલ્લી હરાજી કરવી જોઈએ. કચ્છના જાગૃત નાગરિકો વધુમાં જણાવે છે કે, જો તળાવમાંથી નીકળતા તમામ ખનીજનું વેચાણ સરકારી હરાજી દ્વારા કરવામાં આવે તો ખનીજ ચોરીનો આ નવો કિમીયો કાયમ માટે બંધ થઈ જાય અને સરકારની તિજોરીમાં કરોડો રૂપિયાની કાયદેસરની આવકનો ઉમેરો થાય. હવે જોવાનું એ રહે છે કે અબડાસા સહિત સમગ્ર કચ્છમાં ચાલી રહેલી જળસંચયના નામે આ ખનીજ લૂંટ સામે ઉચ્ચ વહીવટી તંત્ર કડક હાથ કામ લે છે કે પછી માફિયાઓ સાથેની આ કથિત મિલીભગત આમ જ ચાલુ રહેશે.

## રાપરમાં સગીરાનું અપહરણ કરી શારીરિક અડપલાં કરાતા ચકચારઃ પોકસો તળે ફરિયાદ

રાપરઃ રાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક સગીર વયની દીકરીનું અપહરણ કરી તેની મરજી વિરુદ્ધ છેડતી અને શારીરિક અડપલાં કરવા અંગે બે શખ્સો સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.ફરિયાદ અનુસાર, આ કામના આરોપીઓએ ફરિયાદીની સગીર વયની દીકરીનું મોટરસાયકલ પર અપહરણ કર્યું હતું. ત્યારબાદ આરોપીએ તેણીની મરજી વિરુદ્ધ છેડતી તેમજ શારીરિક અડપલાં કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે અન્ય એક આરોપીએ આ ગુનો આચરવામાં મદદગારી કરી હોવાનું સામે આવ્યું છે. આરોપીઓના ડર અને આ ગંભીર ઘટનાના આઘાતને કારણે પીડિતાએ ઝેરી દવા પી લેતા તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાપર સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જ્યાં પ્રાથમિક સારવાર બાદ ફરજ પરના તબીબે વધુ સારવાર માટે ભુજ સરકારી હોસ્પિટલ ખાતે રી-ફર કરી છે. આ મામલે રાપર પોલીસે આરોપીઓ વિરુદ્ધ BNS કલમ ૧૩૭(૨), ૫૪, ૩૫૧(૩) તથા પોક્સો એક્ટ કલમ ૧૨, ૧૮ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. હાલમાં આ કેસની તપાસ ચાલુ છે.